શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

SEPT '07



૧૦ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીના અલૌકિક દર્શન.

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧


Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1




૧૫મી ઓગષ્ટના સર્વોપરિ શ્રી નરનારાયણદેવના
અલૌકિક દર્શન



સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શ્રાવણ માસમાં સૂકામેવાના
હિંડોળા દર્શન દર્શન



શ્રાવણ માસમાં અમદાવાદ મંદિરમાં ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજના ફૂલના હિંડોળા દર્શન તથા બાલ સ્વરૂપ ઘનશ્યામ
મહારાજના સૂકામેવા અને ચલણી નોટોના હિંડોળા દર્શન અને રંગ મહોલ ઘનશ્યામ મહારાજના સૂકામેવાના હિંડોળા દર્શન



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી
(મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧ અંક : ૫ સપ્ટેમ્બર - ૨૦૦૭

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	"આનંદની હેલી" : વાણી-જાણે દાંતે ચોકઠું !	૪
૪.	ટોપીવાલાને સત્સંગનો ગુણ	૫
૫.	એકજ ઈમાન	૭
૬.	સદાચાર ધર્મનો શ્રીહરિનો સંદેશ	૯
૭.	મૂળી મંદિરના કવિશ્રી દેવાનંદ સ્વામી	૧૦
૮.	આપણા સંપ્રદાયમાં હિંડોળાની પરંપરા	૧૨
૯.	મહારાજે મંત્રસિદ્ધ મગનીરામનું માનસ પરિવર્તન કર્યું	૧૪
૧૦.	સત્સંગીના રોટલા	૧૫
૧૧.	ISSO નો ઈતિહાસ	૧૭
૧૨.	સત્સંગ સુરભિ: "સંસાર શું સરસો રહે પણ મન મારી પાસ !"	૧૯
૧૩.	સત્સંગ બાલવાટિકા	૨૧
	(૧) નિર્માનાનંદજી કેમ થવાય ?	
	(૨) તુલસીના છોડમાં મોતી	
૧૪.	ભક્તિસુધા	૨૪
	(૧) સહજાનંદ સ્વામી બન્યા શ્રી સ્વામિનારાયણ ભગવાન	
	(૨) સોનેરી ઈતિહાસ	
	(૩) ચાતુર્માસ	
	(૪) સાચા સત્સંગી ક્યારે	
	(૫) કડવી બની મધુરી	
૧૫.	પ્રશ્નપેટી	૨૮
૧૬.	સત્સંગ સમાચાર	૨૯

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

સત્સંગ



તંત્રીશ્રીની કલમે....

સત્સંગનો સાચો આનંદ મેળવવો હોય તો માહાત્મ્ય જ્ઞાને કરીને મળે. તે વિના તો સાધનોની સિધ્ધિ ન મળે અને ભગવાનનું સુખ ન મળે. માહાત્મ્ય વિનાનો વ્યક્તિ સત્સંગમાં રહેતો હોય કે સેવા કરતો હોય છતાંય અર્ધ બળેલ લીલા કાષ્ટની જેમ કાયમ દગ્ધ રહ્યાં જ કરે. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને કૃપા કરીને માનવ દેહ ધારણ કરીને પોતાના મુળરૂપની ઓળખાણ કરાવી આ સત્સંગમાં સદાયને માટે વસવાટ કર્યો. સ્વહસ્તે નવમંદિરોના નિર્માણ કરાવી સ્વહસ્તે શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણાદિ દેવ તથા નિજ સ્વરૂપની મૂર્તિઓ પધરાવી. તેમાં સ્વયં શ્રીહરિ તે તે સ્વરૂપે અખંડ રહ્યા છે. પ્રતિષ્ઠિત જે તે સ્વરૂપને શ્રીહરિ સ્વયં માનીને દર્શન, સેવા, પૂજા કરવી તથા સ્વહસ્તે સ્વપદ પર ધર્મવંશી આચાર્યની સ્થાપના કરી ત્યાગી, ગૃહીના ગુરુપદે આચાર્ય સ્વરૂપે શ્રીહરિ જ સ્વયં સાક્ષાત્ રહ્યાં છે. તેમાં મનુષ્યપણાનો ભાવ ન લાવતા શ્રીહરિ સાક્ષાત્ છે એમ સમજીને મન કર્મ વચને આજ્ઞામાં રહેવું. તથા સ્વહસ્તે કરેલા અને લખેલા શાસ્ત્રો શ્રીહરિના વાણી સ્વરૂપ છે તેમાં રહેલી આજ્ઞાઓ શ્રીહરિ મને જ હાલમાં કરી રહ્યાં છે તેવું માનીને શાસ્ત્ર રૂપી સ્વરૂપની આજ્ઞામાં રહેવું તથા સિધ્ધિ અને પ્રસિધ્ધિથી પર રહેલા સત્સંગ પરાયણ સંતો અને હરિભક્તોને બ્રહ્મની મૂર્તિઓ માનીને પરસ્પર આદર પૂર્વક મર્યાદા રાખવી. સ્વપરથી પર રહેતા સમર્પિત સંતો હરિભક્તોને આ જગતના ન માનવા. ભગવાનના થઈને ભગવાનની સેવા-ભજન કરતા સંતો હરિભક્તોએ તો માત્ર ભગવાનનું જ લક્ષ રાખ્યું છે. આવો મહિમા સમજીને દેવ, શાસ્ત્ર, આચાર્ય, સંત, સત્સંગીને માનવાથી સદાય અહોભાવ અખંડ રહેશે અને બધાયમાં ગુણને ગુણ જ દેખાશે. મહિમા વિનાનો વ્યક્તિ સત્સંગમાં આવીને વધુ દુઃખી થાય છે. આ સત્સંગ મહિમાનો સત્સંગ છે. માટે મહિમા રૂપી ચશ્મા લગાવીને સત્સંગમાં રહેનાર માટે શ્રીહરિ જરા પણ દૂર નથી. તે વિના તો કોટી ગાઉ કરતાંય વધુ દૂર છે. જે અનંત જન્મો લેશે તોય અંતર ઘટશે નહિ. મહિમા રાખ્યા સિવાય સત્સંગમાં રહીને પણ અવગુણ મટતો નથી. જેના ફળ સ્વરૂપે પાપના પોટલા બાંધ્યા જ કરે છે. માટે જ સત્સંગમાં આવીને મહિમાનો સદા વિચાર કર્યા કરવો અને અહોપણું રાખવું. મારા અહોભાગ્ય છે કે મને આ સત્સંગ મળ્યો.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઑગસ્ટ - ૨૦૦૭)

૨૯ જુલાઈ થી ૭ ઓગસ્ટ ૨૦૦૭
લંડન વિલ્સડનલેન આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૮ પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૦ મો પ્રાકટ્યોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંત-હરિભક્તોએ ધામધુમથી ઉજવ્યો.

૧૩ ઊંઝા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મિકેનિઝમના હિંડોળાના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.


૧૫ પ.ભ. બળદેવપ્રસાદ ત્રિવેદીને ત્યાં પધરામણી, મેમનગર.

૧૬ પ.ભ. મૌલિકકુમાર કનુભાઈ પટેલને ત્યાં પધરામણી આંબાવાડી.

૧૮ પ.ભ. ઘનશ્યામભાઈ અમૃતભાઈ સુખડીયાને ત્યાં પધરામણી, બાપુનગર.
કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર હિંડોળા ઉત્સવ પ્રસંગે પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા જ્ઞાનસત્ર-કથા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૦ થી અમેરિકામાં આપણા I.S.S.O. સંસ્થાપિત નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર ચેરિહિલ પ્રાણ પ્રતિષ્ઠા-પારાયણ અને યજ્ઞ આદિ પ્રસંગે તથા બોસ્ટન આપણા મંદિરના પાટોત્સવ-પારાયણ અને કોલોનિયા મંદિરના પાટોત્સવ પ્રસંગે અમેરિકામાં સત્સંગ પ્રચારાર્થે વિચરણ.



આનંદની હેલી



વાણી-જાણે દાંતે ચોકઠું !

- શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસ ગુરુ શા.સ્વા. હરિકેશવદાસજી

"પ્રભુ ! નવાબ સાહેબને આપના દર્શનની ખૂબ ઈચ્છા છે. કૃપા કરીને દર્શન આપવા દરબારમાં પધારો. ત્યાં આપની રાહ જોવાય છે." આજીજી કરીને નવાબનો દૂત ચાલ્યો ગયો.

જૂનાગઢનો નવાબ, બ્રહ્માનંદ સ્વામીની આવડત, વાતો અને કાવ્ય રચનાથી પ્રભાવિત થયો હતો. તેને સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે ગુણભાવ જાગ્યો હતો. એટલે તેના ભાવભર્યા આમંત્રણને માન આપીને પ્રભુ સંતો, પાર્ષદો સાથે તેના મહેલમાં પધાર્યા. નવાબે મહારાજને સુંદર ગાદી તકીયો બિછાવી સારો આદર આપ્યો. વિવેકથી હાથ જોડીને નવાબે કહ્યું, પ્રભુ ! હમારા શહેર પાવન કિયા. હમે બહુત ખુશી હુઈ.

થોડીવાર રહીને ફરીથી નવાબ બોલ્યા, હમને યહાં પર ધાર્મિક સંવાદ રખા હૈ. જિસમેં હમારે પુરાણી ઔર નિત્યાનંદ સ્વામી ચર્ચા કરે તો અચ્છા રહેગા. બંનેનો સંવાદ થયો. પુરાણીએ પૂછયું, લોકો ભગવાનના ચરણારવિંદને જ શા માટે પગે લાગે છે ? હાથ અને મસ્તકને કેમ નહિ ? "વંદે મહાપુરૂષ તે ચરણારવિંદમ્" એ શ્લોક દ્વારા નિત્યાનંદ સ્વામીએ ભગવાનનો મહિમા સમજાવ્યો. અને કહ્યું કે જેમ સરકારની ગાદીએ પગે લાગીએ તો બધા અંગોએ પગે લાગ્યા ગણાય. એમ ભગવાનના ચરણનું જાણવું.

ચર્ચામાં વચ્ચે જ નવાબે પૂછી નાંખ્યું કે ક્યા પૂછતે હૈ ? શ્રીજી મહારાજ બોલ્યા કે - "તમારા પુરાણીનો અભિપ્રાય એવો છે કે ખુદાકા કદમ પાક હૈ ઔર સબ અંગોમે માયા હૈ. ઔર હમારા મન તો ઐસા હૈ, જો જૈસે સક્કરકા નાલિયેરમેં ભાગ-ત્યાગ નહિ હો સકતા. ઠીક ઉસી પ્રકાર ખુદાકા સબ અંગ પાક (પવિત્ર) હૈ. અને તમારા બ્રાહ્મણની એવી સમજણ છે કે પરમેશ્વરના ચરણમાં જ માયા નથી. બાકી બધા અંગોમાં માયા છે."

વાત સાંભળીને નવાબે તરત જ ધડાકો કર્યો કે બ્રાહ્મણ પઢા હૈ તો ભી બડા બેવકુફ હૈ. ખુદામેં ભી માયા લગાતા હૈ. આ વાત ઉપર બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જેમ ઘોડું દાંતે ચોકઠું લે છે તેમ તમારા પુરાણી બોલે ત્યારે એવું લાગે છે. બ્રહ્મમુનિની વાત સાંભળીને આખી કચેરી ખડખડાટ હસી પડી. મહારાજે કહ્યું, સ્વામી ! તમે તો એક જ વાતમાં આખી સભાને ખુશ કરી દીધી. સ્વામીની તો વાત જ એવી હોય, ગમે તેવી વાતમાંથીય આનંદ જગાવતા, અને પ્રભુને રાજી રાજી કરી દેતા.

અમદાવાદ (કાલુપુર) મંદિરના નવા મહંત સ્વામીની નિયુક્તિ

શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે સ.ગુ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી વામનપ્રસાદદાસજી (અલ્હાબાદ-પ્રયાગ મંદિરના મહંતશ્રી)ની નિયુક્તિ કરી છે.



ટોપીવાલાનો સત્સંગનો ગુણ

- ગોરધનભાઇ સીતાપરા (હીરાવાડી-બાપુનગર)
(ગતાંકથી ચાલું)

શ્રીહરિ જ્યારે જેતલપુરથી અમદાવાદ પધાર્યા ત્યારે અમદાવાદમાં આવેલા શહેરના હાકેમ દુલાપ સાહેબ પોતાની મેડમ સાથે ઘોડાગાડીમાં બેસીને સન્મુખ આવ્યા. પુરમાં શ્રીહરિની સવારી સાહેબને સામી મળી. સાહેબે પોતાની ઘોડાગાડી દક્ષિણ બાજુ ઉભી રાખી. પ્રથમ તેઓ હરિભક્તોની રીત જોવા લાગ્યા. હરિભક્તો તથા સંતના મંડળની રીત અલૌકિક દીઠી. સૌના નેત્ર, શ્રોત્ર વગેરે નિયમમાં હતા. તેથી સાહેબે તેમને મોક્ષદાતા રૂપે ઓળખી લીધા. દરેક ઘરના મનુષ્યો નિયમમાં વર્તતા નથી તો અમારા ઘરના મનુષ્યને નિયમમાં વર્તાવવા તે ઘણું કઠણ કામ છે. એમ સમજ્યા. પછી પાર્ષદો, ચોપદારો વગેરેને જોયાં. શ્રીહરિ અને સાહેબની નજર એક થઈ ત્યારે સાહેબ બોલ્યા કે સ્વામિનારાયણ તમે ભલે પધાર્યા. સુખી છો ને ? અમે ખૂબ ખુશી છીએ. શહેરના કેટલાક કુંભાડી તમારા આગમનથી ખુશી ન હતા. તેમણે તેમનું ચાલે તેટલું કર્યું. પણ કંઈ વળ્યું નહિ. તમારું વર્તન દેખીને તેમને શાંતિ રહેતી નથી તેથી કુમતિ કરે છે. તમે શાસ્ત્ર પ્રમાણે ચાલો છો. તેથી શાસ્ત્ર તમારી સહાયમાં છે. અમારા સરખું કામ હોય તે કહેજો. શ્રીહરિએ સાહેબના રાજ્યની પ્રશંસા કરી. સાહેબ કાંકરીયા જઈ ઉતારા જોવા લાગ્યા. જ્યાં જાય ત્યાં ગાડી લઈને જતા. સૌ શહેરના મોટા લોકો જોવા આવતા. સાહેબ હાંકતા અને મેડમ પાછળ બેસતી. તેને સાહેબ આનંદથી કહેતા કે કુંભાડી લોકો તપાસ કર્યા વિના કેવું જુઠું જુઠું ગોઠવે છે ! પણ સ્વામિનારાયણ બહુ ક્ષમાવાળા છે. ક્ષમા એ જ સાધુનું ભૂષણ છે. દુલાપ સાહેબ નિત્ય સવાર સાંજ ઘોડા પર બેસી શ્રીહરિ સમીપે આવતા અને કહેતા કે અમારા સરખું કામકાજ હોય તો જણાવજો. તમારાં દર્શનથી અમે ખુશ છીએ. તમારી તથા તમારા અનુયાયીઓની સાચી નીતિ જોઈ અમને બહુ આનંદ થાય છે. બીજા તમારા દ્વેષી લોકો વ્યભિચાર વગેરે અનીતિમાં વર્તનારા છે. તે ઉપરથી ભક્તિ કરે છે. પણ તેથી એ હાથીના સ્નાન જેવું છે તથા શેકીને વાવે તેવું છે. વાત કરતા સંઘને ફરતો એક આંટો મારીને તથા બધી ચોકીઓમાં ચેતવણી આપીને તે મુકામે જતાં. દરરોજ એકવાર મંદિરમાં સંતોની રસોઈ થાય ત્યારે આવતા.

દુલાપ સાહેબે શ્રીહરિની પોતાના બંગલામાં પધરામણી કરાવી. શ્રીહરિને સોનાના સિંહાસન પર બેસાડ્યા. સાહેબ શ્રીહરિને કહે કે અમે તમને પ્રસન્ન કરવા બોલાવ્યા છે. પછી શ્રીહરિ આગળ પોતાની નીતિની વાત કરી પછી કહ્યું કે તમારી નીતિ અમને બહુ ગમે છે. આટલા બધા માણસો ભેગા થયા છે. પણ જાણે બધા એક જ હોય એમ શાંતિથી વર્તે છે. તમે ઉપદેશ આપી જેમ ચલાવો છો તેમ ધન આપવા છતાં કોઈ ચાલી શકે નહિ. માટે એ કળા તમે જ જાણો છો .તે અમને શિખવાડો. ત્યારે શ્રીહરિ કહે, અમે કરામતને માનતા નથી. ઈશ્વરને માનીએ છીએ. **તે ઈશ્વરમાં બધી કરામત રહી છે. તેને ભજે તેને તે યોગ્યતા પ્રમાણે દૈવત આપે છે. તે સૌના અંતરજામીછે, બહાર દેખાતા નથી. તે જ પોતે મનુષ્યાકૃતિ ધારે છે ત્યારે ઓળખવા**

કઠણ પડે છે. પણ તેની ઓળખવાની એક રીત છે. જેમ પિત્તળ અને સોનું સરખું દેખાતું હોય પણ બન્ને જો અગ્નિમાં નાંખે તો પિત્તળ કાળું પડી જાય અને સોનું તેજસ્વી દેખાય, તેમ ઈશ્વર હોય તે કોઈ પદાર્થને માટે દીન બને નહિ. પદાર્થને તુચ્છ દેખે, કારણ કે પદાર્થ માત્ર તેમના જ આપેલા હોય છે. અને તેમની ઈચ્છા હોય ત્યાં સુધી જીવ ભોગવે છે. તેથી પોતે તો કોઈ પણ પદાર્થમાં તથા શરીરમાં કે બ્રહ્માંડમાં પણ ક્યારેય વિષમ દેશકાળ માંય બંધાતા નથી. અને બીજા બંધાયેલા જીવને છોડાવે છે. જે બીજા મનુષ્યથી એમ થવું મુશ્કેલ છે. મનુષ્યની રીતે વર્તે તેણે કરીને તે ઓળખાતા નથી. પણ બધા દિવ્ય ભાવ તેમાં રહેલા છે. જેને દેખાડવા ધારે તેને દેખાય છે. આસુરી લોકોને દેખાડે તો પણ સમજાતું નથી. શ્રીકૃષ્ણ ભગવાને એવો દિવ્ય ભાવ ઘણો દેખાડ્યો છે, છતાં અસુરોને દિવ્ય ભાવ આવ્યો નહિ.

સાહેબ શ્રીહરિને કહે કે અયોધ્યા પાસે સરજુપાર છપૈયાગામ, બમનીયાહર ગામના અદ્‌ભુતસિંહ રાજાનું છે. ત્યાં તમારા પિતાનો વિવાહ થયેલો. તેમના તમે વચેટ પુત્ર છો. ભગવાન વિનાની બીજી વાત અસત્ય માની તમે ચાલી નીકળ્યા. ઈટાર પાંડે સરવરિયા વિપ્ર તમે છો. સરવરિયામાં ત્રણ, તેર અને સોળ ઘર ઉત્તમ છે. એમ અમે સાંભળ્યું છે. સરવાર દેશમાં જે વિપ્રો કંઠી ધારે છે તેઓની વૃત્તિ ઉત્તમ છે અને તે કોઈ જીવ હિંસા કરતા નથી. બીજા દેવી વગેરેના ભક્તો દેવીનો પ્રસાદ લેવામાં શંકા રાખતા નથી. દેશમાં અન્ન વિના દુઃખી થતા હોય તે પરદેશમાં જઈ નોકરી કરે. નોકરીમાં તેને નાનપ મનાતી નથી. ભગવાનના ભક્તને હિંસક દેશ ગમતો નથી. **તમે પ્રગટ થયા તેથી તે હિંસક દેશ પણ ઉત્તમ થયો છે અને તીર્થરૂપ બન્યો છે. તમારું જેને જ્ઞાન કે મહિમા છે તે વાત સમજે છે. તમે કલ્યાણમૂર્તિ છો. તમારી સેવા કરે તેને ફરી દુઃખ રહે નહીં. તમારા સંતો જેવા સંત બીજે ક્યાંય નથી. એમ વાત કરી.** સાહેબે પૂજા કરી અને શાલ ઓઢાડી તથા મેવા અર્પણ કર્યા અને પ્રાર્થના કરી કે તમારા જેવાનો ક્યારેય અપરાધ ન થાય એવી કૃપા કરજો. શ્રીહરિ કહે જે નીતિમાં ન વર્તે તેના પર ઈશ્વરનો કોપ થાય છે. તેથી તે કોઈનું માનતો નથી અને સત્તાથી ભ્રષ્ટ થાય છે. આવી રીતે શ્રીહરિએ ઘણીવાર અંગ્રેજોના શાસનની ભવિષ્યવાણી ભાખેલી અને અંતમાં તેમ જ થયું હતું.

અમદાવાદમાં કાંકરિયા સરોવર પરની શ્રીહરિની એક સભામાં ઘોડા પર બેસી બે સાહેબો આવ્યા. આજ્ઞા માંગી સભામાં પ્રવેશ કર્યો. શ્રીહરિની સમીપે આવી ટોપી ઉતારીને બોલ્યા કે તમે સ્ત્રી પુરુષની સભા જુદી પાડી તે ઉત્તમ રીતનો પ્રચાર કર્યો છે. ઉત્તમ પુરૂષ હોય તે ઉત્તમ વાત ગ્રહણ કરે છે. તેથી ઉત્તમ ગણાય છે. જગતમાં ગૃહી, ત્યાગી સ્ત્રી પુરુષો એકાકારે વર્તે છે. તમારા સંતો સાચા ત્યાગી છે. પાષાણની સ્ત્રીને પણ અડતા નથી. અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખે છે ને ગૃહસ્થ પણ ઘટે તેમ નિયમમાં તત્પર રહે છે. શ્રીહરિ કહે, **અમારા આશ્રિત જે ત્યાગી ગૃહી છે તે જ્યાં સુધી ધર્મમાં ચાલે ત્યાં સુધી અમે તેમને અમારા માનીએ છીએ. સ્વામિનારાયણને ઈષ્ટદેવ અને કારણના કારણ માનીને પોતપોતાના ધર્મમાં રહી જે ભક્તિ કરે છે તે અમારા છે. સાહેબ તે સાંભળી આનંદ પામ્યા.**

શ્રી સ્વામિનારાયણ માસિકના દીપોત્સવી વિશેષાંક માટે વિદ્વાન લેખકોને લેખ મોકલવા અંગે

શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ માસિકનો નવેમ્બર-૨૦૦૭ નો અંક દીપોત્સવી વિશેષાંક રૂપે પ્રકાશીત થશે. જેથી સંપ્રદાયના વિદ્વાન સંતો-લેખકોને સંપ્રદાયની પ્રણાલિકા-મર્યાદાને ધ્યાનમાં રાખીને સુંદર મનનીય લેખો તૈયાર કરીને ઓકટોમ્બર માસની ૧૦ તારીખ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે.

તંત્રીશ્રી
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.

મૂળી મંદિરના નવા મહંત સ્વામીની નિયુક્તિ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી (હરિદ્વાર મંદિરના મહંતશ્રી)ને નિયુક્ત કર્યા છે.

૧ જ ઈમાન

ગોરધનભાઇ સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

અનાદિ જે એક અને માત્ર એક પુરુષોત્તમ નારાયણ ભગવાન છે, જે સર્વ અવતારના કારણ છે. જે સર્વોપરિ છે. જે સર્વ શક્તિઓના સ્વામી છે. જે સર્વના નિયંતા છે. તે આ પૃથ્વી પર ભરતખંડને વિશે, સ્વામિનારાયણ નામથી પ્રગટ થયા. એ ભગવાને આ પૃથ્વી પરના મનુષ્યોને આ લોકમાં તમામ સુખની પ્રાપ્તિ થાય તેમજ અંતર્ધાન થયા પછી પણ પોતાના સર્વોપરિ અક્ષરધામની પ્રાપ્તિ થાય તેવો ભાગવત ધર્મ સ્થાપ્યો, જે સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે પ્રસિધ્ધિ પામ્યો. આ સંપ્રદાય એક એવો વિશિષ્ટ સંપ્રદાય છે કે જેનાથી આકર્ષાયને આજે પણ અનેક નવા નવા મુમુક્ષુજનો શ્રી સ્વામિનારાયણ ભગવાનની શરણાગતિની કંઠી પહેરે છે. જે ખૂબ આનંદની વાત છે. પરંતુ ઘણીવાર એવું બને છે કે કંઠી પહેર્યા પછી જો સ્વામિનારાયણ ભગવાનનો પાકો નિશ્ચય ન કર્યો હોય, તે જેવા છે તેવા ઓળખ્યા ન હોય તો તેવા મનુષ્યને સહેજ પણ દુઃખ આવે તો ગળામાંથી કંઠી નીકળી જાય છે. કુળદેવીના ભુવાએ આપેલા લાલ કે કાળા દોરા ગળામાં આવી જાય છે. અથવા હાથના બાહુ પર કે કાંડા પર તેવા દોરા ધાગા આવી જાય છે. ઘણીવાર કંઠી ગળામાં નડે છે ! વાગે છે ! ખૂંચે છે ! પરસેવો વળે છે એવા બહાના હેઠળ ગળુ કંઠી વિનાનું સૂનું થઈ જાય છે. ઘણીવાર શ્રીહરિના દ્વેષી બાવાઓ અવળો ઉપદેશ આપીને મુમુક્ષુજનને શ્રીહરિનો આશરો મુકાવવામાં સફળ થાય છે. આવું ક્યારે બને છે ? જ્યારે મુમુક્ષુજનો કંઠી પહેર્યા પછી "સત્સંગ"નો યોગ નથી રાખતા, નિયમિત દેવ દર્શન નથી કરતા, શાસ્ત્રો વાંચતા નથી, સંત સમાગમ કરતા નથી, કથા વાર્તા સાંભળતા નથી, જેંથી કરીને ખોરાક વિના જેમ શરીર નબળું પડી જાય તેમ સત્સંગ રૂપી જીવના ખોરાક વિના જીવ નબળો પડી જાય છે. અને છેવટે નિશ્ચય વિના શ્રીહરિની શરણાગતિ પણ છૂટી પડે છે.

ઘણા કંઠી રાખે છે, પરંતુ તેના જીવમાં સ્વામિનારાયણ ભગવાનનો ખરેખરો નિશ્ચય થયો છે કે નહિ તે તેના દીકરાની લગ્ન કંકોત્રી વાંચીએ ત્યારે ખ્યાલ આવે. ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી... તેને બદલે અમારા કુળદેવી ..... ની અસીમ કૃપાથી ... શબ્દો આવશે. જીવમાં બળ નથી આવ્યું તેથી કુળ પરંપરાને લોપી શકતો નથી. **સ્વામિનારાયણ ભગવાન તેત્રીસ કરોડ દેવતાના ઉપરી છે.** કંકોત્રીમાં "સ્વામિનારાયણ" નામ જેણે લખ્યું તેણે તેત્રીસ કરોડ દેવના નામ લખ્યા. તેમાં કુળદેવીનું નામ પણ સામેલ થઈ ગયું. **જેણે સ્વામિનારાયણ ભગવાનને રાજી કર્યા છે, તેણે તેત્રીસ કરોડ દેવને રાજી કર્યા છે.**

એક સમયે શ્રીહરિ ભૂજ પધારતા હતા. સુંદરજીભાઈ તથા ગંગારામ મલ્લ, અદાભાઈને સાથે લઈને શ્રીહરિની સામે ચાલ્યા. તેવામાં ફતેહમહમદ જમાદાર સામો મળ્યો. તેણે કહ્યું કે બહુ ઉમંગ ભર્યા ક્યાં જાઓ છો ? ત્યારે કહે કે અમારા ગુરુ આવ્યા છે તેમની સામે જઈએ છીએ. જમાદારે કહ્યું કે રાજાને પણ ભાવ છે તે સવારી લઈને સામા આવશે. એમ કહી રાજા પાસે જઈને તેણે વાત કરી. રાજાએ ખૂબ ધામધૂમથી શ્રીહરિનું સામૈયું કર્યું. પછી ઉતારા પર આવીને શ્રીહરિને રાજાએ કહ્યું કે મને આપના પ્રત્યે બહુ માનછે. તમને અમે જગ્યા આપીએ. અહીંયા રહીને કચ્છ દેશમાં ધર્મનો પ્રચાર કરો. તમારો ધર્મ સૌથી શ્રેષ્ઠ છે. તમારા સંતની રીત પણ ન્યારી છે.

રાજા પોતાના મહેલમાં ગયા. પછી શ્રીહરિએ ફતેહમહમદને બોલાવી પાનનું બીડું આપ્યું. ફતેહમહમદ બોલ્યા કે તમે બહુ મોટા છો અને ધર્મમાં પૂરા કાબેલ છો. અને તમારા નિયમ પણ બહુ સારા છે. તમે શ્રેષ્ઠ ધર્મ ચલાવ્યો છે. તે તમારું બહુ મોટું સામર્થ્ય છે. યવન જાતિ અમે હિંદુના કોઈ ધર્મને માનીએ નહિ. **હિંદુ જાતિને અમે બેઈમાન જાણીએ છીએ. તે લોકો જેના તેના દોરા બાંધે. ભૂત, પ્રેત અને ભુવાની આરાધના કરે પણ એક 'સાહેબનો' વિશ્વાસ ન રાખે. અમે તો સુખ દુઃખ એક સાહેબના હાથમાં છે માટે તેને છોડીને બીજે ક્યાં બાથ ભીડવી : એમ સમજી એક ઈમાન રાખીએ છીએ. તમારા સત્સંગમાં પણ એક જ ઈમાન છે. તેથી અમે પ્રમાણ કરીએ છીએ. શ્રીહરિ બોલ્યા કે હિંદુ હોય કે યવન હોય પણ સાહેબના વચન સત્ય માનીને ધર્મ રાખવો જોઈએ. 'સાહેબ' જીવના પરમ મિત્ર છે અને દૂર રહેતા નથી.**

સ્વામિનારાયણ ભગવાન આપણા સૌના 'સાહેબ' છે, આપણા ઈષ્ટદેવ છે. સુખ-દુઃખ શ્રીહરિ કે ધર્મવંશી આચાર્યશ્રીએ પ્રતિષ્ઠા કરેલી શ્રીહરિની મૂર્તિને કહેવું, ધર્મવંશી આચાર્યશ્રીને કહેવું, શ્રીહરિ સ્થાપિત અમદાવાદ, વડતાલ બે ગાદી પરત્વે નિષ્ઠાવાળા સાચા સંત હરિભક્તોને કહેવું અથવા શિક્ષાપત્રી

ખોલીને વાંચવી, ક્યો શ્લોક લોપવાથી દુઃખ આવ્યું. શિક્ષાપત્રી પ્રમાણે ભૂત, પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો 'નારાયણ કવચ'નો પાઠ કરવો અથવા હનુમાનજીના મંત્રનો જપ કરવો, તેનાથી ઉપાસનાનો ભંગ થતો નથી અને શ્રીહરિ રાજી રહે છે. રોગ હોય તો શિક્ષાપત્રીની મર્યાદામાં રહીને ઔષધ કરવું. ખરાબ સ્વપ્ન વગેરે અનિષ્ઠ 'સ્વામિનારાયણ' નામ લેવાથી ક્યાંય દૂર ભાગી જાય છે. 'સ્વામિનારાયણ' નામ લેતા લેતા સૂવાથી એક ઊંઘે સવાર પડશે અને સ્વપ્ન પણ શ્રીહરિ સંબંધી આવશે !

સ્વામિનારાયણ ભગવાન જ્યારે માંદા હરિભક્તની ખબર જોવા પધારતા ત્યારે તે હરિભક્તના ખાટલાના પાયે પણ જો કાળો દોરો બાંધ્યો હોય તો તુરત જ પાછા વળી જતા, કહેતા કે કાળા દોરાનું કામ છે કે અમારું કામ છે ! જે હરિભક્ત પોતાની આવકનો દશાંશ કે વિશાંશ ભાગ ધર્માદા સ્વરૂપે નરનારાયણદેવ કે લક્ષ્મીનારાયણ દેવ (દેશ વિભાગ પ્રમાણે) ના કોઠારમાં નિયમિત રીતે જમા કરાવે છે તેવા હરિભક્તોનું આગ, રોગ, ચોરી કે રાજ્ય દંડ એવા કેટલાય સંકટોથી શ્રીહરિ રક્ષણ કરે છે અથવા સહાય કરે છે. ધર્માદો કાઢનાર ને દરિદ્રતાનું દુઃખ તો કોઈ કાળે આવતું નથી.

અક્ષર બ્રહ્મ, મહાપુરુષ, મહામાયા, કાળ, પ્રધાનપુરુષ, પ્રકૃતિ વિગેરે શ્રીહરિની શક્તિઓ છે. અક્ષરધામમાં રહ્યા થકા જ શ્રીજી મહારાજ આ શક્તિઓ અને વિભુતિઓ દ્વારા જ પોતાની ઉત્પતિ, સ્થિતિ, પ્રલય અને મોક્ષ સંબંધી લીલાઓ કરે છે. બ્રહ્મા જ્યારે શ્રીહરિના અનિરુદ્ધ સ્વરૂપની ઉપાસના કરે છે ત્યારે તેઓ ઉત્પત્તિનું યાને પોતાના બ્રહ્માંડના જીવોને દેહ ધારણ કરાવવાનું સામર્થ્ય મેળવે છે. વિષ્ણુ ભગવાન જ્યારે શ્રીહરિના પ્રદ્યુમ્ન સ્વરૂપની ઉપાસના કરે છે ત્યારે તેઓ સ્થિતિનું અર્થાત્ પોતાના બ્રહ્માંડના દેહધારીઓના પાલન પોષણનું સામર્થ્ય મેળવે છે. શિવજી જ્યારે શ્રીહરિના સંકર્ષણ સ્વરૂપની ઉપાસના કરે છે ત્યારે તેઓ પ્રલયનું યાને દુકાળ, અતિવૃષ્ટિ, ભૂકંપ, રોગચાળો વિગેરેનું સામર્થ્ય મેળવે છે. અનંત કોટી બ્રહ્માંડ **આપણને મળ્યા જે સ્વામિનારાયણ ભગવાન તેના રોમ સુછિદ્રમાં અણુંની પેઠે ઉડતા ફરે છે. તેનાથી બીજા કોઇ મોટા ભગવાન નથી, તેવા ભગવાનની કંઠી મહિમા વિચારીને અખંડ પહેરવી, તિલક ચાંદલો મહિમાથી કરવો. કોઇ મશ્કરી કરે ને તિલક ચાંદલો ભૂંસી નાંખે તેવા ફોસીનું શ્રીહરિ પાસે સ્થાન નથી. શૂરવીરતા વિનાની ભક્તિ શોભતી નથી.**

અમદાવાદ ગાદીના ત્રીજા આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજના એક હજુરી પાર્ષદ મુક્ત કેસર ભક્ત હતા. તેમને શ્રીજીની સર્વોપરિ ઉપાસના પ્રવર્તાવવાનો ઈશક હતો. તેને ધ્યાનમાં લઈ અક્ષરાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાને મુક્તોને કાળુપુર મંદિરમાં મધરાતે મોકલીને કેસર ભક્તને સદેહે અક્ષરધામમાં તેડી મંગાવ્યા. ત્યાં તેમને શ્રીજીએ અક્ષરધામનું દર્શન કરાવ્યું, સમજાવ્યુંને અક્ષરધામના ચિત્રપટ બાબત આદેશ આપીને કાળુપુર મંદિરમાં પાછા મુકાવ્યા. તે મુજબ આપણા કાળુપુર મંદિરે તે સમયના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે આ ચિત્રપટને ધામધૂમથી વિધિપૂર્વક સ્થાપ્યું છે. જે હાલમાં પ્રદક્ષિણામાં ગણપતિના દેરાની બાજુમાં પાછળ દર્શન આપે છે. આ ચિત્રપટનો અભ્યાસ કરીને તે મુજબ ગૃહસ્થ ત્યાગી સર્વેએ શ્રીજીની શુદ્ધ સર્વોપરિ ઉપાસનાની દ્રઢતા કરવી જોઈએ. મનુષ્ય દેહધારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તેજ સ્વયં અક્ષરાધિપતિ પરબ્રહ્મ, પૂર્ણ પુરુષોત્તમ છે તથા તે સહજાનંદસ્વામી પોતે અક્ષરપર્યંત સર્વે અધિકારી ગણના, તેમજ અનંત બ્રહ્માંડોના અનંત અવતારોના પણ કારણ, નિયંતા, આધાર, તે સર્વેમાં વ્યાપક છે. તેમ સમજાવવાનો આ ચિત્રમય તકતાનો શુભાશય છે. પુરુષોત્તમ શ્રીજી મહારાજનું અક્ષરધામ તે ગૌલોક, શ્વેતદ્વિપ, બદરીકાશ્રમ વિગેરે બીજા સર્વે ધામોથી પર છે. તે પણ અહીં સમજાવ્યું છે.

માટે આવા ભગવાન મળ્યા પછી ફતેહમહમદની માફક એક જ ઈમાન, એક જ નિષ્ઠા અને એક જ ઉપાસના રાખવી. શરણાગતિની કંઠી ગળામાંથી કાઢ્યા પછી તો શ્રીહરિની તે જીવાત્મા પ્રત્યે કોઈ જવાબદારી રહેતી નથી. કોઈ સંબંધ રહેતો નથી. પંચવર્તમાન પાળીને ફક્ત કંઠી કાયમ ધારણ કરી રાખી હશે તો પણ શ્રીહરિ તે જીવાત્માને બીજા જન્મમાં સત્સંગીના ઘેર મૂકીને સત્સંગનો યોગ આપીને કલ્યાણ કરશે.

અહીં કોઈ દેવનું ખંડન કરવાની વાત નથી. શિવ, પાર્વતી, ગણપતિ, સૂર્યનારાયણ અને વિષ્ણુ એ પંચદેવને આદર થકી માનવા તથા રસ્તે ચાલતા શિવાલયાદિક દેવ મંદિરને જોઈને તે દેવને નમસ્કાર કરવાની વાત શ્રીહરિએ શિક્ષાપત્રીમાં જ કરેલી છે. પરંતુ નિત્ય દર્શન, ધ્યાન, પૂજન, ભજન, નિષ્ઠા વગેરે પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનમાં રાખીને એક જ ઈમાન રાખવાથી કલ્યાણના માર્ગે આગળ વધવામાં જીવ ખૂબ બળિયો થાય છે.

સદાચાર ધર્મનો શ્રીહરિનો સંદેશ

- ગોરધનદાસ શંકરદાસ પટેલ (સોજા)

विहाय कामान्यः सर्वान्युमांश्चरति
निस्पृहः ।
निर्ममो निरहंकारः स
शक्तिमधिगच्छति ॥

પવિત્ર પુરુષોત્તમ માસ શ્રીહરિની સ્મૃતિમાં દેવ-દર્શનમાં તીર્થયાત્રામાં, સંત સેવામાં, શ્રીહરિના ચરિત્રોની કથા શ્રવણમાં પસાર થઈ ગયો. પછી શું ? આપણા માનસિક મનોવ્યથા ટાળવા - સાચી શુદ્ધ જ્ઞાન-વૈરાગ્ય ધર્મ સહિતની ભક્તિની રીત શ્રીહરિએ આપણા કલ્યાણ માટે પ્રગટાવી. સૌ હરિભક્તો અને સર્વે માનવ સમુદાયને સજાગ કર્યા છે. તે વાત શિક્ષાપત્રી આજ્ઞામાં કહ્યું છે - તે સર્વે સદાકાળ સ્મરણમાં રાખવા જેવી છે.

ये यालयन्ति मनुजाः
सच्छास्त्रप्रतिपादितान् ।
सदाचारानुं सदा तेऽत्र परत्र च
महासुखाः ॥५॥

એટલે શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોક અને પરલોકને વિષે મહાસુખિયા થાય છે.

તો સુખિયા થવા શ્રીહરિની આજ્ઞા -

मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य
सिध्धये ।
नारोप्यो नापशब्दाश्च भाषणीयाः
कदाचनः ॥२०॥

પ્રમાણે જો આ વાત વિચારી આપણે વ્રત-ઉપવાસના દિવસે પ્રતિજ્ઞા લઈએ કે - "કોઈને પણ ગાળ નહિ બોલું" અને તેનું પરિણામ કેવું સુંદર આવ્યું - આપણા જીવનમાં જ વિચારતા થઈએ તો સમગ્ર વિશ્વ-રાજ્યમાં આપણું ગુજરાત કેવું નિર્મળ બને ? આ તો થઈ સદાચાર ધર્મની વાત. પણ આપણા તનની દેહની શુદ્ધિની વાત - શ્રીહરિની આજ્ઞા પ્રમાણે -

अगालितं न पातव्यं पानीयं च
पयस्तथा ।
स्नानादि नैव कर्तव्यं
सूक्ष्मजन्तुमयाम्भसा ॥३०॥

આ વાત એટલે "શુદ્ધ જળ પીવું." "શુદ્ધ દૂધ પીવું." જેમાં ઝીણા જીવજંતુ ન હોય, એટલે આરોગ્ય સચવાય અને રોગમુક્ત જીવન બને. તેથી શારીરિક તંદુરસ્તી એજ માનસિક શાંતિનું પ્રથમ અવસ્થાનું સુખ પ્રાપ્ત થાય એમાં કાંઈ નવાઈ નથી. તો પછી શ્રીહરિની આજ્ઞાનુસાર -

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु
कदाचन ।
मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं
तथा ॥३२॥

જો આપણે લોક અને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વરજ્યાં એવાં સ્થાનક જે જીર્ણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફૂલવાડી બગીચા એ આદિક જે સ્થાનક તેમને વિષે ક્યારેય મળમૂત્ર ન કરીએ, ન થૂંકીએ તો આપણું ઘર, ગામ, નગર, શહેર, રાજ્ય કેવું નિર્મળ બને અને સર્વે પ્રકારે થતી ઝીણી હિંસા અટકી જાય. એટલે "જાણી જોઈને પણ કોઈ જીવ પ્રાણીમાત્રની હિંસા ન કરવી". (શિ.શ્લોક-૧૧)

कस्याऽपि प्राणिनो हिंसा नैव
कार्याऽत्र मामकैः ।
सूक्ष्मयूकऽमत्कृणादेरपि बुद्धया
कदाचन ॥११॥

આ વાત બહુ ઝીણી છે. "अहिंसा परमो धर्मः" પાળવાની અને આ વાત એટલે અતિ નિર્માની - સેવાભાવી જીવ હોય તેને સમજવામાં આવે તેવી છે. અને આ વાત સમજે તે પુરુષોત્તમ એવા શ્રીહરિકૃષ્ણની પ્રસન્નતા પામે છે. એટલું નહિ પણ સમગ્ર જગત પરના સુખનો અધિકારી બની માનસિક શાંતિનું આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરી શકે છે. નાના એવા શુદ્ધિકરણની આ રહી "परहिताय - स्व सुखाय"ની શ્રીહરિની વાત.

શ્રી સહજાનંદ સ્વામી ગઢપુરમાં સભા ભરીને બિરાજ્યા હતા. મંદિરના દરવાજેથી નાના-મોટા હરિભક્તો પસાર થાય છે, ત્યારે નાકે હાથ મૂકે છે અને બોલે છે - આ કૂતરું અહીં મરી ગયું છે. ખરેખર મરી ગયું નથી, પણ મળ કરી ગયું છે, કોઈ સાફ પણ કરતું નથી, આ શું કેવાય ? પણ એટલામાં એક હરિભક્ત ઉકાભાઈ આવે છે અને ગંદકી જોઈ, માળા બાજુએ મૂકી, કૂતરાનો મળ ઉપાડી, યોગ્ય સ્થળે તેનો નિકાલ કરે છે. પછી સ્નાન કરી સભામાં પ્રવેશે છે ત્યારે શ્રીહરિ કહે છે "લો આ આવ્યા મંદિરના માલિક." અને ઉભા થઈ શ્રીહરિ જેમને બાથમાં લે છે, ધન્ય છે આ મારા પ્રાણને જે ઉકાભાઈનું નામ વચનામૃતમાં લખાયું તેવા સાચા હરિભક્તોની સેવા એટલે શ્રીહરિના

(અનુસંધાન પાના નં ૧૧ઉપર)



મૂળી મંદિરના કવિશ્રી દેવાનંદ સ્વામી

- સાધુભક્તવત્સલદાસ તપોવન મંદિર (લીંબડી)

સને ૧૮૦૮ અને વિ.સં. ૧૮૬૫ના શિયાળાની મોસમ હતી, સંધ્યાસમય ઢળી રહ્યો હતો, જેતલપુરમાં અહિંસામય મહાયજ્ઞ કરીને ભગવાન સ્વામિનારાયણ ભાલ પ્રદેશના બળોલ ગામે પધાર્યા હતા. ૨૮ વર્ષના નવયુવાન ભગવાન સ્વામિનારાયણની ખ્યાતિ ગામો-ગામ કૂતુહલનો વાયરો ફૂંકી રહી હતી. એટલે જ આખું ગામ અહીં એમના દર્શને ટોળે વળ્યું હતું. શ્રીહરિના પ્રેમી ભક્ત રૈયા ખટાણે આગ્રહ કર્યો. મહારાજ વાળુ કરીને અહીં રાત રહી જાઓ. અમને લાભ આપો. પરંતુ શ્રીહરિને તો જવાની ઉતાવળ હતી. એટલે એમની મરજી સમજીને રૈયા ખટાણે થૂલી અને તાંસળી ભરીને દૂધ અર્પણ કર્યું. ઘરમાં બેસીને જમવાને બદલે ચારે બાજુ ટોળે વળેલા લોકોની વચ્ચે જ, ગાડાની ઉપર બેઠાં-બેઠાં શ્રીહરિ થૂલી અને દૂધ આરોગવા મંડ્યા, ભોંયે લટકતા પગ રાખીને જમતા શ્રીહરિની જમવાની રીત પણ અમાનુષી હતી ? હાથનો દોથો ભરીને દૂધ સાથે થૂલી જમતાં શ્રીહરિના હાથે દૂધના રેલા ઉતરતા હતાં. અંગરખાંની બાંય કોણીએ ચઢાવીને જીભથી કોણી ચાટતાં હતાં. તમાશાની જેમ ટોળે મળેલા કેટલાય લોકો મનમાં બોલવા લાગ્યા કે આવા ભગવાન હોતા હશે કાંઈ ?

પરંતુ એ ટોળા વચ્ચે જ ઉભેલો માત્ર છ વર્ષનો એક બાળક આ લીલાને ઘૂંટી-ઘૂંટીને પી રહ્યો હતો. મહારાજે ક્યારે ભોજન પુરૂ કરી લીધું એની એને ખબર ન રહી અને ઘોડાને એડી મારીને મહારાજે વિદાયની તૈયારી કરી. ત્યારે જાણે એ સમાધિમાંથી જાગ્યોને ટોળાંને વિંધતો વિંધતો દોડતો દોડતો ભગવાન સ્વામિનારાયણ પાસે પહોંચી ગયો.

મહારાજ મને આપની સાથે લઈ જાઓ. મારે આવવું છે. પણ તમારૂં નામ, તમે ક્યાં રહો છો ? મહારાજ ! અમે મારૂ ચારણ ગઢવી, હું જીજીભાઈ રત્નુનો દીકરો. મૂળીમાં મારૂં મોસાળ, મારૂં નામ દેવીદાન ગઢવી.

મહારાજે આ મુમુક્ષુની પૂર્વ ભવની મુમુક્ષુતા પારખી લીધી. એમની વિનંતી સ્વીકારી લીધી. સૌ પરિવારને મનાવીને મહારાજે દેવીદાનને સાથે લઈ લીધાં. મહારાજના પ્યારા સખા બ્રહ્માનંદ સ્વામીને સોંપીને કહ્યું. સ્વામી આ પણ દેવીપુત્ર છે. તો તમે હવે પલોટજો.

મહાકવિ બ્રહ્માનંદસ્વામીએ શ્રીહરિની આજ્ઞા મસ્તકે ચઢાવી. દેવીદાનનાં હૈયામાં પડેલી શક્તિઓને એમણે ઝંકારી. કાવ્યશાસ્ત્રમાં-પીંગળમાં દેવીદાન નિપુણ થવા લાગ્યા. રાગ રાગણીઓનું તેમને જ્ઞાન થવા માંડ્યું. થોડા સમયમાં શ્રીહરિએ દીક્ષા આપી. અને દેવીદાનમાંથી દેવાનંદ સ્વામી બન્યા-માત્ર દેવાનંદ સ્વામી નહિ, પરંતુ સંતકવિ દેવાનંદસ્વામી ! મહારાજની આજ્ઞાથી તેઓ બ્રહ્માનંદ સ્વામી સાથે મૂળી મંદિરના નિર્માણમાં જોડાયા અને પાછળથી અહીં જ સ્થાયી થયા.

દેવાનંદ સ્વામીએ એમની કાવ્ય આરાધનામાં સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણને કેન્દ્રમાં રાખીને એક પછી એક સોપાનો સર કરવા માંડ્યા. તેમના ભક્તિભાવ તથા કાવ્યશક્તિનો ખરો પરિચય તો એમના વૈરાગ્ય બોધના પદોમાં મળે છે. ભોજા ભગતના ચાબખાનું સ્મરણ કરાવતાં એમનાં પદોમાં પ્રેમ લક્ષણા ભક્તિ પણ એવી જ જોવા મળે છે.

"માણસનો અવતાર મોંઘો નહી મળે ફરી" તેમજ "કે તારા માથે નગારાં વાગે મોતના રે..." તથા "આવું તારૂ ધન રે જોબન ધૂળ થાશે....."

જેવાં એમનાં પદોમાં જે સચોટ વેધકતા છે તે અજોડ છે.

ભગવાન સ્વામિનારાયણને રીઝવવા દેવાનંદસ્વામીએ એમની કાવ્ય આરાધનાની સાથે સંગીત આરાધના પણ નિરાળી કરી હતી અને સાથે સાથે કુશળ વહીવટ કરી બાવીસ-બાવીસ વર્ષ સુધી મૂળી મંદિરનો મહંતાઈ ની સેવા બજાવી મહારાજને રાજી કર્યા હતા. કવિશ્વર ન્હાનાલાલ લખે છે. દેવાનંદ સ્વામી જેવા મહાન સંત કવિ મૂળીમાં હતા. અને મહાન સિતારી હતા. ધ્રાંગધ્રાના રાજા સાહેબ પણ દેવાનંદ સ્વામીનો સિતાર સાંભળવા મૂળી મંદિરે પધારતા.

દેવાનંદ સ્વામીએ સંપ્રદાયને આપેલી એક અણમૂલી ભેટ એટલે

ગુજરાતના મહાન કવિરત્ન દલપતરામ, ન્હાનાલાલ કવિ પોતાના પિતા દલપતરામના દીક્ષાનો ઉલ્લેખ કરતાં લખે છે કે મારા પિતાએ દેવાનંદ સ્વામીના કીર્તનો સાંભળ્યા પછી એ સ્વામીના પરિચયમાં આવ્યા પછી પિતાજી-ત્યારથી જ એમનામાં દિવાના થઈ ગયા હતા.

બ્રહ્માનંદ સ્વામી અક્ષરધામમાં સિધાવ્યા પછી મૂળી મંદિરનું મહંત પદુ ખાલી પડ્યું. કોને મહંત પદે સ્થાપવા એ સત્સંગનો પ્રશ્ન થયો. ઝાલાવાડનો સંઘ ધર્મધુરંધર આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી બાપા પાસે અમદાવાદ આવ્યો. મંદિરનું શ્રીજી મહારાજે પ્રતિષ્ઠા કર્યા પછીનું થોડુંક કામ બાકી હતું. ઝાલાવાડી હરિભક્તોએ અયોધ્યાપ્રસાદજી બાપાને પ્રાર્થના કરી અને મૂળી મંદિરની મહંતાઈની ચાદર સદ્‌ગુરૂ દેવાનંદ સ્વામીને ઓઢાડી. દેવાનંદ સ્વામીએ પછી ગુરૂનું અધુરું પૂરૂં કીધું ને મૂળી મંદિરમાં જ આયુષ્ય અવશેષ નિર્ગમ્યો.

વિ.સં. ૧૯૧૦ ને શ્રાવણ વદ નવમીને દિવસે દેવાનંદ સ્વામીએ એક મેરાઈ હરિભક્તને કહ્યું આવતી કાલે મારે ધામમાં જવું છે. તો મારા માટે એક પાલખી તૈયાર કરી દે'જો. સ્વામીની તંદુરસ્તી જોઈ મેરાઈને મનમાં અચંબો થયો. તેણે કહ્યું સ્વામી આપને મંદવાડ તો દેખાતો નથી તો પછી કાલે ધામમાં જશો ? એ કેવી રીતે મનાય ?

સ્વામીએ કહ્યું, કાલે સવારે તારા ઘરનાં ઉંબરા પાસે પાંચ પગલાં કંકુના પડ્યા હોય તો માનજે. અને એમ જ બન્યું. સંપ્રદાયના અમરપાત્ર સમા મૂળી મંદિરના મહાન કવિ દેવાનંદ સ્વામીનું ખોળિયું બીજા દિવસે જ પંચભૂતમાં લીન થઈ ગયું અને એમનો દિવ્ય કાવ્ય વારસો અમર રહી ગયો. ધન્ય છે સદ્‌ગુરૂ દેવાનંદ સ્વામીના કાવ્ય અને સેવાની સુવાસને.

सदाचार धर्मनो श्रीहरिनो संदेश (पाना नं ९नुं चालु)

આશરાના સાચા બળની પરાભક્તિ. નિષ્કામ કર્મભાવનાનો આ સંદેશ આજે "નિર્મળ ગુજરાત" સૌ ઝીલીએ તો બની જાય તેમાં કોઈ સંશય નથી.

વ્હાલા હરિભક્તો જો આપણે સાચા શ્રીહરિના દાસ બનવા માગતા હોઈએ તો.... આટલું વિચારી શ્રીહરિની આજ્ઞા પાળવાનું સુખ પ્રાપ્ત કરીએ.

(૧) મંદિરમાં આવતા જતા કાગળ - કે અન્ય ફળફળાદિના છોતરાં મંદિરના ચોકમાં કે ખૂણા ખૂંચે નહિ નાખું. પણ કચરાપેટીમાં જ નાંખીશ.

(૨) ઘેરથી નીકળી રસ્તામાં ગમે ત્યાં મળમૂત્ર નહિ કરું પણ જ્યાં વ્યવસ્થા હશે ત્યાં જ મળમૂત્ર કરીશ.

(૩) પાડોશીના ઘર આગળ મારા ઘરનો કચરો કદી પણ નહિ નાખું, પણ ઘેર પણ કચરા પેટી રાખીશ તેમાં નાખીશ.

(૪) હરતાં ફરતાં અશુદ્ધ જેના પર જીવજંતુ બણબણતા હોય તેવા પદાર્થો આરોગીશ નહીં.

(૫) હું સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સેવક છું કદી પણ શ્રીહરિની આજ્ઞા મુજબ જાહેર સ્થાનોમાં ગંદકી કરીશ નહિ, ને જો ગંદકી દેખીશ તો તે દૂર કરવાનો ઉપાય કરીશ. કોઈની ટીકા ટીપ્પણી કરીશ નહિ.

સૌ સત્સંગી જીવનમાં આટલું વિચારે "सदाचार प्रथमो धर्म" છે.

તો પણ શ્રીહરિના સાચા "પરહિતાય સ્વ સુખાય" ધર્મના ભાગીદાર બનીશું. આપણા "અહિંસા પરમો ધર્મ" પાલનનું સુખ પ્રાપ્ત કરીશું. એમાં કોઈ સંશયની વાત નથી. અને "નિર્મળ ગુજરાત" નું સ્વપ્ન સાકાર બનાવવામાં ભાગીદાર બનીશું. તેમાં જ આપણા ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી તથા શ્રીહરિના અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી અને સંતોનો રાજીપો રહેલો છો તેજ આપણો

विदेशना सभ्योने नम्र सूचन

આપણાશ્રી સ્વામિનારાયણ માસિકના અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા અને મિડલ ઈસ્ટમાં ઘણા જ સભ્યો છે. દર માસની ૧૧ તારીખે દેશ અને વિદેશમાં નિયમિત અને ચોક્કસાઈથી અંક મેઈલ થાય છે. પરંતુ દુઃખની વાત છે કે વિદેશ સ્થિત આપણા ઘણા સભ્યો પોતાનું રહેઠાણ બદલે ત્યારે કાર્યાલયને નવું સરનામું જણાવવાની તસ્દી લેતા નથી. જેથી કરીને તેમને પોસ્ટ કરેલ અંક પરત થાય છે. જેથી સંસ્થાને મોંઘુ પોસ્ટેજ વેડફાય અને જે તે સભ્યને અંક ન મળે. માટે આપને વારંવાર નમ્ર સૂચન છે કે આપ આપનું રહેઠાણ-બદલો ત્યારે શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલયને નવું સરનામું અંકના પ્રથમ પાને જણાવેલ E-Mall એડ્રેશ પર અથવા પત્રથી ગ્રાહક નંબર સાથે તુરંત મોકલવું. જેથી કરીને આપને નિયમિત અંક મલે અને સંસ્થાને મોંઘુ પોસ્ટેજ વેડફાય નહીં.

આપણા સંપ્રદાયમાં હિંડોળાની પરંપરા



- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ -જમીયતપુરા
(મહંત સ્વામી - માણસા)

સમગ્ર ભારત ભૂમિનું સૌંદર્ય કાશ્મીર પ્રદેશમાં ફૂલ બહારમાં ખીલી ઉઠતું જણાય છે. અનેક પર્યટકોની સાથે એક સમયે કોઈ કવિરાજ પણ કાશ્મીરની સેહલગાએ આવી ચડ્યાં અને ત્યાંના આહ્લાદકને ખુશનુમાં વાતાવરણથી ખીલી ઉઠેલી હરિયાળી જોઈ પુલકિત કવિ હૃદયમાંથી સહેજે શબ્દો સરી પડ્યા કે "આખી પૃથ્વી ઉપર જો ક્યાંય સ્વર્ગ હોય તો તે અહીં જ છે અહીં જ છે ને અહીં જ છે !" આ સાંભળી બાજુમાંથી પસાર થતાં કાઠિયાવાડી કાકાથી સહેજે સ્મિત થઈ ગયું કે આણે હજી ક્યારેય હિંડોળે ઝુલવાની મોજ માણી લાગતી નથી. સ્વર્ગને પણ શરમાવે એવી સુખદાઈ હિંડોળાની હેલીમાં પણ જ્યારે પ્રભુને પધરાવીએ ત્યારે તો સુખની ક્યારીયોમાં જાણે સાકરના ફુવારાઓ સ્ફુરે એમ ચોમેર અક્ષરસુખના સ્પંદનો પ્રસરાઈ રહે છે.

આખા વર્ષમાં શ્રાવણ માસ દરમ્યાન ભક્ત હૃદયોમાં ભક્તિનાં પૂર ઉમટી પડે છે. પ્રભુને રિઝવવા વિવિધ સ્વરૂપે પૂજન, અર્ચન, વ્રત, તપ, દાન, દક્ષિણા, કથા, કીર્તન અને પારાયણોથી સારાએ સમાજનું વાતાવરણ ભાવનાપૂર્ણ લાગણીઓથી મઘ-મઘી રહ્યું હોય છે. આમાં પણ હરિવરને હિંડોળે હુલસાવવાની વાત આવે ત્યાં તો ભક્તોના હૈયા જ હિલોળા લેતા થઈ જાય છે. ગામના પાદરમાં વડ કે પીપળાની ડાળીએ રાંઢવું કે દોરડું બાંધીને ગોપ-ગોપીઓ શ્રીકૃષ્ણ પરમાત્માને હિલોળે ઝુલાવતી ત્યારે ધરતી અને આકાશ જાણે આનંદ વિભોર થઈ પ્રભુના ચરણ સ્પર્શ કરવા માટે ઉછળવા લાગતાં. કુંડાળે વળેલા ભક્તો જેમ જેમ ઝુલાને વધુને વધુ હિલોળે ચડાવતા જાય તેમ તેમ આનંદ સાગર હાસ્યના ખીલ-ખીલાટ પ્રસરતા આખા ગામને આમંત્રિત ન કરતા હોય ! જોત જોતામાં મહિયરો મહી વલોવવા છોડી અહીં દોડી આવતી, ચુલાની તાવડીમાં રોટલાઓ બળતા મેલી ! છાણ-વાસીદાને ઢોરને પાણી પાવા ભૂલી ! તો કોઈ ખેતરોના મોલ રેઢા મેલીને હિંચકાના હીલોળા સાથે હૈયામાં હીંચોળા લેવા ઘરના કમાડ વાસવા વિસારી, હૈયાના કમાડ ઉઘાડવા ગામ આંખું ઉમટી પડતું. નવધા ભક્તિની વિવિધતામાં પ્રભુ પ્રત્યે હેત અને પ્રેમ અભિવ્યક્ત કરવાની આ રીત ભક્ત અને ભગવાન પરસ્પર બંનેને એવી તો ભાવતી ગઈ. મીઠી-મધુરી દાઢે લાગવા માંડી કે ધીરે-ધીરે પાદરમાંથી શરૂ થયેલી આ હેલી ગામમાં પ્રવેશી, ઘરમાં ઘૂસી અને છેવટે મંદિરોમાં પ્રસ્થાપિત બની ગઈ. ઝાડની ડાળીઓથી છૂટી ઘરના ખપેડાઓએ બંધાઈ, આજે કડાઓએ ઝુલતા ઝુલાઓ રાંઢવાના દોરડામાંથી પરિવર્તિત થઈ રેશમના તાંતણે બંધાઈ. ચાંદી અને સુવર્ણના કલાત્મક હિંડોળાઓ હીરની દોરીએથી ઝુલી ઝુલીને બોલ બેરીંગના આધુનિકરણ પામી ઈલેકટ્રોનિક યુગમાં રિમોટ કંટ્રોલથી ઝુલી રહ્યા છે. સમાજની ઉન્નતિ સાથોસાથ ભક્તોની માનસિકતા, કલા સૂજ, અભિવ્યક્તિ અને સગવડોમાં પણ કલ્પના ન કરી શકાય એવા પરિવર્તનો આવતા ગયા. કોથળાની ઝોળી બનાવી તેમાં પ્રભુને પધરાવતા અને દોરડે, ઝાડ-પાનની ડાળખીઓ કે મોરપીંછના શણગાર કરતા ત્યાંથી ધીરે ધીરે હીરના સૂતર, રાખડીઓ, નાડા છડીથી શરૂ કરી જુદાં જુદાં અનાજ કે કઠોળના તજ-લવીંગ કે એલાયચીના, કાજુ-બદામ કે અખરોટના સોના-ચાંદી, ભરત-ગૂંથણ કે આભલાના ઘડિયાળ-વાસણો કે હાંડા-ઘડાના સાડી-પટોળા કે ઘરચોળાના આમ અનેકવિધ સામગ્રીઓના કલાત્મક શણગારોથી સુશોભિત હિંડોળાઓ નયન રમ્ય અને

એવા મન ભાવન હોય છે કે સ્મૃતિ-પટ પરથી વિસાર્યા પણ વિસરાતા નથી.

સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણે તો ભાવ-ભક્તિને એક ઓપ આપ્યો છે. દરેક પ્રસંગને ઉત્સવની આભા પ્રદાન કરી. તીર્થધામ જેતલપુરની વાડી હોય કે, સારંગપુરમાં રાઠોડ ઘાઘલના દરબાર હોય કે પંચાળામાં જીણાભાઈનો દરબાર હોય, શ્રીહરિ જ્યાં જ્યાં પધારે ત્યાં એક કોરે કથા-વાર્તા અખાડાઓ ધમધમતા હોય તો બીજી તરફ કથા પૂરી થતા જ હિંડોળે બિરાજી રંગ ઉત્સવોમાં ગુલાલ અને રંગોની પિચકારીઓ સાથે ઉત્સવોની રમઝટ ચાલતી હોય ! ગઢપુર દાદાના દરબારમાં તો ઓરડે ઓરડે હિંડોળાઓ બંધાવી શ્રીહરિને હૈયાના-હેતથી અખંડ ઝુલાવ્યા કે આજ પર્યંત હરિવર દાદાના હૈયાથી હેઠા ઉતરી શક્યા નથી. આ જોઈ વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ તો બાર-બાર બારણાનો બેનમૂન કલાત્મક એક અદ્‌ભુત હિંડોળો બનાવી વડતાલમાં ફુલવાડીના આંબાની ડાળે ઝૂલતો મેલી અને તેમાં શ્રીહરિને બિરાજવા પ્રાર્થના કરી ત્યારે આવો ભવ્ય અને દિવ્ય હિંડોળો જોઈ એક વખત તો સ્વયં શ્રીહરિ પણ અચંબો પામી ગયા ! સંતો હરિભક્તોના અંતરમાં ઉભરાય રહેલી ભક્તિ ભાવની હેલીને હલેસો આપવા શ્રીહરિએ પણ આજે અદ્‌ભુત કૌતૂક કર્યું. પોતે પણ એકી સાથે બાર સ્વરૂપો ધારણ કર્યા. અને હિંડોળે ચડી તેના બારે-બાર બારણે ભિન્ન ભિન્ન મુદ્રાઓમાં એકી સાથે દર્શન આપ્યા. જય-ઘોષના બુલંદી નારાઓ સાથે ભક્તવૃંદમાંથી કોઈ ગુલાલની છોળો-ઉછાળવા લાગ્યા તો કોઈ ગુલાબના પુષ્પો કે ડોલર મોગરાના હારની વૃષ્ટિ કરી પ્રભુને વધાવવા લાગ્યા તો કોઈ રંગભરી પિચકારીઓથી પ્રભુને ભીંજવવા લાગ્યા. આછા સ્મિત સાથે અમૃત વરસાવતા વાલમને નિહાળી સંતવૃંદ પણ તાલે ચડ્યું. જોત જોતામાં સંગીતના સૂરો પણ રેલાવા લાગ્યા અને હિંડોળાનું ઝીલણીયું ઝીલવા લાગ્યું કે,,,,

- વડતાલ ગામ ફુલવાડી રે, હિંડોળો આંબાની ડાળ. બાંધ્યો આંબલીયાની ડાળ, વાલો મારો હીંચે હિંડોળે આંબાની ડાળ....

- બાર-બાર બારણાના હિંડોળે ઝુલત, કરી નિષ્કુળાનંદે કમાલ, હિંડોળે હરિ ઝુલતા રે....

- આવ્યો શ્રાવણ માસ અનુપ, હિંડોળો માચ્યો રે, જોઈ રાજી થયો મહેશ તાંડવ નાચ્યો રે.....

- હિંડોર નામે હોરે હોરે ઝુલો મહારાજ, છેલ ઝુલાવું રત્ન હિંડોળે સુફલ કરૂ સબકાજ હિંડોર નામે હોરે.....

આમ એક પછી એક, એક-મેકને ચડે બેક, બેક એવી કીર્તનોની રમઝટ શરૂ થઈ તે આજ પર્યંત અવિરત પણે ગુંજી રહી છે. ભક્ત હૈયાને ભીંજવી રહી છે.

ઝુલતો હિંડોળો નજીક આવે ત્યારે ભગવાનના સમીપપણાનું સુખ સમજાવી આધ્યાત્મિક યોગ માર્ગે ભક્તિ ભાવનું સિંચન કરે છે. અને હિંડોળો દૂર જાય છે ત્યારે ભગવાનના દુ:ખથી વિરહ અગ્નિમાં શેકી શેકીને ભક્તિની પરિપકવતાએ આરાધના ચિંધે છે. આમ હિંડોળાની હીરની દોરી સદાય હાથમાં રાખી ભક્તિ સાથે જ્ઞાનનું સંયોજન થતાં હિંડોળા પર્વ ભક્તો માટે એક ચિર:સ્મરણીય સુખદાયક સંજીવની બની રહે છે.

ગામે ગામ હરિ મંદિરો છે !

"આજે તો આંખો મહીં, અને બહાર હરિમંદિરો છે !
તેજ ચોગમનું છે ઝોકાર, આચાર્યકૃત પ્રાણપ્રતિષ્ઠિત મંદિરો છે.

ઘૂઘવે કરુણાનિધાનની કૃપા, કે ગામેગામ હરિમંદિરો છે,
મંદિર હરિભક્તોનો મોટો આધાર, કે દેવ દર્શન સુલભ છે.

'ઘનશ્યામ' છપૈયાથી પ્રગટ્યા બહાર, કે ગામેગામ હરિમંદિરો છે,
શ્રીજી ચૌદે ભુવનને ચોક, કે ભાઈઓ અને બાઈઓનાં મંદિરો છે.

દીધાં દર્શન હરિભક્તોને હારોહાર, કે હરિમંદિરો છે,
સારુંય બ્રહ્માંડ શ્રીહરિસભર છે, કે ગામેગામ હરિમંદિરો છે.

આજે તો ગામેગામ આંખોને અંતરપાર હરિમંદિરો છે,
અનુયાયીઓને ઓરતા અનરાધાર, કે આચાર્યશ્રી હાજરા હજૂર છે."

પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

મહારાજે મંત્રસિદ્ધ મગનીરામનું માનસ પરિવર્તન કર્યું

પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલો જિજ્ઞાસુ બાળક સૌ કોઈને પૂછે : "તમે ભગવાનને જોયા છે ?"

એક મહાત્માએ કહ્યું : "તું તારા ઈષ્ટદેવની ભક્તિ કર, તને જરૂર ભગવાન મળશે."

મગનીરામે ભક્તિમાર્ગ અપનાવ્યો અને શાસ્ત્રો પુરાણોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો.

દ્રવિડ દેશનો એક મંત્ર સિધ્ધ પંડિત યુવાન મગનીરામના સંપર્કમાં આવ્યો. આ પ્રતિભાશાળી મગનીરામ સાથે પોતાની વહાલસોયી પુત્રીને પરણાવવાનો આ પંડિતે મનોમન વિચાર કર્યો.

પંડિતે કહ્યું : "મગનીરામ ! મેં મંત્ર સિધ્ધિ પ્રાપ્ત કરી છે. હું મંતરજંતનો જાણકાર છું. જો દેવીની કૃપા તારા પર ઉતરશે તો તારો બેડો પાર થઈ જશે !"

મગનીરામે એવું અર્થઘટન કર્યું કે, દેવીની કૃપાથી મને જરૂર ભગવાનનાં દર્શન થશે.

મંત્રસિધ્ધ મહાત્માને ગુરુ માની મગનીરામે મંત્રસાધના શરૂ કરી. સમયાન્તરે સિદ્ધિદાયી દેવી એમના પર રીતસર રિદ્ધિ-સિદ્ધિની વર્ષા કરવા લાગ્યાં. આ મંત્રસાધનાના પ્રયોગોમાં અને લક્ષ્મીની લાલસામાં મગનીરામ લક્ષ્મીપતિને ભૂલી ગયો !

ત્રણ વર્ષ પછી મગનીરામ જ્યારે મંત્રસિદ્ધ બન્યો ત્યારે તેણે ગુરુવર્યની જવા માટે અનુમતિ માગી. ગુરુએ કહ્યું : "મગનીરામ ! મારી ગુરુદક્ષિણા આપતો જા."

"ગુરુવર્ય ! જે જોઈએ તે માગો."

"મારી આ પુત્રી સાથે લગ્ન કર."

"ગુરુવર્ય ! ગુરુપુત્રી એ તો મારી બહેન ગણાય."

આખરે ગુરુનો આશ્રમ છોડી તે જગન્નાથપુરી, કાશી, હરિદ્વાર વગેરે યાત્રાધામોમાં ગયો.

તમાશાને તેડુ ન હોય. ભારતવાસીઓ એની સિદ્ધિઓથી અંજાઈ ગયા ! એના શિષ્યવૃંદમાં દિનપ્રતિદિન અભિવૃદ્ધિ થવા લાગી.

રાજાઓ પણ મગનીરામની મદદ લેતા. આ રીતે તેણે અઢળક દ્રવ્યો પાર્જન કર્યું. મંત્રસિદ્ધ મગનીરામ **'મગનીરામ દેવીવાળો'** એ નામે ઓળખાવા લાગ્યો.

આશરે અઢીસો વર્ષ પહેલાં એણે દ્વારકામાં ભવ્ય મહેલ જેવો મઠ બાંધ્યો હતો. મગનીરામ છપ્પન ભોગ જેવી મિજબાની જમતો ! આ મંત્રસિદ્ધ મગનીરામની સવારી જ્યારે બહાર નીકળે ત્યારે સૌ પ્રથમ શણગારેલ ઊંટ પર નોબત વાગે, તેના પર મગનીરામની ધજા લહેરાય. પોતે પાલખીમાં વિરાજમાન થાય ત્યારે ચાર ઘોડેસ્વારો આગળ અને ચાર ઘોડેસ્વારો પાછળ હાથમાં વિવિધ શસ્ત્રો સહિત સાથે ચાલે.

"દેવીવાળા મગનીરામનો જય હો !"

"મંત્રસિદ્ધ મગનીરામનો જય હો !"

સવારી આવે છે એવી જાણ થતાંની સાથે જ માનવ-મહેરામણ બાજુ પર હટી જાય, તે હવામાં એક ફૂંક મારતો અને આગની જવાળાઓ નીકળતી ! લોક તથા ગર્ભશ્રીમંતો ભયભીત થઈને હજારો રૂપિયા ચરણે ધરી દેતા.

મગનીરામ ફરતો ફરતો પોરબંદર સવારી સાથે પહોંચ્યો. ગોંસાઈજી પાસે પોતાના લાગાના રૂપિયા પાંચ હજાર માગ્યા. મંત્રસિદ્ધિના જોરે ગોંસાઈને બેભાન કરી દીધો. ગોંસાઈજી જ્યારે ભાનમાં આવ્યા ત્યારે તેમણે કહ્યું :

"મગનીરામ ! મારવો હોય તો મીરને મારને ! તું માંગરોળ જઈ મણિધરને નાથે તો 'મગનીરામ દેવીવાળો' સાચો.

"કોણ મણિધર ?"

"સહજ - આનંદના - સંદેશક શ્રી સહજાનંદ સ્વામી, જેઓ 'ભગવાન સ્વામિનારાયણ' તરીકે પંકાય છે."

માંગરોળના નવાબ પણ સહજાનંદ સ્વામીને વંદનીય અને પૂજનીય ગણતા હતા. મગનીરામ ચેલાઓ સાથે પહોંચ્યો નવાબ પાસે, અને પોતાની સિદ્ધિઓનું પ્રદર્શન કરવા લાગ્યો. ફૂંક મારીને આગ પ્રગટાવી અને તેમાં કૂદી પડ્યો અને એકાએક બહાર આવી ગયો ! જમીનમાં દટાયો પણ નવાબે જોયું તો મગનીરામ પોતાની પાસે જ બેઠો હતો !

"નામદાર ! લાવો રૂપિયા દસ હજાર."

"દસ હજાર નહિ, રૂપિયા વીસ હજાર આપું, જો તું તારી સિદ્ધિ સ્વામિનારાયણ પાસે કરી દેખાડે તો..." તે ચીપિયો ખખડાવતો ગયો શ્રીજી મહારાજ પાસે. મહારાજ સભા ભરીને

(અનુસંધાન પાના નં ૧૬ઉપર)

સત્સંગીના રોટલા

- પટેલ ગાંડાભાઇ મોહનલાલ (કોલ્હાપુર)

ગામ કાંકશીયાના ભરવાડ પાંચો અને વાલો દ્વારકા જાત્રાએ ગયેલ. રણછોડરાયજીનાં દર્શન કર્યા પછી તે બન્નેને સ.ગુ. સચ્ચિદાનંદ સ્વામી મળ્યા. બન્નેએ ભાવથી તેમને પગે લાગ્યા ને પૂછયું. "તમો કોના સાધુ છો ?"

તો સ્વામીએ કહ્યું : કે "અમો સ્વામિનારાયણના સાધુ છીએ, અમોને રણછોડરાયજીએ દર્શન દીધા છે અને તેમણે કહેલ છે કે અમો તમારી સાથે વડતાલ સ્વામિનારાયણ પાસે આવીશું અને બધાં તીર્થ સાથે હવેથી મૂળી અને વડતાલ રહીશું." આમ કેટલીક વાતો કરતાં સ્વામીએ સત્સંગ કર્યો. તે બન્ને પાંચો અને વાલો તેમના થઈને રહ્યા. સ્વામીએ તેમને વર્તમાન ધરાવી કંઠી બાંધી સત્સંગી બનાવ્યા.

તે બન્નેને લાગ્યું કે ભગવાનની કથાઓમાં જેવાં સાધુનાં લક્ષણો કહેવામાં આવે છે તેવા જ સાધુ આપણને મળ્યા તેથી આપણે ખરેખર ધન્ય થયા છીએ. આમ તેઓ જાત્રા કરી ઘરે આવ્યા ને સદાય સ્વામિનરાયણને ભજતા રહ્યાને બધાંને ભજવતાં રહ્યા.

એકવાર ગામને ચોરે ગામના દરબાર હકોભાઈ, ખાંભાના દરબાર જેઠીભાઈ, વડાળીના દરબાર મધોભાઈ તથા પાડાસણના દરબાર સુલતાનજી બેસીને ગામ-ગપાટાં મારતા હતા. ત્યાં સત્સંગી વાલો ત્યાં આવ્યો ને તેમની સાથે વાતો કરતા બેઠો. બધા વાલાને મશ્કરીમાં કહેવા લાગ્યા. "અલ્યા, વાલા, તું તો સ્વામિનારાયણો થઈ ગયો છે ?"

ત્યારે વાલો ભરવાડ છાતી કાઢીને બોલ્યો, "હા, દરબારો હા ! શ્રી સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાન છે, તેમના સાધુ તો કથામાં જે ધરમ કહ્યા છે તે પાળે છે અને અન્યને પણ સમજાવી પળાવે છે, સર્વેને પાપમાંથી મુકાવે છે ને પરલોકનો રાહ બતાવે છે..... તો તમો પણ દરબારો હવે જીવડાં મારવાનું મુકી દોને તેમનો આશરો લઈ લો તો તમારૂં કલ્યાણ થઈને રહેશે...."

આવી વાલાની ભલી-ભોળી વાતોથી ચારે દરબારોને કંઈ શ્રધ્ધાના અંકુર ફૂટ્યા ને કહેવા લાગ્યા. "અલ્યા વાલા ! તારા સ્વામિનારાયણ હાલમાં ક્યાં છે ?" ત્યારે વાલો ભરવાડ કહે : "હાલ તો તે ગઢડે હશે ! એકવાર મળવા જેવા તે છે હાં !"

ચારે દરબારોના મનનો દીવડો હલચલ થવા લાગ્યો ને છેવટે નક્કી કર્યું કે મળીએ તો ખરા, જોઈએ કેવા છે વાલાના સ્વામિનારાયણ ! અને ચારે જણે ઘોડલાં તૈયાર કર્યા. ભાતલાં બાંધ્યાને ચાલ્યા ભગવાનને ગોતવા ! વળી મનમાં નક્કી કર્યું કે જ્યારે અને જ્યાં તે આપણને મલે ત્યારે તે આપણાં ગામ અને નામ દઈને બોલાવે, વળી તે આપણને પ્રેમથી જમવા બેસાડે તો આપણે તેમના સત્સંગી થઈને રહેવું અને તેમને ભગવાન માનવાં !

ચારે જણા દબાતે ઘોડે પહોંચ્યા ગઢડા ને એભલ ખાચરના દરબારમાં જઈને પૂછયું, "તમારા સ્વામિનારાયણ ક્યાં છે ?" ત્યારે એભલ ખાચરે કહ્યું, "તે તો બે દિવસથી કારીયાણી ગયા છે." આવો ચારેયને બેસો આરામથી મારી પાસે, ખાટલા ઢાળ્યાને ઠંડાં જળ પાયાં. આગતા સ્વાગતા કરી. શ્રીજીના મહિમાની વાતો કરીને વાલથી સાથે બેસી રોટલા ખાધા.

ઘડી બે ઘડી પોરો ખાઈને ચારે કાઠી દરબારો એભલ ખાચરની રજા લઈને કારીયાણી જવા ચાલ્યા. ભગવાનને ગોતવા નીકળ્યા છે જાણી એભલ ખાચર ખુશ ખુશ થઈ ગયા. ચારે જણ દબાતે પગલે આવ્યા કારીયાણી ગામ, માંચા ખાચરને ત્યાં જઈ શ્રીજી મહારાજના ભાળ પૂછ્યા ? તો માંચો ખાચર કહે, "મહારાજ તો અહીંથી ધોલેરા ગયા ! ભલે આવ્યા તમે સૌ" ખાટલા ઢળાવ્યાને પોરો ખાવા બેસાડ્યા. ઘોડલાંને નિરણ નાખ્યાં. બેસીને શ્રીજીના મહિમાની વાતો કરી. તે તો અક્ષરધામના વાસી છે તેની શ્રદ્ધા બેસાડી. ચારેયને ખૂબજ નેહથી રોટલા ખવડાવીને રાતવાસો કરાવ્યો. સત્સંગીના ત્યાં રાત તો ભજન ગાઈને જ કઢાય ને !

બીજે દિને ચારે જણ રજા લઈ ચાલ્યા. ધોલેરા જવા. માંચો ખાચર તો ભગવાનને ગોતવા વાળાને વળાવતાં આંખડી ભીની કરી ગયા ! ચારે આવ્યા ધોલેરા પૂંજાજી દરબારને ત્યાં ને પૂછ્યું, "સ્વામિનારાયણ ક્યાં ઉતર્યા છે ?" તો ત્યાં પણ એક જ વેણ મલ્યાં, "મહારાજ તો કાલે જ જેતલપુર જવા નીકળ્યા ! પરંતુ પૂંજાજી દરબાર કંઈ પરબારા ભગવાનને ગોતતા આવેલ જીવોને જવા

દે ખરા ! ચારેના ઘોડલાં છોડાવ્યા, ખાટલા ઢાળ્યા. સત્સંગની વાતો કરીને ભાવથી જમાડ્યા. ઘણા આગ્રહે બે દિવસ દરબારે રાખ્યા. મહેમાન અને યજમાન બન્ને ખુશ થઈ ગયા.

પછી ચાલ્યા ચારે જેતલપુર ગંગામાને ઘરે આવી પૂછ્યું, માડીના ભાવવાળાં ગંગામાએ કહ્યું : "મહારાજે તો આજે સવારે જ અમદાવાદ જવાની વાટ પકડી ! પણ તમો ઉતાવળ ના કરશો. બેસોને જળપાન કરો. વિશ્રામ કરો. કંઈ ભગવાન જતા નથી રહેવાના ! ગંગામાએ તો ભગવાનને ગોતવા નીકળેલ ભક્તોને પોતાના રોટલા જમાડ્યા. મહારાજના અલૌકિક મહિમાની વાતો કરીને નિર્મળ બનાવી રજા આપી.

હવે તો ચારે જણ સત્સંગીના રોટલા ખાઈ ખાઈને શ્રીજીના મહિમાની વાતો સાંભળી નિર્મળ મનના થઈ ગયા હતા. મનોમન વિચારતા હતા કે મહારાજના સત્સંગી ભક્તો આવા છે તો સાક્ષાત્ સ્વામિનારાયણ કેવા હશે ! હૃદયની સરવણી નિર્મળ શુદ્ધ થઈને વહેવા લાગી !

ચારે જણ હવે ઉપડ્યા અમદાવાદ જવાને, આવ્યા કાંકરિયા તળાવે કે જ્યાં શ્રીજી મહારાજ તંબુ તાણીને બિરાજ્યા હતા. સામે સંતો-પાર્ષદોને હરિભક્તો કથાવાર્તામાં રસ બોળ હતા. ત્યાં ઘોડા પરથી ઉતરીને તંબુમાં આવ્યા ને શ્રીજી મહારાજને વંદન કરી નમ્યા. તો મહારાજે ચારે જણાને ગામ અને નામ સાથે ખૂબજ પ્રેમથી બોલાવ્યા. "તમો તો અમારા દર્શન કાજે ખૂબ ખૂબ ફર્યા. જ્યાં જ્યાં ફર્યા ત્યાં ત્યાં અમારા સત્સંગીના રોટલા ખાધા. કુસંગના પોટલાં છોડ્યાં, અમારી વાતો સાંભળી સાંભળી તમો તો નિર્મળ મનના થઈ રહ્યા. હવે તો તમો અમારા જ છો ને અમારા થઈને રહેવાના છો !" ચારેય શ્રીજી મહારાજના ચરણોમાં દંડવત કરી "મહારાજ ! અમોને તમારા શરણમાં લઈને તમારા કરીને રાખો !" શ્રીજી મહારાજે પોતાની છાતીએ ચાંપ્યાને પોતાના કરી રાખ્યા. ખૂબજ ભાવથી જમાડ્યા. આજે પણ તેમના કુટુંબમાં પરંપરાનો સત્સંગ છે.

શ્રીજીને ગોતતાં ગોતતાં ખાધાં
સત્સંગીનાં રોટલા
શ્રીજીનાં દર્શન થાતાં વેંત છૂટ્યાં
કુસંગના પોટલાં !

મહારાજે મંત્રસિદ્ધ મગનીરામનું માનસ પરિવર્તન કર્યું (પાના નં ૧૪નું ચાલુ)

બેઠા હતા. ઉચ્ચ આસન પર એક તેજસ્વી તેજ પુંજ નિહાળીને હૃદયનો એક થડકારો ચૂકી ગયો ! પહેલી જ નજરે એને અજબનો આંચકો લાગ્યો. પરંતુ સ્વસ્થ થઈને બુલંદ અવાજે તે બોલી ઉઠ્યો : "આ પાખંડ ચલાવવું હવે બંધ કરો છે. કોઈ સિદ્ધિ તમારી પાસે ?"

મહારાજે મધુર વાણીમાં કહ્યું : "અમારી પાસે સિદ્ધિ કેવી ! અમે તો કથા-વાર્તા કરીને ઉપદેશ આપી જાણીએ." "રૂપિયા દશ હજાર આપો નહિતર ધનોત પનોત કરી નાખીશ !"

"અમારા જેવા ત્યાગી પાસે પૈસા હોય જ નહિ, હા, ભૂખ લાગી હોય તો સદાવ્રત મંદિરમાં શરૂ કર્યું છે, તમે બધા જમી આવો."

મંત્રસિદ્ધ, મહાયોગી મગનીરામ દેવીવાળો પહોંચ્યો દેવીની આરાધના કરવા, કારણ કે ફૂંક મારીને આગ પણ પ્રગટાવી શક્યો નહિ.

"મા ! સ્વામિનારાયણે ભરસભામાં મારું અપમાન કર્યું છે. એને તમે પરચો દેખાડો."

"મગનીરામ ! તું મારો સેવક છે, એમ હું પણ કોઈની સેવિકા હોઈશને !"

"અરે ! આપ અને સેવિકા ! કોની ?

"ભગવાન સ્વામિનારાયણને તો મારા જેવી અનેક સેવિકાઓ છે." 'ભગવાન' શબ્દ સાંભળતાં જ મગનીરામનું માનસ પરિવર્તન થઈ ગયું. કિશોરાવસ્થાથી જ તે ભગવાનના દર્શન માટે નીકળી પડ્યો હતો. આ જટાધારી મહારાજને શરણે આવ્યો અને કહ્યું કે મારી બધી જ સંપત્તિ આપના ચરણે ધરી દેવી છે મને દીક્ષા આપો.

મહારાજના કહેવાથી મગનીરામે જટા ઉતરાવીને મુંડન કરાવ્યું, એનું અભિમાન આજે ઓગળી ગયું ! મહારાજે પંચવર્તમાન ધરાવીને દીક્ષા આપી અને 'અદ્વૈતાનંદ' નામાભિધાન રાખ્યું. મગનીરામના શિષ્યોએ પણ ગુરુને અનુસરીને મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી.

સંપ્રદાયનું ગૌરવ

આપણા ઈડર દેશના થુરાવાસ ગામના પ.ભ. અમીચંદ જોઈતારામ પટેલના પુત્ર પ.ભ. જીતેન્દ્રકુમાર (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) પટેલના ચિ. પંકજકુમારે ચાલુ વર્ષે દિલ્હી ખાતે લેવાયેલ સી.એ.ની પરીક્ષામાં ઉર્તિણ થયા છે. અને અમદાવાદ અને હિંમતનગરમાં પોતાની ઓફિસ શરૂ કરી છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

ISSO નો ઈતિહાસ

- પ્રહલાદભાઇ વી. પટેલ (કરજીસણવાળા-ન્યુજર્સી)

અમેરિકાની ધરતી ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલ મૂળ સંપ્રદાયનો ધર્મધ્વજ ફરકાવ્યો હોય તો તેનો સમગ્ર યશ જાય છે આપણા સર્વેના લાડીલા પરમ પૂજ્ય ધર્મધુરંધર, શ્રી નરનારાયણદેવના છઠ્ઠા પીઠાધિપતિ, ધર્મસંરક્ષક ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ! શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ પાંદડે પાંદડે લખાશે એ સત્યની કલમની વિદેશની ધરતી પર યુ.કે., આફ્રિકા, ઓસ્ટ્રેલિયા તથા અમેરિકામાં સૌ પ્રથમ શરૂઆત કરનાર હોય તો તે છે આપણા મહારાજશ્રી. ખરેખર જેમના હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન હોય તેજ સત્ય ધર્મનું પાલન કરી બીજાને ભગવાનના માર્ગમાં જોડી શકે. દરેક મહાન કાર્યની પાછળ અથાગ પરિશ્રમ, નિઃસ્વાર્થ ત્યાગ ભાવના તથા કુશળ બુદ્ધિમત્તાની જરૂર હોય છે.

ધર્મ ધર્મ સૌ કહે, ધર્મમાં બહુ મર્મ છે,
ધર્મસુતના વચન, એજ સાચો ધર્મ છે.

દરેક સારા કાર્યની શુભ શરૂઆતનો યશ કોઈ નસીબદાર હોય તેને જ મળે છે. ભગવાનની કૃપાથી જ આવી તક મળતી હોય છે. જીંદગીમાં મોટા સત્પુરુષોની સેવાનો યોગ મળે તે વધાવી લેવો. અમેરિકાની વિશાળ ભૂમિ પર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાન્તોનો પ્રચાર કરવા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીની અમીમય દૃષ્ટિ કોના ઉપર પડી ? એ મહાન કાર્યનું નિમિત્ત કોણ થયું ? આપ પણ આવા જ કોઈ ધાર્મિક કાર્યમાં જરૂરથી નિમિત્ત બનજો.

ISSO ના ઈતિહાસનો નિમિત્ત બને છે એક શ્રી નરનારાયણદેવના ચરણકમળમાં દીકરાની જન્મની ખુશાલીનો નાનો સો ભેટનો ચેક ! અમેરિકા મોકલેલ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રસન્નતા તથા આશીર્વાદ માટે મોકલેલ પત્રનું એડ્રેસ !

મારું ગામ છે દંઢાવ્ય દેશની સર્વોત્તમ પ્રસાદીનું તીર્થધામ-કરજીસણ. જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાન ૩૬ વખત પધારી જન્માષ્ટમી સમૈયો આદિક લીલા કરી છે. મારું નામ છે પ્રહલાદભાઈ વિઠ્ઠલદાસ પટેલ, શ્રીજી મહારાજની કૃપાથી અમેરિકામાં અમારે ત્યાં ૧૪ સપ્ટે. ૧૯૭૭ ના રોજ પ્રથમ પુત્ર જન્મની પ્રાપ્તિ થઈ. જન્મ દિન નિમિત્તેની ભેટ તો પ્રથમ આપણા ઈષ્ટદેવને જ અર્પણ કરાયને ! શ્રી નરનારાયણદેવને યાદ કરી મેં ૨૫-૦૦ ડોલરનો ચેક શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરને ભેટ મોકલી. જે કવરમાં ભેટ મોકલ્યો તેના ઉપરનું એડ્રેસ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી મોટા મહારાજશ્રીએ રાખી લીધું અને સંકલ્પ કર્યો યુ.એસ.એ. પધારવાનો !

પ.પૂ. મોટા મહારાજશ્રીએ અમોને વળતો શુભાર્શીવાદ પત્ર પાઠવ્યો, તેમાં વધુમાં લખ્યું હતું કે તમો શ્રી નરનારાયણદેવના આશ્રિત છો. અમે હાલ શ્રી નરનારાયણદેવ ગાદીના આચાર્ય છીએ. અમારે ધર્મના પ્રચાર અર્થે અમેરિકા આવવું છે તો તમો અમોને શું મદદ કરશો ?

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નો આશીર્વાદ પત્ર વાંચી અમોને ખૂબજ આનંદ થયો. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી કોને આનંદ ન થાય ! પરંતુ પત્રની પાછળની માગણીથી મારા જેવા સામાન્ય વ્યક્તિ માટે ખૂબજ વિચાર માગી લે તેવું કામ હતું. એક-બે વર્ષ પહેલાં નવા નવા ગયા હોઈએ, સર્વિસ કરતા હોઈએ, એપાર્ટમેન્ટમાં રહેતા હોઈએ, પાસે બેંક બેલેન્સ પણ ન હોય, જ્યારે ઈન્ડિયામાં હતા ત્યારે સો ફૂટ દૂરથી જ દર્શન કરી સંતોષ રાખવો પડે. કેમ કે હારના ખિસ્સામાં પૈસા ન હોય, અને આપણી કોઈ મોટી ઓળખાણ પણ ન હોય, ગામડાના ખેડૂતના દીકરાનું ગજુ પણ શું ? જલઝીલણી એકાદશીના સમૈયામાં બા સાથે આઠ આના ટિકિટના ખર્ચી કાલુપુર સ્ટેશનથી ચાલતા હાથીની અંબાણી ઉપર વિરાજમાન આચાર્ય મહારાજશ્રીના દર્શન મંદિરના ચોકમાં આવેલ દુકાનના પગથિયેથી થતાં તેનો અમને આનંદ હતો. આવડા મોટા ગાદીપતિ મહારાજશ્રીને આપણે ઘેર બોલાવવાનું આમંત્રણ આપવું એ એક મોટું જીંદગીનું સાહસ હતું.

સ્વામિનારાયણ ભગવાનને યાદ કરી મનોમંન નક્કી કર્યું કે અમેરિકા

દીઠા ઘનશ્યામ.....

ઘનશ્યામ વહેલેરા પધારજો રે,
એ તો મારા આત્માના આધાર હો રાજ..... ઘન.
સદા રંગમહોલે દીઠા શોભતા રે,
પ્રત્યક્ષ નરનારાયણદેવને દરબાર હો રાજ..... ઘન.
મૂર્તિ માધુરી અતિ શોભતી રે,
એવું રૂપ જગમાં ન દીઠું ક્યાંય હો રાજ..... ઘન.
જોઈ મુખની લાવણ્યતા અતિ ઘણી રે,
એ તો જાણે ઉભા વ્હાલો સાક્ષાત્ હો રાજ..... ઘન.
એવી મૂર્તિ નહિ આ બ્રહ્માંડમાં રે,
એ તો વાલો સાક્ષાત્ સ્વામિનારાયણ આપ હો રાજ..... ઘન.
જોયું રૂપ તારું રળિયામણું રે,
'પ્રહલાદ'ના હૃદયે વસજો સદાય હો રાજ..... ઘન.

પ્રહલાદભાઈ વિ. પટેલ
(ન્યુજર્શી - કરજીસણવાળા)

આવવાની મદદ માગનાર કોણ છે ! પૂ. મહારાજશ્રીનો સંકલ્પ એટલે ભગવાનનો સંકલ્પ. બલીરાજાને ત્યાં વિષ્ણુ ભગવાન વામનજી બનીને આવ્યા અને ગુરુને કહ્યું આજે માગનાર કોણ છે, અમારા ભાગ્ય ઉદય થયાં. આખી જીંદગી મંદિર જઈ ભગવાનની ભક્તિ કરી તેનું આજે ફળ મળી ગયું. અને મેં જવાબમાં લખ્યું કે, "પૂ. મહારાજશ્રી, આપ અમેરિકા જરૂરથી પધારશો. અમારાથી બનતી બધી સેવા કરીશું. મારે ગ્રીનકાર્ડ છે તેથી આપની તથા સંતોની સ્પોન્સરશીપ પણ મોકલશું. આપ અમેરિકા પધારી અમોને દર્શનનું સુખ આપશો. પરંતુ નાની શી વિનંતી છે કે હું જ્યાં ભાડેથી એપાર્ટમેન્ટમાં રહું છું. ત્યાં ફક્ત એક જ બેડ રૂમ, એક લીવીંગ રૂમ અને નાનું કીચન છે. તેમાં જે ઉતારાની વ્યવસ્થા થઈ શકે તેમ ગોઠવશું. અને બીજી વિનંતી કે અહીં અમારી કોઈ મોટી ઓળખાણ નથી તો સત્સંગીના નામ એડ્રેસ મોકલશો. જેથી સરળ પડે.

અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રીએ ઊંઝાના વતની શ્રી રમણભાઈ પટેલ તથા સહજાનંદ કોલેજના પ્રોફેસર શ્રી પ્રબોધભાઈ શાહના નામ, એડ્રેસ, ટેલીફોન મોકલ્યાં. બંને સાથે વાતચીત કરી પ્રોગ્રામ માટે વાતચીતો ચાલુ કરી. પ્રથમ ટ્રીપમાં બે સંતો તથા સહજાનંદ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સી.એલ. શાસ્ત્રી સાહેબને આવવાનું નક્કી થયું. બીજી ટ્રીપમાં પૂ. મહારાજશ્રી તથા સંતોને પધારવાનું નક્કી થયું.

અમેરિકામાં ૧૯૭૮ ની પ્રથમ યાત્રામાં આચાર્ય મહારાજશ્રી દૂર દૂર ઘરે ઘરે જઈ મુમુક્ષુઓને શોધ્યા. ૨૮૦૦૦ માઈલની મોટરમાં મુસાફરી કરી.

અને અમેરિકામાં ISSOનો શુભ પ્રારંભ થયો અને ૧૯૭૮ ના વિજયા દશમીના શુભ દિને પ.પૂ. લાલજી મહારાજ (હાલના ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી)ના જન્મ દિને શ્રી નરનારાયણદેવ ગાદી તાબાની સંસ્થા ISSOનું નિર્માણ અમેરિકામાં થયું.

પરિણામ સ્વરૂપ અત્યારે શ્રી નરનારાયણદેવ ગાદી તાબાના એડિસનમાં ત્રણ મંદિર (વિહોકન, કોલોનિયા, ચેરીહીલ) બોસ્ટન, ટેમ્પા, ફલોરિડા, હ્યુસ્ટન, શિકાગો, લોસ એન્જલિસ, ડેટ્રોઈટ એમ કુલ ૯ મંદિરોમાં શ્રીહરિ બિરાજે છે. અને એકાદ બે વર્ષમાં પારસીપની, કલિવલેન્ડ અને સાનહોઝે એમ ત્રણ નવા મંદિરો ક્યુ (Q) માં રાહ જોઈ રહ્યા છે.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ રોપેલ બીજને વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યુવાનોને ખૂબજ ઉત્સાહ પ્રેરીને બળ પુરૂ પાડ્યું છે. આજે તે મોટું વટવૃક્ષ બન્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સતત ને સતત યુવકોને પ્રેરણા બળ પુરુ પાડીને ISSO ને વેગવંતુ બનાવી રહ્યાં છે. જેમાં ISSO દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી ચાલતી "સેવા" સંસ્થા સામાજિક સેવાની પ્રવૃતિમાં હાલ ખૂબજ કાર્યરત છે.

સત્સંગ સૂરભિ :

"સંસાર શું સરસો રહે પણ મન મારી પાસ !"

– અતુલ પોથીવાલા (અમદાવાદ)

બંધિયા ગામના ડોસાભાઈ વણિક વેપારી હતા. ગોળનો મોટો કારોબાર કરે. ગામે ગામથી દુકાનમાં ગોળનાં ગાડાં આવે, ગાડાંની લાંબી લાઈન લાગી જાય. ડોસાભાઈ ગોળ ઉતરાવી, જોખાવી વખારોમાં ભરાવે. કોનો માલ, ક્યારે આવ્યો, કેટલો આવ્યો, કોણ લાવ્યું એ બધી નોંધ રાખે, આમ મોડી રાત સુધી કામ ચાલે.

ડોસાભાઈ બહારથી જાણે ગોળના વેપારમાં ગળાડૂબ હોય એમ દેખાય પરંતુ એમનો માંહ્યલો તો મહારાજની મૂર્તિ સાથે જ જોડાયેલો હોય. મહારાજના એ પરમ સત્સંગી હતા. મહારાજની આજ્ઞા અને ઉપાસના શીર સાટે પાળે. એમની સાથેના બીજા મહાજનોને લાગે, "ડોસાભાઈ મહારાજને બનાવે છે. એમને ધંધો વહાલો છે. એવા મહારાજ વહાલા નથી. જુઓને આખો દિ' ધંધામાં એવા ડૂબેલા રહે છે કે મહારાજને ઘડી યે યાદ નહીં કરતા હોય !"

બન્યું એવું કે એકવાર કેટલાક વેપારીઓને ગઢડા થઈને ક્યાંક લગ્નમાં જવાનું થયું. મહારાજ તે વખતે ગઢડે વિરાજતા હતા. એટલે આ લોકોએ વિચાર કર્યો કે "ગઢડા આવ્યા છીએ તો ચાલોને મહારાજનાં દર્શન કરતા જઈએ."

એટલે બધા મહારાજનાં દર્શન કરવા આવ્યા. મહારાજે એમને આવકાર આપી બોલાવ્યાને પૂછ્યું : "અમારા ડોસાભાઈનાં શા ખબર છે ? અમને કેવાં યાદ કરે છે ?"

મહારાજને એમનાં એક એક ભક્તજન ઉપર અપાર પ્રેમ. પ્રસંગ આવ્યે યાદ કરીને એમનાં ખબર અંતર પૂછે. મહારાજે ડોસાભાઈના સમાચાર પૂછ્યા એટલે આ વેપારી મહાજનોને હસવું આવી ગયું. ઘણાં વખતથી ડોસાભાઈ પ્રત્યે તેમનાં મનમાં કંઈક ઈર્ષ્યા તો હતી જ તે તરત જ બહાર આવી.

"મહારાજ ! એ તો એમના ધંધાને યાદ કરે કે તમને યાદ કરે ! રાત ને દિ' ધંધામાં એવા ડૂબેલા રહે છે કે આપનું નામ લેવાનો યે એમને વખત નથી !"

મહારાજ પણ આ વાત સાંભળી હસ્યા. એ સ્મિત એવું મર્માળુ હતું કે એમણે જણાવી દીધું કે, "તમે ડોસાભાઈને નથી ઓળખતા એટલા અમે ઓળખીએ છીએ." પરંતુ વેપારીઓ મહારાજનો ભાવ સમજી શક્યા નહિ તેઓ તો મહારાજના જવાબની રાહ જોતા હતા. છેવટે મહારાજ બોલ્યા : "ડોસાભાઈને તમે ઓળખતા નથી. સાપ કાંચળી ઉતારે તેમ એ બધી માયા છોડીને હાલતા થઈ જાય એવા છે !"

વાત સાંભળી વેપારીઓ હસી પડ્યા, જાણે મહારાજને પડકાર કરતાં હોય એમ બોલ્યા, "એ વાતમાં કંઈ માલ નહિ." હવે મહારાજે પણ ધીર ગંભીર સ્વરે કહ્યું, "બોલો, ડોસાભાઈ ઘરબાર માલ મિલકત બધું છોડી સાધુ થઈ જાય તો પછી તમે બધા માનશો ને ?"

સીધો જ પડકાર. મહારાજે એકાએક પોતાની પ્રતિષ્ઠા જાણે હોડમાં મૂકી દીધી ! આ પડકારથી વેપારીઓ જરાક ડઘાઈ તો ગયા. પણ એમને ગળા સુધી ખાતરી હતી કે ધીકતો ધંધો મૂકીને ડોસાભાઈ કંઈ સાધુ થાય નહિ. એટલે સર્વે એકી અવાજે બોલી ઉઠ્યા :

"કબૂલ મહારાજ !"

મહારાજે કહ્યું : "ઠીક તો અત્યારે તમે જ્યાં જવા નીકળ્યા છો ત્યાં જાઓ ને વળતા પાછા અહીં આવજો !"

આ લોકો મહારાજને પગે લાગીને વિદાય થયા. આ બાજુ મહારાજે તરત જ બે પાર્ષદોને બોલાવી એક પત્ર લખીને તેમના હાથમાં આપ્યો સાથે એક કપડાંની પોટલી પણ આપી અને કહ્યું :

"બંધિયા જઈ આ પત્ર ડોસાભાઈને હાથમાં આપજો અને આ પોટલી પણ આપજો અને કદાચ ડોસાભાઈ બે દિવસ રોકાવાનું કહે તો રોકાજો."

પાર્ષદો કાગળ લઈને ઉપડ્યા. બંધિયા આવી ડોસાભાઈને મળ્યા ત્યારે ડોસાભાઈ ગોળનાં ગાડાં ખાલી કરાવતા હતા અને જોખાવતા હતા.

પાર્ષદોને જોઈને ડોસાભાઈએ એમને

પ્રણામ કરી 'જય સ્વામિનારાયણ' કહ્યા અને મહારાજની આજ્ઞા પૂછી. એમણે મહારાજનો પત્ર ડોસાભાઈના હાથમાં મૂક્યો ને મહારાજે મોકલેલી કપડાંની પોટલી પણ સામે મૂકી.

ડોસાભાઈએ પત્ર ખોલીને વાંચ્યો એમાં મહારાજે લખ્યું હતું : "સંન્યાસ લઈ ગઢડા આવી અમને મળો. બે દિવસની મુદત આપું છું. આ સાથે અલ્ફી મોકલું છું."

અને તે જ વખતે ડોસાભાઈએ કામ પડતું મૂકી વાળંદને બોલાવી માથું મૂછ મૂંડાવી નાંખ્યા. પછી સ્નાન કરી મહારાજે મોકલેલી અલ્ફી પહેરી સાધુ બની ગયા ! પછી પાર્ષદોને કહે, "ચાલો નીકળીએ."

પાર્ષદોએ કહ્યું, "ઘર, પેઢીની કોઈને સોંપણી નથી કરવી ? મહારાજે અમને બે દિવસ રોકાવાનું કહ્યું છે."

પરંતુ ડોસાભાઈએ કહ્યું, "બધું મહારાજે સંભાળ્યું પછી મારે કંઈ જ કરવાનું રહેતું નથી. હું તો એટલું જાણું કે મહારાજની આજ્ઞા છે એટલે બસ મારે સાધુ બની ગઢડે જવાનું છે."

પાર્ષદો પણ ડોસાભાઈની આ નિઃસ્પૃહતા જોઈને નવાઈ પામી ગયા.

તે જ દિવસે ત્રણેય ગઢડા જવા નીકળ્યાને બે દિવસમાં ત્યાં આવી પહોંચ્યા.

ડોસાભાઈને પરમહંસના પોશાકમાં જોઈ મહારાજ અત્યંત રાજી થયા. પોતાની આજ્ઞાનુ પાલન થયું એટલા માટે નહિ, પરંતુ ડોસાભાઈ કેવી ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા જીવ છે એ જોઈને ! જાણે બીજા જનકરાજા જ જોઈ લો ! આવા લોકો સ્તુતિને પાત્ર તો છે જ પરંતુ સન્માનને પણ પાત્ર છે એટલે ડોસાભાઈને આવતા જોઈ મહારાજ સામે દોડીને એમને ભેટ્યા ! એમના ભક્તે આજે સંસાર પર વિજય મેળવ્યો હતો. લોકોને મન જેનું ખૂબ મહત્વ છે તેવા ધન-માલ, કુટુંબ પરિવાર તથા સમાજની પ્રતિષ્ઠા એ સર્વેનો ડોસાભાઈએ તૃણવત્ ત્યાગ કર્યો હતો.

પડકાર ઝીલનારા પેલાં મહારાજનો પણ પાછા ગઢડે આવ્યા ત્યારે ડોસાભાઈને સાધુ બનેલા જોઈ આભા બની ગયા ! તેમનાથી તરત જ બોલાઈ ગયું, "મહારાજ ખરેખર અદ્‌ભુત પુરુષ છે અને ડોસાભાઈનો ત્યાગ પણ તેવો જ અદ્‌ભુત છે.

મહારાજ એમના મનોભાવ જાણી ગયા. એમને બોલાવ્યા અને સમજાવ્યું : "ક્યારેય વ્યક્તિના બાહ્ય વર્તનથી એનાં અંતરનું ઊંડાણ માપી ન શકાય. ડોસાભાઈ તમને બહારથી માત્ર ધંધાની પ્રવૃતિ કરતા જ દેખાતા હતા. પરંતુ એમણે પોતાનું જીવન તો જ્યારથી સત્સંગ કર્યો ત્યારથી જ અમને અર્પણ કરી દીધું છે. પેલા એક જૂના ભજનમાં કહ્યું છે ને કે, **"સંસારનું સરસો રહે, પણ મન મારી પાસ !"** એમ ડોસાભાઈ સંસારમાં રહ્યા થકાં માત્ર અમારાં જ છે."

મહારાજની એક માત્ર ચિઠ્ઠીથી જ ઘર-બાર, માલ-મિલકત, ધંધો વેપાર બધું ત્યજીને સાધુ બની જવું એ માત્ર ડોસાભાઈ થી જ થઈ શકે.

છૂપી ઈર્ષ્યા કરાનારા એ સર્વે મહાજનો મહારાજને પગે પડ્યા ને કહેવા લાગ્યા : "મહારાજ ! અમને માફ કરી દો. અમે આપને અને આપના પરમ ભક્ત ડોસાભાઈને ઓળખી ના શક્યા. બસ અમને તમારા શરણમાં લો એ જ માંગીએ છીએ."

મહારાજે પ્રેમથી સર્વેને ઉઠાડ્યા અને આશીર્વાદ આપ્યા કે, "તમારી ભક્તિ પણ ડોસાભાઈ જેવી અચળ બની રહો !"

આવો હતો મહારાજનો પ્રતાપ અને આવાં ટેકીલા હતા મહારાજના પ્રિયજનો !

નામ ભલે ડોસાભાઈ હતું પરંતુ મહારાજ પ્રત્યેના સ્નેહ અને નિષ્ઠામાં ઋતુરાજ વસંત જેવું વૈભવી-યૌવન સમું એમનું અંતર હતું !

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના

દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

સત્સંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

નિર્માનાનંદજી કેમ થવાય ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાન છતાંની વાત છે. એક ભાઈ સત્સંગી તો ખરા જ પણ સ્વભાવ સાપના જેવો જોરદાર. સાપના ફુંફાડા પણ તેની આગળ કાંઈ નહીં. ઘરમાં એવા તો ફુંફાડા મારે અને ગુસ્સો પણ એટલો બધો ઓ હો હો..... કે આની આગળ તો દુર્વાસા પણ સો ગ્રામ ઓછા લાગે. એટલો તો ગુસ્સો કે જેની કોઈ સીમા નહીં. એમના ગુસ્સાનો એક જ દાખલો સાંભળો તો તમે પણ દંગ થઈ જશો.

વાત એમ બની હતી કે પોતે ખેડૂત હતા. અને કંઈક કામે બહાર ગયેલા. તે આવતા રસ્તામાં મોડું થઈ ગયું. એ જમાનામાં અત્યારના જેવી લાઈટો તો હતી નહીં ! ઉતાવળા ઘરમાં પ્રવેશ્યા તે ઘરના ચોકમાં એક ગાડું પડેલું તે અંધારામાં દેખાયું નહી અને પોતાનો ઢેંચણ તે ગાડાનો આગલો ભાગ હોય તેની સાથે અથડાયો. ગાડાની ધુસરીની આગળ એક થોડોક લાંબો છેડો હોય છે, તેનું ખાસ નામ હોય છે પણ, તમે ક્યાં કોઈ ખેડૂત છો. ગાડાના એક એક ભાગનું અલગ-અલગ નામ હોય છે. અત્રે એનું વિવેચન કરવાની કાંઈ જરૂર નથી. ગાડાના આગળના ભાગ નીચે હોય તે ઊંટડો કહેવાય. તેની આગળનો એક છેડો હોય એ ઢેંચણ સાથે અથડાયો. હવે, એ ભૂલ કોની ? ગાડાની ! કોની ભૂલ હતી ? ગાડું તમારી સાથે અથડાય તો તમારી પોતાની ખામી છે. જોયા વગર ઉતાવળા ચાલવાની આપણી ભૂલના કારણે અથડાયા. અથડાયા તો અથડાયા પણ એવો તે ક્રોધ ચડ્યો કે ભાઈએ ગાડાના એ આગલા ભાગને કાગવું કહેવાય તે કાગવાને બચકું ભરી લીધું. કેટલો ગુસ્સો ! હવે, આની પાસે છોકરાં હાજાં રે ! ગાડાના એ આગળના ભાગમાં તાંબાની કે પિત્તળની રીંગ જડેલી હોય - એ બચકું બરાબર રીંગ ઉપર એટલું જોરથી ભર્યું કે એક સાથે ચાર દાંત બે ઉપરના અને બે નીચના પડી ગયા. કેટલી તાકાતથી બચકું ભર્યું હશે ! વિચાર તો કરો. આવો તીખો સ્વભાવ એટલે ગામમાં કોઈ તેને કામ વગર બોલાવે પણ નહિ. મંદિરમાં આવે દર્શન કરી બેસે અને કોઈ કહે, આ બાજુ તો કોઈ કહેશે, નહીં... નહીં... ભલે એ ત્યાંજ બેઠા, એમને બોલાવવાના નહીં. આમ તેમને માફી મળી જતી એને કોઈ કાંઈ કહે નહીં.

હવે, આવા હરિભક્તને વૈરાગ્ય જાગ્યો ! ગજબની વાત છે ને ! એ તો સ્વામિનારાયણ ભગવાન પાસે પહોંચી ગયા. કેમ, તમે અત્યારે અહીં આવ્યા ? બોલ્યા, સાધુ થવું છે. ઓ બાપ, માર્યા ઠાર.... આપણા સંપ્રદાયનો એક નિયમ છે એ આજે પણ છે. જો તમે સીધે સીધા આચાર્ય મહારાજશ્રી પાસે પહોંચી જશો તો સાધુ દીક્ષા નહીં મળે. એના માટે પહેલાં તમારે કોઈ એક સંતને ગુરુ કરવા પડે. પછી એ સંત તમને લઈને મહારાજશ્રી પાસે જાય, પછી દીક્ષા મળે. આ તો તમને સિસ્ટમ બતાવી. સીધે સીધા જાય તેને દીક્ષા મળતી નથી.

આ ભાઈ સીધા સ્વામિનારાયણ ભગવાન પાસે પહોંચ્યા અને કહેવા લાગ્યા, "મારે સાધુ થવું છે." મહારાજે કહ્યું, સાધુ થવું છે એ વાત તો ઠીક છે પણ તે પહેલાં આ બધા સાધુ બેઠા છે એમાંથી કોઈ તમારો હાથ ઝાલે, તમને શિષ્ય તરીકે સ્વીકારે, પછી દીક્ષા આપીએ.

સંતો ગામેગામ ફરતાં હોય એટલે લગભગ બધા જ સંતોને એમના સ્વભાવની ખબર હતી એટલે મનોમન વિચારવા લાગ્યા, ઓ... હો... હો... આપને ! ક્યાંય ન લઈ જવાય. આમને ચેલા તો બનાવાય જ નહી. આને તો મંડળમાં પ્રવેશ અપાય જ નહી. આને તો કશું કહેવાય જ નહીં, ધગધગતું લોઢું જોઈ લો ! કોઈ તૈયાર ન થયું. શ્રીજી મહારાજ કહે છે, 'સંતો ઉભા થાઓ, કોઈક તો આમનો હાથ પકડો, એમને દીક્ષા લેવી છે. મંડળધારી પાંચસો સંતો હતા પણ એમના ગુરુ થવા માટે કોઈ ઉભું ન થયું. બોલો કેવો સ્વભાવ હશે ! છેવટે શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી. 'સ્વામી ! તમે ગુરુ બનો.' સ્વામીને વિચાર થયો, કાંઈ વાંધો નહિ. કરી કરીને આ બિચારો શું કરશે ? અને આ દેહ ગમે ત્યારે તો પડવાનો તો છે જ. શ્રીજી મહારાજની આજ્ઞા થાય, પછી કોઈ ના પાડે ? મુક્તાનંદસ્વામીએ ના ન પાડી. સ્વામીએ વિચાર્યું કે શ્રીજી મહારાજની

આ લીલામાં પણ બહુ ઉપદેશ છે. મુક્તાનંદ સ્વામી શાંત મૂર્તિ હતા. બેમાંથી કોણ જીતે ? તમે કાંઈ વિચાર્યું, ધગધગતા લોઢા ઉપર પાણીની ધારો કરો, કોણ જીતે ! પાણી જીતી જાય, લોઢું ટાઢું પડી જાય. મુક્તાનંદ સ્વામી શાંત મૂર્તિ એટલે હા પાડી અને આ ભાઈને દીક્ષા આપી. સ્વામિનારાયણ ભગવાનની ખૂબી તો જુઓ ! આવા ગુસ્સાવાળાનું નામ રાખ્યું. 'નિર્માનાનંદ'. બોલો ક્યાં મેળ પડે ? કહેવાય મીઠું પણ તેવું ખારું ! બધાયને એમ લાગ્યું કે, આને તે કાંઈ નિર્માનાનંદ કહેવાય ! પણ મહારાજે નામ રાખ્યું એ પાસ. પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'તમને છૂટ છે. તમારે એમની પરીક્ષા લેવી હોય તો લેજો.'

સ્વામી આ નવા સંત અને બીજા બે-ચાર સંતો સાથે બહાર ગામ ઉપડ્યા. સૂર્યાસ્ત થયા પહેલાં, પાંચ-છ વાગ્યાના સુમારે બધા કોઈ એક નાના ગામડામાં પહોંચ્યા. નાનકડું હરિ મંદિર હતું. ગામડા ગામના આપણા ઘણા મંદિરોમાં એ વખતે ઝોળીઓ ટીંગાડવા અંદરની બાજુએ લાકડાની ખીંટીઓની લાઈન દિવાલમાં લગાડેલી રહેતી. કોઈ જૂના મંદિરમાં જાવ તો જોજો. એ ખીંટીએ કોઈ માળા ભરાવે, કોઈ પૂજા ભરાવે, આવો બધો ઉપયોગ એ ખીંટીનો થતો. આવા નાના હરિમંદિરમાં સાંજે સ્વામી પહોંચ્યા. સ્વામીએ તથા તેમની સાથેના બીજા સંતોએ પણ ખીંટીઓ ઉપર પોતપોતાની પૂજા, ખેસ ને ધોતીયા ભરાવ્યા. સાથે આવેલા નિર્માનાનંદજીએ પણ પોતાની ઝોળી એક ખીંટી ઉપર ભરાવી ત્યારે અગાઉથી યુક્તિ કર્યા પ્રમાણે એક સંત બોલ્યા, 'અહીં નહી. આ ચાર ખીંટીઓ તો મારે જોઈશે. એક ખીંટીમાં ધોતીયું રાખીશ - બીજીમાં માળા રાખીશ. ત્રીજીમાં પૂજા અને ચોથીમાં ખેસ રાખીશ. માટે અહીં નહી - આગળ જાઓ.

આગળ ગયા તો એક ભગત બેઠેલા. તેણે કહ્યું, 'અહીં નહીં, આ ખીટીં ઉપર તો હું કાયમ મારા કપડાં રાખુ છું.' સારૂં તો પછી બીજી બાજુ ગયા. તો કહેવામાં આવ્યું, ત્યાં નહીં હરિભક્તો માટે પણ થોડી ખીંટીઓ તો ખાલી રાખવી જોઈએ ને ! એ ક્યાં પૂજા ભરાવે, બધાંને બીક હતી, પણ ધ્રૂજતાં, ધ્રૂજતાં ના પાડતા હતા. કદાચ ગુસ્સે ભરાશે અને એક ધોલ મારશે તો ઝોળીને ખીંટી બધું જ ભોંય ભેગું થઈ જશે. બધાએ ના પાડી પણ તેમણે કોઈને કશું જ ન કહ્યું અને મંદિરની વચો-વચ્ચ પોતાના કપડાં-પૂજા વગેરે મુક્યા. અને એ તો માળા ફેરવવા બેસી ગયા. મુક્તાનંદ સ્વામીએ બોલાવ્યા, નિર્માનાનંદ આવો, મારી બાજુમાં તમારી પૂજા રાખો.

જય જયકાર થઈ ગયો. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે "સરળ વર્તવે છે સારૂં રે મનવા, સરળ વર્તવે સારૂં, માને એટલું વચન મારૂં રે મનવા....."

જે સરળ વર્તે તેના ઉપર ભગવાન અને મોટા સંતોનો રાજીપો ઉતરે અને ન ટળી શકે તેવા સ્વભાવ દોષ પણ ટળી જાય.

●

તુલસીના છોડમાં મોતી

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

"હૈયેથી દેવાય એને દાન કહેવાય."
આ કહેવત ખોટી નથી.

એક નગરનો રાજા ભારે દાનેશ્વરી. દાનમાં ખૂબ જ રૂચિ. તે માનતો કે દાન એ એક તપ છે. દાન જેવું ઉત્તમ સાધન નથી. આ રાજા પોતાના રાજ્ય મહેલમાં જે કોઈ ભૂદેવ આવે તેને છૂટથી દાન આપતો. પણ તે ચકાસણી કરીને આપતો કે આં ભૂદેવ ભગવાનનો ભક્ત છે કે નહિ. આ ભૂદેવમાં ભક્તિ નિષ્ઠા, દેવપૂજા, આદિક સદ્‌ગુણોવાળો હોય તો જ દાન આપતો. તે એમ માનતો કે સુપાત્રને દાન દીધેલું ઉગી નીકળે છે.

તેમાં પાછો શ્રાવણ માસ આવ્યો. રાજા સોના-મહોરો લઈ પોતાના નગરમાં મંદિરોમાં તથા નદી કિનારે જેટલા પણ ભૂદેવો ભક્તિ ઉપાસના કરતા હોય તેમને દાન કરવા લાગ્યા. પણ તેમાં એક ભૂદેવ નદી કિનારે સ્નાન કરી સંધ્યા-વંદન કરવા બેઠા. ત્યાં આ રાજા આ ભૂદેવ પાસે જઈ તેમને દાન આપવા માટે થોડી સોના મહોરો કાઢી. પણ ત્યાં તો આ ભૂદેવ બોલી ઉઠ્યા આજે નહીં લઉં. છેલ્લા દિવસે જ લઈશ. રાજાએ ખૂબ આગ્રહ કર્યો. દરરોજ ભૂદેવને દાન આપવા પ્રયત્ન કરતાં. પણ આ ભૂદેવે દાન ન સ્વીકાર્યું. શ્રાવણ માસનો જ્યારે છેલ્લે દિવસ આવ્યો ત્યારે રાજાએ બધા કરતા વધારે સોના મહોર આપવાની તૈયારી કરી. રાજા જ્યાં ભૂદેવની સન્મુખ આ સોના મહોરો મૂકે છે, કે તરત જ ભૂદેવ રાજાને પ્રશ્ન પૂછે છે. આ સોના મહોરો ક્યાંથી લાવો છો. રાજાએ કહ્યું, "અમારા ખજાનામાંથી" હે રાજન ! રાજ્યના ખજાનામાં તો ક્યારેક અનીતિનું ધન પણ ભળી જાય છે. માટે રાજન તમે મને તમારી કમાણીનું ધન હોય તેનું

દાન આપો. રાજાએ આ ભૂદેવને આવતી કાલે રાજદરબારમાં આવી લઈ જવા કહ્યું, પછી તો રાજાએ રાત્રે મજૂરનો વેશ લઈ નોકરીની શોધમાં નીકળ્યા. ત્યાં એક લુહારની કોઠ પાસે જઈ ચઢ્યા. લુહાર પોતાનું કામ કરતો હતો. તેને કહ્યું મારે કામ કરવું છે. આ લુહારે કહ્યું લે ત્યારે આ ધમણ ધમવાની અને લોઢા પર ઘા મારવાનું કામ કર. રાજાએ કામ કરવાની શરૂઆત કરી. જીંદગીમાં ક્યારેય પણ મજૂરી કરી ન હતી. હાથ સૂઝી ગયા. હથેળી પર ફોલા પડી ગયા. શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું. રાજાની ધીરજ ખુટી પડી. અડધો કલાક માંડ કાઢી શક્યા ત્યાં તો લુહાર કહે છે. જા ભાઈ જા તારું કામ નહીં. મારું પણ કામ ને સમય બન્ને બગડે છે. તેમ કહી બે પૈસાનો ઢબુ આપી રાજાએ વિદાય કર્યો. રાજા બે પૈસાનો ઢબુ લઈ રાજ મહેલમાં આવી સૂઈ ગયા. તે ખુશ હતા કે ભૂદેવને હું કંઈક આપી શકીશ. આ બાજું ભૂદેવના પત્ની ભૂદેવને પૂછે છે આજે તો છેલ્લો દિવસ હતો. છતા તમે ખાલી હાથે કેમ આવ્યા. ત્યારે ભૂદેવે કહ્યું, મને રાજાએ આવતી કાલે રાજ દરબારમાં બોલાવ્યો છે. પત્નીએ એમ માન્યું કે તો તો મારા પતિને બહું મોટી દક્ષિણા મળશે. પણ બીજા દિવસે ભૂદેવ રાજ દરબારમાં પહોંચ્યા ત્યારે રાજાએ ભૂદેવના હાથમાં બે પૈસાનો ઢબુ મૂકતા કહ્યું આ મારી કમાણીનો પૈસો છે. પોતાના હાથ બતાવ્યા, હાથ પરના ફોલ્લા જોઈ ભૂદેવને વિશ્વાસ આવ્યો કે રાજાએ જાત મહેનતે પૈસા પ્રાપ્ત કર્યા છે. પણ રાજા ભૂદેવને કહે છે કે ભૂદેવ ! આ બે પૈસાના ઢબુથી તમારી દરિદ્રતા દૂર નહિ થાય. ભૂદેવ કહે છે આજ સાચું દાન છે અને મારી દરિદ્રતા આનાથી જ દૂર થશે. અને તમારા માટે ફળદાયી નીવડશે. એટલું કહી ભૂદેવ રાજી થઈ ઘરે આવ્યા. ભૂદેવના પત્ની એ તો મોટી મોટી આશાઓ રાખી હતી. ભૂદેવને જોતા જ દરવાજે સામે ચાલીને ગઈને પૂછ્યું શું લાવ્યા. ત્યારે ભૂદેવે પોતાની મુઠ્ઠી ખોલી બે પૈસાનો ઢબુ બતાવ્યો. પત્નીનો મિજાજ છટક્યો. બે પૈસાનો ઢબુ લઈ ઘા કરી દીધો. અરેરે શું આખા શ્રાવણ માસના અંતે તમે આ દાનમાં લાવ્યા ! તમને લેવા તો શરમ ન આવી ! પણ શું રાજાને આપતા એ શરમ આવી નહિ કે તમારા હાથમાં બે પૈસા મૂક્યા. ભૂદેવે કહ્યું આજ દાન સાચું છે. આજ દાનથી વૃદ્ધિ થાય છે. આનાથી લેનારને દેનાર બડભાગી બને છે. "નવાઈના ન જોયા હોય તો બડભાગી" ભૂદેવે પોતાના આંગણામાં ઘણું શોધ્યું પણ આ બે પૈસાનો ઢબુ ન મળ્યો. ખરેખર તે ભૂદેવના આંગણાંમાં તુલસી ક્યારો હતો. તેમાં દટાઈ ગયેલો. પછી તે તુલસીનો છોડ રાત્રે ન વધે તેવો દિવસે ને દિવસે ન વધે તેવો રાત્રે ઉંચો ને ઉંચો વધવા લાગ્યો. અને નવાઈની વાત તો એ છે કે આ તુલસીના છોડમાં તુવેરના છોડના જેવી શિંગો આવી. ભૂદેવના પત્નીએ તેમાંથી એક શિંગ ફોલી તો જોયું તો આશ્ચર્યનો પાર ન રહ્યો. શિંગોમાંથી સાચા મોતી નીકળ્યા. આ ભૂદેવ એક રાત્રીમાં ધનવાન બની ગયા.

મિત્રો ! શુદ્ધ અને સાચા ધનથી પરસેવો પાડી મેળવેલી ચીજ હંમેશા સુખ આપે છે. તમે પણ ધ્યાન રાખજો કે જિંદગીમાં મહેનત થી મેળવેલું ધન, મહેનત કરી મેળવેલી વિદ્યા જ તમને યશ, સુખ આપી શકશે. વગર મહેનતનું મેળવવા ક્યારેય વિચાર કરવો નહિ. મહેનતના એક ઢબુથી બ્રાહ્મણને કેટલો લાભ થયો ? તમારે ઘેર જો મોતી ઉગાડવા હોય તો ખૂબ મહેનત કરજો. એટલે જ તો સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં પણ કહ્યું છે કે જે પુરૂષાર્થ કરે છે તેના ઉપર ભગવાનની કૃપા થાય છે અને જેના પર ભગવાનની કૃપા થાય તેનો સદાય જયજયકાર. ●

ધાર્મિક પરીક્ષા અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા લેવાતી પરીક્ષા આગામી તા. ૨૩-૧૨-૨૦૦૭ ને રવિવાર સવારે ૯ થી ૧૨ જે તે કેન્દ્રો પર લેવાશે. જેથી દરેક કેન્દ્ર સંચાલકોએ પોતાના કેન્દ્રના પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીનું લીસ્ટ વહેલાસર કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર મોકલી આપવું.

સંચાલકશ્રી : શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ, (સભામંડપ)
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
સમય ૮-૦૦ થી ૧૦-૩૦ (સવારે)

।। ભક્તિસુધા ।।

સહજાનંદ સ્વામી બન્યા શ્રી સ્વામિનારાયણ ભગવાન

- શ્રીમતી પુષ્પાબેન કેરાઇ

ઉત્તર પ્રદેશમાં છપૈયા ધામમાં અવતાર ધારણ કરીને ઘનશ્યામ મહારાજે અગિયાર વર્ષની ઉંમર સુધી બાલ-ચરિત્રો આદર્યા. માત-પિતા ધર્મદેવ અને ભક્તિમાતાને સ્વધામમાં મોકલીને અગિયારમેં વર્ષે ગૃહત્યાગ કરીને વનવિચરણનો માર્ગ લઈને ઉગ્ર તપ કરીને નિલકંઠવર્ણી તરીકે સાત વર્ષ સુધી અદ્‌ભુત દિવ્ય-લીલાનું આચરણ કર્યું.

સમગ્ર ભારતને પાવન કરીને ઘનશ્યામ મહારાજ માંગરોળ ગામમાં ગોવર્ધનભાઈની ફોઈ પૂતળીબાઈનો ઉદ્ધાર કરીને લોજ ગામે મુક્તાનંદ સ્વામીના પરિચયથી પોતાની ઈચ્છા પ્રમાણે ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી.

બદરિકાશ્રમમાં પૂર્વનિયોજિત યોજના પ્રમાણે ઉદ્ધવ અવતાર શ્રી રામાનંદ સ્વામીને ગુરુપદ આપ્યું. અઢાર વર્ષની યુવાવસ્થાએ પીપલાણામાં શ્રી રામાનંદ સ્વામીના ગુરુપદે દીક્ષા ગ્રહણ કરી અને સમય પુરતા સરયુદાસ તરીકે ઓળખાતા શ્રીહરિ સહજાનંદ સ્વામી તરીકે પ્રસ્થાપિત થયા. શ્રી રામાનંદ સ્વામીએ એમને નારાયણમુનિની પદવી પણ અર્પણ કરેલી.

શ્રી રામાનંદ સ્વામી સાથે પ્રભુ ત્રણ વર્ષ રહ્યા અને જેતપુરમાં એમણે શ્રી રામાનંદ સ્વામીના આગ્રહથી ઉદ્ધવ સંપ્રદાયની ગાદી સંભાળી. ફણેણી ગામે શ્રીરામાનંદસ્વામી પોતાનું કાર્ય સંભાળવા સ્વધામ પધાર્યા અને ચૌદમાં દિવસે શ્રી સહજાનંદ સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાન તરીકે પ્રસિધ્ધ થયા.

સહજાનંદ સ્વામીમાંથી સ્વામી અને નારાયણમુનિનો નારાયણ શબ્દને જોડીને પ્રભુ સ્વામિનારાયણ ભગવાન તરીકે ઓળખાયા. નારાયણ અવતાર અને અનેક જીવોના સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી ઉદ્ધવ સંપ્રદાયને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સ્વરૂપ આપ્યું.

એકવીસમાં વર્ષે પ્રભુએ સંપ્રદાયની ગાદી સંભાળી.

શ્રી સ્વામિનારાયણ ભગવાને ગુજરાતમાં પુરા ઓગણત્રીસ વર્ષ સુધી પોતાની લીલા-પ્રસારણ કરીને શ્રી સ્વામિનારાયણ ધર્મની કીર્તિ-સુવાસ ફેલાવી. પ્રભુએ ટુંકા ગાળામાં મર્યાદિત સગવડોના સાનિધ્યમાં જે ભગીરથ કાર્યો પૂર્ણ કર્યા એ સ્વામિનારાયણ ધર્મની વિશેષતા છે.

ઓગણત્રીસ વરસના મર્યાદિત ગાળામાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સમગ્ર ગુજરાતને સત્સંગથી ઘેલું કરી નાખ્યું. કચ્છ, સૌરાષ્ટ્ર, કાઠીયાવાડમાં પદયાત્રા કરાવીને ઘનશ્યામ મહારાજે તો કમાલ કરી નાખી. સમગ્ર ગુજરાત અને દેશમાં અનેક અનુયાયીઓ બનાવ્યા. અનેક માર્ગ ભૂલેલા જીવોને કંઠી બાંધીને મોક્ષનો માર્ગ બતાવ્યો.

સત્સંગીઓને ત્યાં થાળ જમીને એમના જીવન ધન્ય બનાવી દીધા. સમાધિ પ્રકરણ ચલાવીને તો પ્રભુએ ભલભલા ધુરંધરોને પ્રભાવિત કરી દીધા. પોતાના સત્સંગીના અંતિમ સમયે દર્શન આપીને પોતાના સ્વધામ અક્ષરધામમાં તેડી જવાની પ્રથાએ તો અનેકના હૈયા ભીંજાવી નાખ્યા.

ગુજરાતમાં અનેક પરિવારોમાં ચાલતી બાળકીને દૂધ પીતી કરવાની પ્રથા શ્રીજી મહારાજે બંધ કરાવી પોતાના પતિના મૃતદેહ સાથે જીવતી ચિત્તામાં સળગાવવાની પ્રથા પણ બંધ કરાવી. ઘોડીયા લગ્નમાં પણ મર્યાદા દાખવી.

સત્સંગીને 'પંચવર્તમાન'ના ચુસ્ત નિયમો પળાવીને એમણે એમના જીવનમાં જબરૂં પરિવર્તન આણ્યું. નિતી નિયમ પળાવ્યા અને એક સંસ્કારી, પ્રમાણિક ને સમજુ સમાજ ઉભો કર્યો.

મહાન ભવ્ય યજ્ઞો આદરીને પ્રભુએ ગુજરાતને પાવન કર્યું. ભવ્ય મંદિરો બંધાવીને સ્વહસ્તે શ્રી નરનારાયણદેવ, શ્રીલક્ષ્મીનારાયણદેવ, શ્રી રાધા-કૃષ્ણદેવના વિવિધ સ્વરૂપોને પધરાવીને પ્રભુએ સમગ્ર ગુજરાતને ધાર્મિક પ્રભાવથી સમૃદ્ધ બનાવી દીધું.

ઉત્તર અને દક્ષિણ વિભાગની વહેંચણી કરીને બે ગાદીઓની સ્થાપના કરીને, આચાર્યપદની પરંપરાને જીવંત કરીને સર્વોપરિ શ્રીજી મહારાજે પોતાના સ્વરૂપને અદ્‌ભુત ગતિ આપી.

સ્વહસ્તે શિક્ષાપત્રી લખીને શ્રીજી મહારાજે જગતને ન્યાલ કરી નાખ્યું. સત્સંગીઓ માટે અક્ષરધામના દ્વાર ખુલ્લા મુક્યાં. વચનામૃત, સત્સંગિ જીવન, સત્સંગિભૂષણ, ભક્તચિંતામણી જેવા મહાન ગ્રંથોની રચના કરાવીને

પ્રભુએ શ્રી સ્વામિનારાયણ સત્સંગને આગવી પંક્તિમાં મુકી દીધા.

શ્રી રામાનંદ સ્વામી પાસે લીધેલાં બે વરદાનો મુજબ શ્રીજી મહારાજે પોતાના સત્સંગી વર્ગના તમામ કષ્ટો હરિ લીધાં અને એમને ખાધે પીધે સુખી અને સદ્ધર બનાવી દીધા.

આ પૃથ્વી પર સ્વેચ્છાએ સં. ૧૮૮૬ના જેઠ સુદ-૧૦ના પોતાની અલૌકિકલીલા સંકેલીને પોતાના અક્ષરધામની જવાબદારી સંભાળી.

અને અંત સમયે સ્વઆશ્રિતોને દેવ, આચાર્ય, શાસ્ત્રોમાં અને આચાર્ય દીક્ષીત સંતોમાં પ્રત્યક્ષ રહેવાનો કોલ આપ્યો.

●

સોનેરી ઈતિહાસ

- મંગુબેન પ્રહલાદભાઇ પટેલ
(જીવરાજપાર્ક, અમદાવાદ)

સંવત ૧૮૬૩માં ગામ ભાદરાથી શ્રી સ્વામિનારાયણ ભગવાને એક પત્ર લખ્યો. તેમાં મોટા મોટા ગરાસદારો તથા શ્રીમંતોને સાધુ થઈ ભુજમાં આવવાની આજ્ઞા કરી હતી. તે પત્ર વાંચી શ્રીહરિના ૧૦૮ મોટા મોટા ભક્તોએ સંસાર છોડી દીધો. પરંતુ પત્રના આદિ શબ્દથી કડુ ગામના કલ્યાણદાસ તો લગ્નના માંડવેથી મીંઢળ સોતા ચાલી નીકળ્યા હતા. આવું તેમનું અતિ અદ્‌ભુત ભગવદ્ બળ જોઈને શ્રીહરિ અતિશય રાજી થયા ને તેમનું નામ અદ્‌ભુતાનંદ સ્વામી રાખ્યું હતું.

આ અદ્‌ભુતાનંદ સ્વામી સંત બન્યા પછી વડતાલમાં હતા ત્યારે તેમના પૂર્વાશ્રમના ભાઈ શ્રી વજુભાઈ તેમને સમજાવવા માટે આવ્યા હતા. પણ બન્યું એવું કે અદ્‌ભુતાનંદ સ્વામીની ધારદાર ખુમારી ભરી વાણી સાંભળી વજુભાઈ સંત બની ગયાને શ્રીહરિએ એમનું નિષ્કામાનંદ સ્વામી નામ પાડ્યું. આ વાતને એક માસ વીતી ગયો તેથી બંને ભાઈને સમજાવવા માટે તેમના ત્રીજા ભાઈ વિઠ્ઠલભાઈ આવ્યા. તેમને પણ અદ્‌ભુતાનંદ સ્વામીએ વૈરાગ્યની જોરદાર વાતો કરી અને તે પણ વૈરાગ્યના રંગે રંગાયા અને શ્રીજી મહારાજે દીક્ષા આપી સાધુ ચૈતન્યાનંદ (નાના) એવું નામ પાડ્યું. પોતાના ત્રણે ભાઈઓ સાધુ થઈ પ્રગટ શ્રીહરિની સેવામાં જોડાઈ ગયા તે વાત સાંભળી સૌથી નાના ભાઈ કુબેરદાસ અતિ ઉદાસ થઈ ગયા ને તેને પણ હવે આ સંસાર ખારા સમુદ્ર જેવો દેખાવા લાગ્યો. ને એક દિવસ સવારે વહેલા ઉઠીને તે પણ સાધુ થવા ગઢડા જતા રહ્યા. જોયું આ ભક્તો કેવા વૈરાગ્યવાન અને પવિત્ર હશે ? ત્રણેય ભાઈઓની ત્યાગવૃતિથી તેમની પાછળ ત્રણ બહેનો તથા ચાર ફોઈઓ હતા તે અતિ ચિંતાતુર થઈ ગયાને તેઓ તત્કાળ ગઢડા ગયા ને પ્રગટ પ્રભુને પ્રાર્થના કરી કે પ્રભુ આ એક ભાઈ છે તેને અમારા ખાતર પાછો મોકલો. નહિ તો અમને વ્યવહાર ચલાવવામાં બહુ જ તકલીફ પડશે. પછી પ્રભુની આજ્ઞાથી કુબેરદાસ સંસારમાં જોડાયા પણ જળકમળવ્રત રહ્યા. લાખો લાખો વંદન આવા મુક્તોને. સ્વામિનારાયણ સંપ્રદાયનો આ સોનેરી ઈતિહાસ આપણને ઘણું બધું શિખવી જાય છે.

●

ચાતુર્માસ

- હસુબેન એમ. વ્યાસ (અમદાવાદ)

ચાતુર્માસ એ દેહધારી મનુષ્યો માટે ઘણોજ પવિત્ર કાળ ગણાય છે. એમ શાસ્ત્ર કહે છે. આ માસ વર્ષા ઋતુમાં આવે છે. અને એમાં વિશેષ ભજન કરવાની આજ્ઞા શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કરેલી છે અને આશ્રિતોને ચોમાસામાં રાખવાના નિયમો પણ દર્શાવવામાં આવ્યા છે. તેમાં વિષ્ણુ કથા, શ્રવણ, વાંચન, ગુણ, કીર્તન, મહાપૂજા, મંત્રજાપ, સ્ત્રોત્ર, પાઠ, પ્રદક્ષિણા, સાષ્ટાંગ પ્રણામ, આ રીતે આઠ નિયમમાંથી કોઈ એક નિયમ ચોમાસાને વિષે લેવો. આ બધા નિયમો પૈકી કથા શ્રવણને પહેલો ક્રમ આપ્યો છે. કથા શ્રવણથી મન પવિત્ર રહે છે. કથા શ્રવણથી સદ્‌બુદ્ધિ જાગે. વળી મન પણ પવિત્ર રહે. ગોપીઓએ પણ પરમાત્માં શ્રીકૃષ્ણ ચંદ્રને ઉદ્દેશીને ગાયું છે કે "તવ કથામૃતં તૃપ્ત જીવનં" કે તમારી કથા સાંભળવાથી જીવને તૃપ્તિ થાય છે અને એ રીતે સંત સમાગમ પણ થાય છે. તેથી કથા વાંચવાનો, શ્રવણનો ખટકો ખૂબજ આત્મ બળથી રાખવો અને સંત સમાગમ પ્રસંગે પોતાની વિદ્વતાનું અભિમાન રાખવું નહિ. "માન તજી સંતન કે મુખસે પ્રેમ સુધારસ પીજે હો નિશદિન, સંત સમાગમ કીજે" જે તે નિયમ શ્રધ્ધાથી નિષ્ઠાપૂર્વક નિષ્કામ ભાવે રાખવાથી શ્રીહરિ પ્રસન્ન થાય છે. વળી નિયમ પાળવામાં પ્રમાદ રાખવો નહિ. પવિત્રપણે રહેવું, વ્યસનો અને દુર્ગુણોનો ત્યાગ કરવો. દેશકાળ વિષમ આવતા જાય છે. માટે ભજન ભક્તિ કરી લેવી. ત્યાગી અને ગૃહસ્થોના જુદાં જુદાં ધર્મો પાળવાના શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યા છે. તે મુજબ ચાતુર્માસમાં યથા શક્તિ આપણે પાળી શકાય તેવા નિયમો લેવા. ગૃહસ્થીઓ એ તો ચાર માસના નિયમો પાળી શકાય તેવા પણ આપેલા છે. વળી આપણા સંપ્રદાયમાં ચોમાસાના નિયમો દરેક માસમાં જુદાં જુદાં એક એક નિયમો

લેવાય તેવા પણ છે. જેનાથી સંયમતા કેળવી શકાય. તેવા નિયમ (૧) એક પહેલા માસમાં શાકનો (૨) બીજા માસમા દહીંનો (૩) ત્રીજા માસમાં દૂધનો અને (૪) ચોથા માસમા દાળ કઠોળનો ત્યાગ કરવો. આ બધા નિયમોથી આહારમાં પણ સંયમતા આવે છે અને આ બધી વસ્તુ ફક્ત એક માસ માટે ત્યાગી શકાય તેમ છે. આ સિવાય નિયમની એકાદશીની કથામાં આવે છે. પરંતુ જે તે નિયમો ભક્તિએ કરીને રાખવા પર શ્રીહરિએ ભાર મુક્યો છે. અને ભક્તિ તે પણ ધર્મ સહિત કરવી. કારણ કે ભક્તિ માતા પતિવ્રતા છે એટલે ધર્મ સિવાય તે રહી શકે નહિ કે ફળ પણ આપી શકે નહિ. કેટલાક લોકો અજ્ઞાનતાના કારણે ઘણી ઘણી ભક્તિ કરે. જેમ કે, ડાકોર, વડતાલ જેવા તીર્થોમાં પગે ચાલીને જાય, ઘણું બધું કષ્ટ વેઠે. પગમાં ફોલ્લા પડે, ભૂખ તરસ વેઠે, ઊંધ ઉજાગરા સહન કરે, ઠંડી ગરમી સહન કરે, છતા રસ્તામાં કે તીર્થોમાં ગયા પછી પણ વ્યસન કરે. સત્ય અહિંસા જેવા ધર્મથી વિરૂદ્ધ વર્તે. સ્ત્રી-પુરુષોની મર્યાદાઓનું પાલન ન કરે તો એ કરેલી ભક્તિ વ્યર્થ છે. માટે ચાતુર્માસના નિયમો આપણે ધર્મે સહિત-ભક્તિ થઈ શકે તેવા નિયમો રાખવાથી જ શ્રીહરિનો રાજીપો મળે અને શ્રીજી મહારાજનો રાજીપો ક્યારે મળે જે નિષ્કામ ભક્તિ કરીએ ત્યારે. અને પરમાત્મા રાજી થયા પછી છતે દેહે અક્ષરધામનું સુખ છે. ચાતુર્માસમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરીએ કે આપણે ચુસ્ત નિયમમાં રહી ભગવાનનું ભજન કરી શકીએ.

●

સાચા સત્સંગી ક્યારે થવાય ?

- પાર્ષદ સવિતાબેન ગુરુ
સાં.યો. બચીબા (જેતલપુર-હવેલી)

ઘણા લોકો કહેતા હોય છે. અમે તો ચુસ્ત સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. પણ ચુસ્ત સત્સંગી થવા, માટે ઘણું બધું કરવું પડે છે. ગળામાં કંઠી નાખી એટલે આપણે માની લઈએ છીએ કે હા અમે પાકા સત્સંગી બની ગયા ! સંતોએ કંઠી બાંધી છે. હવે કશું કરવાનું રહેતું નથી. પણ તમને ખબર નહિ હોય કે વર્તમાન નિયમ પાળ્યા વગર કેવળ કંઠી બાંધ્યે સાચા સત્સંગી થઈ જવાતું નથી. સાચા સત્સંગી થવા માટે તો એક લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. લશ્કરમાં ભરતી થાઓ એટલે પહેલા દિવસથી જ તમને ખાખી કપડા પહેરાવી દે એટલે તમે કાંઈ સર-સેનાધિપતિ બની ગયા ? એના માટે તો બહુ આગળ વધવુ પડશે. ઘણો લાંબો પંથ કાપવો પડશે. તેમ જીવનમાં ભક્તિ, ભજન, ખુમારી કે શૌર્ય કશું ન હોય અને ફક્ત કંઠી બાંધીને પોતાને પુરા સત્સંગી માનતા હોય એને કેવા જાણવા ?

એક ગામડમાં કાની નામે એક ડોશી રહે. સમાજમાં ક્યાંકથીને ક્યાંકથી ખબર આવે કે કોઈ વ્યક્તિએ આપઘાત કર્યો એટલે કાની ડોશી કોઈને પૂછે, "આપઘાત કેમ કરાય ?" બધા કહેતા, "ગળામાં દોરડું ભરાવી દો એટલે આપઘાત થઈ જાય." પછી ડોશીને ઘરના કાંઈક બોલે એટલે ડોશી ખીજાઈને કહે, "જો બહું પાછળ પડશો તો હું આપઘાત કરી નાંખીશ ?" તેમાં એક દિવસ ઓચિંતો ઘરમાં ડોશી સાથે ઝગડો થયો અને ડોશીને રીસ ચડી "હવે તો આપઘાત કરું જ ? આ લોકો મને ગાંઠતા નથી પણ પછી બધા સીધા થઈ જશે." પછી વાછરડી બાંધવાનું દોરડું લઈ અને ગળામાં ગોળ ગોળ ત્રણ-ચાર આંટા મારી દીધા પછી બળદ બાંધવાની ગમાણમાં જઈને સૂઈ ગયા. સાંજ પડતા કુટુંબીજનો ખેતર-વાડીમાંથી ઘેર આવ્યા, ખીચડી તૈયાર થઈ ગઈ પણ આજે ડોશી ઘરમાં ન મળે. સૌ એકબીજાને પૂછવા લાગ્યા, "ડોશીમાં ક્યાં ગયા ?" અને ડોશી તો ગમાણમાં દોરડું ગળે લપેટીને સૂતેલાં ? બધાની બૂમાબૂમ સાંભળીને ડોશી ગમાણમાંથી ઊંચે અવાજે બોલ્યા, "એ હવે મરો બધા ! મેં તો આપઘાત કરી નાખ્યો છે."

"જેમ કાની કોટે ઘાલી ગાળિયું,
જઈ સૂતી સોડ તાણીને,
મનમાં જાણે હું મરી ગઈ,
એવું ન કરવું જાણીને ?"

કાની ડોશીની જેમ ગાળિયું ઘાલી દીધું અને "મરો બધાં તમે ! હું તો પાકો સત્સંગી થઈ ગયો !" એમ કાંઈ પાકા સત્સંગી થવાય છે ? પાકા સત્સંગી થવા માટે તો સમય લાગશે. એકલું ગાળિયું ગળામાં નાખ્યે કાંઈ આપઘાત નથી થતો ! એ તો અધ્ધર લટકી જવું પડે. ખાલી દોરડું લપેટવાથી જેમ આપઘાત ન થાય એમ સમજ્યા-જાણ્યા વગર કેવળ કંઠીથી પાકા સત્સંગી નથી થવાતું. કંઠીને સમર્પિત થઈ જવું પડે. એટલે કે પંચવર્તમાનના નિયમ શિર સાટે પાળવા પડે. ત્યારે આપણે પાકા સત્સંગી કહેવાઈએ.

તો દરેકે વર્તમાન નિયમ-ધર્મ-મર્યાદા ચુસ્ત રીતે પાળી શ્રીજી મહારાજના પાકા આશ્રિત થઈને રહેવું.

●

કડવી બની મધુરી

- તરલાબેન અતુલભાઇ પોથીવાલા
(અમદાવાદ)

ગામ જેતપુરમાં જીવા જોષી કરીને બ્રાહ્મણ રહે. એમને એક દીકરો નામ શિવરામ અને એક દીકરી-નામ એનું કડવી. નામ ભલે કડવી હતું પણ સ્વભાવ મધ જેવો મીઠો. જીભ પર કાયમ શ્રીજી મહારાજનું ભજન રમ્યા કરે અને આઠો પોર હૈયામાં હરિરસની હેલી હરખાયા કરે !

આ કડવી બાઈના ધણીને આ ગમે નહિ ! "બસ આખો દિ' સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કર્યા કરે છે તે બીજો કોઈ કામ ધંધો છે કે નહિ ?" આમ કહી એને પજવ્યા કરે. પોતાનું ધણી પણું દેખાડવા એક દિવસ તો એ કડવીની હથેળી પર ખાટલાનો પાયો રાખીને સૂઈ ગયો ! કહે, "ભજન છોડ, નહિ તો ધણીનો કોઈ ધણી નથી એ લખી રાખજે !"

કડવી બાઈ કહે, "ધણીનો યે ધણી ભગવાન છે ! હથેળી પર તો શું છાતી પર પાયો રાખશો તોયે હું સ્વામિનારાયણનું ભજન નહિ છોડું !" આટલું કહી ભજન ચાલુ કર્યું.

"વ્હાલા રૂમઝૂમ કરતાં કાન મારે ઘેર આવો ને મારા પૂરા કરવા કોડ હસીને બોલાવોને....."

ધણી આ સાંભળી ખૂબ ક્રોધે ભરાયો ! "લાવ તારા કોડ હું પૂરા કરું !" એમ બોલી ખાટલાનો પાયો કડવીબાઈના છાતી પર મૂક્યોને પછી નિરાંતે સૂઈ ગયો.

બાઈ બિચારી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ સ્મરણ કરતાં થકા ધણીનું દુઃખ સહન કરતી રહી.

બાળપણથી જ કડવીબાઈનું ચિત્ત સંસારમાં હતું જ નહિ. એને તો મહારાજની પ્રસન્ન, માધુરી, મૂર્તિનું જ અહર્નિશ ચિંતવન રહેતું. આથી એકવાર એના ધણીએ ગુસ્સામાં આવીને બોલી નાખ્યું, "જા આજથી તું મારે મા બહેન !"

કડવીને તો આ જ જોઈતું હતું. એને તરત ધણીના પગ આગળ માથું મૂકીને કહ્યું : "આજથી તમે મારા બાપા, મારા ભાઈ ! મારો ધણી મરી ગયો ! હું છૂટી !"

એમ કહી એણે તો તરત જ પોતાના હાથની ચૂડીઓ ભાંગી નાંખી. માથેથી કેશ પણ ઉતારી નાંખ્યાને ધણીના નામનું સ્નાન પણ કરી નાંખ્યું.

એનો ઘરવાળો તો કડવીની આ વૈધવ્યની ચેષ્ટા જોઈ મૂઢ જેવો બની ગયો ! એણે નાતમાં ફરિયાદ કરી. નાતના બ્રાહ્મણો કડવીબાઈ પર રોષે ભરાયા : "તારી મેળે મરીજા, નહિ તો અમે તને મારી નાખશું."

ખૂબ હોબાળો મચી ગયો. કાઠી દરબારના કાને વાત પહોંચી. દરબાર મહારાજના હેતવાળા હતા. "અમારી એક બાઈ ભક્ત ઉપર આટલું બધું દુઃખ ?" એમ જાણી તાબડતોબ તલવાર તાણી કડવીબાઈની વહારે ધાયા. સમગ્ર નાત ગભરાઈ ગઈ અને કડવીને મુક્ત કરી !

હવે કડવીબાઈ જાણે સાચે જ મુક્ત બની હતી. એણે ગઢડાનો માર્ગ લીધો. પણ નદીમાં પૂર આવેલું હતું. બાઈએ તો મહારાજનું સ્મરણ કરીને પૂરમાં ઝંપલાવ્યું. મહારાજનાં દર્શનની એને એવી તાલાવેલી હતી કે પૂરના પાણીમાં એને મહારાજનાં દર્શન થયાં, અને એ જ પૂરના પાણીએ ડૂબાડવાને બદલે સામે કિનારે પહોંચાડી દીધી !

એમ એ ગઢડા પહોંચી ગઈ. સીધી દાદાખાચરના દરબાર તરફ મહારાજના દર્શન માટે દોટ મૂકી.

મહારાજ સભા કરીને વિરાજમાન હતા. દૂરથી કડવીબાઈને આવતાં જોયા.

"આવો કડવીબાઈ અમે તમારી જ વાટ જોતા હતા." મહારાજે સ્નેહભર્યો આવકારો આપ્યો. મહારાજે એનું નામ રામબાઈ રાખ્યું અને કાયમ લાડુબા જીવુબા સાથે સેવામાં રાખી લીધા. આ રામબાઈએ ગઢડામાં એટલી બધી પ્રગતિ સાધી કે સેંકડો બાઈઓને એમણે સત્સંગમાં આણી હતી.


રામબાઈના ચૂડી-બલૈયાં ભાંગવાના અને જીવનને શ્રીહરિ સમર્પિત કરવાના આ પ્રસંગ ઉપરથી સંત કવિ પ્રેમાનંદ સ્વામીએ એક કીર્તન બનાવ્યું :

"મેરો કંગન નિકારી ગયો રે !"

આજથી બસો-સવા બસો વરસ પહેલાં બ્રાહ્મણ કુળની કૂળવધુ જીવતા ધણીએ ચૂડીઓ ભાંગી નાંખે ને માથું મૂંડાવીને નાતની પરવા કર્યા વિના મનથી જેને વરી ચૂકી છે એવા શ્રીહરિને ધણી માનીને એમની સેવામાં જીવન સમર્પિત કરી દે એ નાની સૂની હિંમત નથી. એ હિંમત આવી ક્યાંથી ? સ્વામી સહજાનંદજી મહારાજના નામમાંથી ! સર્વ ભાવે એમને ભજવાથી ! કડવી ક્યાં સત્સંગના પાઠ શીખવા ગયેલી ? એને તો અંતરથી મહારાજ ઓળખાયેલા એટલે જ નામ ભલે કડવી હતું પણ સમગ્ર જીવનમાં 'મધુરી' બનીને રહી અને અનેકના જીવનમાં સત્સંગ-માધુર્ય છલકાવી દીધું !

●

????????????????પ્રશ્નપેટી????????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ ભક્તિ કોને જાણવી, શિક્ષાપત્રી અનુસાર વ્યાખ્યા કરો.

પ્રશ્ન : ૨ "કોઈક પુરુષમાં ક્રોધાદિક ભૂંડા સ્વભાવ હોય તે ટળે કે ન ટળે ?" વચનામૃતમાં આ પ્રશ્ન કોને પૂછયો છે ?

પ્રશ્ન : ૩ સં. ૧૮૬૪ ની સાલમાં શ્રીજી મહારાજ સુંદરીયાણા ગામમાં દરબાર શ્રી ડોસા ખાચરના દરબારમાં પધારેલા ત્યારે ડોસાખાચરે પોતાના કામદાર વનાશેઠ તથા પૂંજાશેઠને ઘેર જઈને કહ્યું કે અમારા ગુરુ સ્વામિનારાયણ પધાર્યા છે. દર્શને ચાલો, વનાશા-પૂંજાશા દર્શને તો આવ્યા પણ મનમાં ક્યા સંકલ્પથી ?

પ્રશ્ન : ૪ એક વખત શ્રીજીમહારાજ માંગરોળમાં ગોવર્ધનભાઈની મેડી ઉપર સભા કરીને વિરાજમાન હતા. સભામાં ઘણા સત્સંગી બેઠા હતા. એ વખતે એક સત્સંગીએ પેંડાનો થાળ ભરીને મહારાજ આગળ મુક્યો ત્યારે મહારાજે ગોવર્ધનભાઈને કહ્યું, "અમને જમાડો" ત્યારે ગોરધનભાઈએ શું કર્યું ?

પ્રશ્ન : ૫ જેતપુરના જીવા જોશીના એક દીકરી તેનું નામ કડવીબાઈ હતું. તેના પતિએ અનેકવાર અસહ્ય કષ્ટો આપી સત્સંગ છોડાવવાના ઘણા પ્રયત્નો કરેલા. પરંતુ કડવીબાઈએ દૃઢ નિશ્ચય કરી ધીરવીરની પેઠે જીવના જોખમે સત્સંગ રાખ્યો હતો. પતિના ત્યાગ પછી મહારાજે કડવીબાઈને ગઢપુરમાં ક્યા નામથી રાખ્યા ?

પ્રશ્ન : ૬ એક વખત પર્વતભાઈ પોતાના પત્નિ સહિત શ્રીજી મહારાજના દર્શને ગઢપુર ગયા હતા. અંતર્યામી શ્રીજી મહારાજ જાણતા હતા કે પર્વતભાઈને અન્ન-જળ વિના સાત દિવસ વીતી ગયા તે કોઈને ખ્યાલ નથી. પછી સૌ સાંભળે તેમ મહારાજે પૂછ્યું કે, "પર્વતભાઈ તમે ક્યાં જમો છો ?" પર્વતભાઈએ શું જવાબ આપ્યો ?

પ્રશ્ન : ૭ "તમારી મૂરતિ વિના મારા નાથ રે બીજું મને આપશોમાં" આ કીર્તન કોણે ગાયું છે ?

ઓગસ્ટ-૨૦૦૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) મયારામ ભટ્ટે કહ્યું "મારા ગુરુ રામાનંદ સ્વામીને પૂછીને જવાબ દઈશ." અને ભટ્ટજી રામાનંદ સ્વામી લોજમાં હતા ત્યાં પૂછવા માટે ગયા. (૨) શ્રુતિ અને સ્મૃતિ તેણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો. શિક્ષાપત્રી શ્લોક નં. ૧૦૩ છે. (૩) વચનામૃત ૬૦ માં છે. (૪) ગીતામાં ૮ માં અધ્યાયમાં કહે છે, "હે અર્જુન ! આ જીવાત્માં અતંકાળે જે જે ભાવને સ્મરણ કરતા થકી શરીરનો ત્યાગ કરે છે. સદા તે ભાવનું ચિન્તન કરતો તે તે ભાવને જ પામે છે. (૫) વચન વિધિ નામના ગ્રંથમાં નિષ્કુળાનંદ કાવ્ય. (૬) પંચાળાના ઠાકોર જીણાભાઈ. (૭) "હાલરડું અતિ વહાલું હરિને ગાવે ગોપી હાલરડું" આ પદના રચયિતા બ્રહ્માનંદ સ્વામી છે.

૧. સાં.યો. શિલ્પાબા તથા શીતલબા (સુરેન્દ્રનગર)
૨. સાં.યો. ઉષાબા તથા ચંદ્રિકાબા (લીમડી)
૩. સ્વામિ. મંદિર બાપુનગર હર્ષદભાઈ
૪. રાજેન્દ્રસિંહ રાઓલ (મિતલી)
૫. ઈશ્વરભાઈ, ઘનશ્યામભાઈ (સાપાવાડા)
૬. મહેશભાઈ પટેલ (અસલાલી)
૭. પૃથ્વીરાજસિંહ દરબાર, વિશ્વજીતસિંહ, મિતેશ, રમેશ, પ્રિતેશ, સંદિપ, અનિલ, અમિત, સુરેશ (જેતલપુર)
૮. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૯. માધવજીભાઈ આદ્રોજા (મોરબી)
૧૦. ઋતુ હિંમતભાઈ કાછડીયા (અમદાવાદ)
૧૧. રિન્કુ એન. ખીચડીયા (બાપુનગર)
૧૨. રાધિકા બાબુભાઈ કાછડીયા (બાપુનગર)
૧૩. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (રાણીપ)
૧૪. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૧૫. જ્યોત્સનાબેન રાજેન્દ્રકુમાર કોઠારી (આનંદુપરા)
૧૬. ભગવાનદાસ વેલજીભાઈ સોની (મોરબી)
૧૭. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૮. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૯. કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૨૦. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૨૧. સાં.યો. ભારતીબા તથા સાં.યો. શાતાંબા (ગાદીવાળાશ્રીની હવેલી, અમદાવાદ)
૨૨. વીણાબેન આર. ભાવસાર (અમદાવાદ)
૨૩. અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા)
૨૪. હસુમતીબેન ઠક્કર (ઈસનપુર)
૨૫. પ્રફુલાબેન શરદભાઈ પટેલ (ઉવારસદ)
૨૬. ચંદ્રિકા - જ્યોત્સના (જીરાગઢ)
૨૭. વિઠ્ઠલપરા અમરશીભાઈ વી. (નવસારી)
૨૮. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

(૨) પ્રશ્નના જવાબ સ્વચ્છ અને વંચાય તેવા અક્ષરે લખીને મોકલાવવા અને નામ એક જવાબ પત્ર ઉપર એકજ વ્યક્તિનું હોવું જોઈએ. તેનું જ નામ અંકમાં લખવામાં આવશે.

સત્સંગ સમાચાર

પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૦ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો

સર્વાવતારી શ્રીહરિના ૮ માં વંશજ શ્રી નરનારાયણદેવ દેશ પીઠ સ્થાનના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૦ મો પ્રાકટ્યોત્સવ, અષાઢ વદ-૧૦ ના શુભ દિને ખૂબ હર્ષોલ્લાસ સાથે ધામધૂમથી ઉજવાયો.

શ્રી નરનારાયણદેવની શણગાર આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારીને પોતાના દાદાશ્રી તથા પોતાના પિતાશ્રીના શુભ સાનિધ્યમાં પ્રસાદીના સભા મંડપમાં સુંદર આસને વિરાજમાન થયા ત્યારે ઉપસ્થિત સંતો હરિભક્તોને એક સાથે શ્રીહરિના ત્રણ અપરસ્વરૂપોનું દર્શન થતા દિવ્ય આનંદની અનુભૂતિ થઈ હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવનો આનંદ વ્યક્ત કરવા મેઘરાજા પણ ઉદાર મને વરસતા હતા. તેમજ પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા.

પ્રથમ વિદ્વાન વિપ્રોના સ્વસ્તિ વાંચન પછી વડીલ સંતો અને હરિભક્તોએ પુષ્પમાળા પહેરાવીને પૂજન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારી હતી. સંતોએ પ્રસંગોચિત પોતાના વકતવ્ય દ્વારા શુભ કામના વ્યક્ત કરી હતી. પૂ. મહંત સ્વામીએ સભાનું સુંદર સંચાલન સંભાળ્યું હતું. આ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે "શ્રીહરિ કીર્તન" "જીરાગઢ (હાલાર) મંદિર દ્વારા પ્રકાશીત અને સત્સંગની ઓટલી" શ્રધ્ધા કેસેટ કું. દ્વારા તૈયાર થયેલ નંદ સંતો રચિત શ્રીહરિના કીર્તનોની સીડી, ઓડીયો કેસેટનું વિમોચન કર્યું હતું. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ સુંદર આશીર્વચનો ઉચ્ચારીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભામાં ઉપસ્થિત સર્વે હરિભક્તોએ વ્યક્તિગત પૂજન-અર્ચન-ચરણ સ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા હતા. સહજાનંદ ગુરુકુળના દરેક બાળકોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે પ્રસાદી આપીને રાજીપો વ્યક્ત કરી સુખ આપ્યું હતું. આ રીતે ખૂબ હર્ષોલ્લાસ સાથે જન્મોત્સવની ભક્તિભાવ સાથે ઉજવણી સંપન્ન થઈ હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અલૌકિક હિંડોળા દર્શન

શ્રાવણ માસનો શુભારંભ એટલે આપણા દરેક મંદિરોમાં ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના હિંડોળા શણગારીને ઠાકોરજીને ઝુલાવતા દિવ્ય દર્શન માણવાનો શુભ અવસર, અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂજ્ય મહંત સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી ની પ્રેરણાથી સર્વોપરિ શ્રી નરનારાયણદેવ સમક્ષ રોજ અવનવા વિવિધ પ્રકારના જેવા કે ફૂલના, ફૂટના, શાકભાજી, સુકા મેવા, રાખડીઓ, ચોકલેટ, ઈમિનેશન આદિ અનેક પ્રકારના ભવ્ય હિંડોળા સેવા ભાવી હરિભક્તોના યજમાન પદે કરવામાં આવ્યા. જેમાં જેતલપુરના મહંત સ.ગુ. કે.પી. સ્વામીના માર્ગદર્શનથી કોઠારના સંતો અને પાર્ષદ મંડળે ખૂબજ પ્રેરણારૂપ સેવા બજાવીને હરિભક્તોને રાજી કર્યા હતા. સર્વોપરિશ્રી નરનારાયણદેવ આદિ દેવોના આવા હિંડોળાના અલૌકિક દર્શન કરીને મુમુક્ષુ જીવો ખરેખર જીવનને ધન્ય માણતા હતા.

(કોઠારી સ્વામી)

જેતલપુર મંદિરમાં શ્રી રેવતી બળદેવ હરિકૃષ્ણ મહારાજ સમક્ષ ભવ્ય હિંડોળા દર્શન

સર્વોપરિ તીર્થધામ જેતલપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂજ્ય પી.પી. સ્વામી તથા પૂજ્ય મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી અને સ.ગુ. મહંત સ્વામી કે.પી. સ્વામીના માર્ગદર્શનથી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ અને સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ શ્રાવણ માસમાં વિવિધ પ્રકારના અવનવા, સુંદર કલાત્મક રંગબેરંગી ફૂલો, ફળ ફળાદિ, શાકભાજી, ડ્રાયફ્રૂટ, ઈમીનેશન જવેલરી, વિવિધ ધાન્ય આદિ અનેક પ્રકારના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવીને હરિભક્તોને દર્શન કરાવવામાં આવતા હતા. જેમાં અનેક ભાવિકોએ યજમાન બનીને મહા લાભ લીધો હતો. શ્રાવણ માસમાં જેતલપુરમાં દર્શનાર્થીઓની ખૂબજ ભીડ જોવા મળતી હતી.

(કોઠારી સ્વામી)

છપૈયા ધામમાં અધિક માસ ધામધૂમથી ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂજય ગવૈયા બ્ર.સ.ગુ. સ્વામી રામકૃષ્ણાનંદજીના આશીર્વાદથી અને મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજીની પ્રેરણાથી પવિત્ર પ્રથમ અધિક જેઠ માસમાં સર્વોપરિ ઈષ્ટદેવ બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની દિવ્ય અલૌકિક પ્રાકટ્ય ભૂમિમાં પુરુષોત્તમ માસ ધામધૂમથી ઉજવાયો હતો.

જેમાં મેઘાણીનગર અમદાવાદ મહિલા મંડળ, બાપુનગર શ્રી ઘનશ્યામ મહિલા મંડળ અને મુંબઈ, ગોધરા, કલોલ, ધમાસણા, ઝુંડાલ, લતીપર તથા અમદાવાદ નારણપુરાના પ.ભ. જયંતીભાઈ પટેલ, પ.ભ. રમણભાઈ પટેલ આદિ સૌ હરિભક્તોના સાથ સહકાર અને સેવા સહયોગથી અધિક માસમાં આવતા આપણા દરેક ઉત્સવો, તુલસી વિવાહ, સમૂહ હોમાત્મક મહાપૂજા, સમૂહ સત્ય નારાયણ કથા, શ્રી નરનારાયણદેવ જન્મ જયંતી તથા મેતપુરના પૂ. ગોવિંદ સ્વામીની પ્રેરણાથી પ.ભ. અમૃતભાઈ રણછોડભાઈ પટેલ હ. શ્રી વિવેક (મેતપુરવાળા હાલ-પૂના)ના યજમાન પદે અધિક જેઠ સુદ-૯ સર્વોપરિ બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો મહાભિષેક-અન્નકૂટ આદિ ધામધૂમથી સંપન્ન થયા હતા. અને મુંબઈના પ.ભ. લીલાવતીબેન, ડૉ. પ્રદિપભાઈ અને હિનાબેન ભાવેશભાઈના યજમાનપદે એકાદશી અમાસના ઉત્સવ ધામધૂમથી ઉજવાયા હતા.

જેઠ સુદ-૧૧ના શુભ દિને છપૈયા ધામમાં બિરાજમાન ઠાકોરજીનો વાર્ષિક પાટોત્સવ પ.ભ. રત્ના કરશન ભુડીયા પરિવાર, પ.ભ. દક્ષાબેન હરિપ્રસાદ સ્વામિનારાયણ, પ.ભ. શંભુભાઈ એચ. પટેલ તથા પ.ભ. ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર તથા મહિલા મંડળ (નવા વાડજ) તથા પ.પૂ. ગાદીવાળાશ્રીની હવેલી અમદાવાદના સાં. શાંતાબા, સાં. મંજુબા, સાં. ભારતીબા તથા સાં. ગીતાબેન (પાટડીવાળા)ની પ્રેરણાથી ગં.સ્વ. લાભુબેન દયાળજીભાઈ (નિરમાવાળા) વગેરે હરિભક્તોના સાથ સહકાર અને સેવાથી પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ

પ્રસંગે અયોધ્યા મંદિરનું સંત-પાર્ષદ મંડળ, નાથદ્વારા મંદિરના મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતોએ ઉપસ્થિત રહીને પ્રસંગને શોભાવ્યો હતો.

અંત્રે સર્વોપરિ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના જન્મસ્થાન મંદિર નિર્માણમાં સત્સંગી બહેનોએ શ્રધ્ધા-ભક્તિથી પાયાના પુરાણમાં માટી-રેતી અને ઈંટો ઉંચકીને ભગીરથ સેવા કરીને મહા અલૌકિક લાભ લઈ સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજનો રાજીપો મેળવ્યો છે. પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીની કૃપાથી છપૈયા ધામમાં સુંદર સેવા-પૂજાની પ્રવૃત્તિ ચાલે છે.

(કનુભાઈ દવે - છપૈયા)

વડનગર મંદિર

પવિત્ર અધિક માસમાં ઐતિહાસિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ.ગુ. સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી પ.ભ. દશરથભાઈ લક્ષ્મણદાસના યજમાનપદે ધામધૂમથી સંપન્ન થયો.

પ્રાસંગિક સભામાં શા.સ્વા. નારાયણવલ્લભદાસજી તથા શા. વિશ્વપ્રકાશદાસજી અને મોદી નવિનભાઈએ શ્રીહરિ અને ધર્મકુળનું મહિમા માહાત્મ્ય સુંદર રીતે વર્ણવ્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સમસ્ત સભાને આશીર્વાદ આપીને અતિ રાજી થયા હતા.

(મોદી હર્ષદભાઈ હરિલાલ)

મુક્તિનાથ (નેપાળ)

અત્રે મુક્તિનાથ ભગવાનના આશ્રય સ્થાન અને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની તપોભૂમિ પુલ્હાશ્રમમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નીલકંઠવર્ણીના દિવ્ય ચરણોમાં અહીંના આપણા મંદિર ધર્મશાળામાં ગુરુપૂર્ણિમા ધામધૂમથી ઉજવાયેલ. શ્રીજી સ્વામો, સંત સ્વામી અને લોકનાથ સ્વામી અને તીર્થયાત્રીઓએ સમૂહમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રતિમાનું પૂજન-અર્ચન આરતી કરીને ગુરુ પૂજન કર્યું હતું. અને તીર્થયાત્રીઓને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું મહિમા માહાત્મય સુંદર રીતે સમજાવેલ.

(સાધુ લોકનાથ)

ઝુંડાલ મંદિરમાં ભક્ત ચિંતામણી પારાયણ

અત્રે ઝુંડાલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ આચાર્યમહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા દર માસના બીજા રવિવારે શ્રીમદ્ ભક્તિ ચિંતામણી પારાયણ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે થાયછે. તા. ૧૨-૮-૨૦૦૭ સુધીમાં કુલ ૧૦ પારાયણ થઈ છે. કુલ ૧૨ પારાયણનું આયોજન છે. જેમાં ઘણા ભક્તજનો કથાનો લાભ લેછે. આ પ્રસંગે નાના પી.પી. સ્વામી પણ ઉપસ્થિત રહ્યા હતા.

(હિતેશભાઈ)

જેતલપુર વાડી (સંસ્કૃત પાઠશાળા)ના સંતો દ્વારા ગામડાઓમાં સત્સંગ સભાઓ

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરતાં નાના-નાના વિદ્યાર્થી સંતો દ્વારા પૂજ્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી દર મહિને અલગ-અલગ સત્સંગ સભાઓનું આયોજન થતું હોય છે. જેમાં ગત અષાઢ મહિનામાં નીચેના ગામોમાં સત્સંગ સભાઓ થયેલી. અસલાલી, ગામડી, મનીપુર, સાણંદ, મેઘાણીનગર, વાડજ, નવાગામ, કલોલી, મહીજ, નારાયણનગર, ભાત, કાશીન્દ્રા.

દરેક ગામમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ મહારાજની દિવ્ય લીલાઓનું શ્રવણ કરી અનન્ય લ્હાવો લીધો હતો. વાડીના સંચાલક શા. હરિઊંપ્રકાશ સ્વામી દ્વારા ચાલતી સત્સંગ અભ્યુદય માળાની પ્રશંસનીય પ્રવૃતિ બદલ પૂજ્ય મહારાજશ્રીએ અભિનંદન સહ આશીર્વાદ પાઠવ્યા હતા.

(શા. ભક્તિનંદન)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર નવું હળવદ

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના શુભ દિને પ્રાસંગિક સભામાં સાધુ શ્રીજી સ્વરૂપદાસ અને સંત મંડળે ધર્મકુળ માહાત્મ્ય સાથે ધર્મવંશી આચાર્યશ્રી આપણા સમસ્ત આશ્રિતોના ગુરુ છે. એમ સુંદર મહિમા સહિત વાતો કરીને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની તસ્વીરનું ગુરુ પૂજન-અર્ચન આરતી કરી હતી અને ચાતુર્માસના નિયમ ઘણા હરિભક્તોએ લીધા હતા.

(તારબુંદિયા મનસુખ બી.)

વિદેશ સત્સંગ સમાચાર

શિકાગો મંદિરનો ૯ મો પાટોત્સવ ઉજવાયો

સર્વાવતારી શ્રીહરિની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી અત્રે આપણાશ્રી સ્વામિનારાયણ મંદિરનો ૯મો પાટોત્સવ હરિભક્તોના સાથ સહકારથી ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણની કથા મહંત સ્વામી અને પૂજારી હરિનંદનદાસે કરી હતી. પાટોત્સવના શુભ દિને ઠાકોરજીને અભિષેક બાદ અન્નકૂટ ધરાવવામાં આવેલ. ઠાકોરજીને ચંદનના સુંદર વાઘા ધરાવવામાં આવેલ. આ પ્રસંગે પ.ભ. પુરૂષોત્તમભાઈ તથા ગૌરીબેન ગોધાણી, પ.ભ. ઓધવજીભાઈ તથા સવિતાબેન ધાનાણી, શ્રીહરિભાઈ-સવિતાબેન ખેર, શ્રી કમલેશભાઈ શાહ આદિ હરિભક્તોએ યજમાન બની સુંદર લાભ લીધો હતો. પારાયણ દરમ્યાન શા. કેશવચરણદાસજી અને ઘનશ્યામ સ્વામીએ ભગવાનનું સુંદર માહાત્મય વર્ણવ્યું હતું. પ્રમુખશ્રી જગદીશભાઈએ આગામી ૧૦ મો પાટોત્સવ સમસ્ત ધર્મકુળની શુભ નિશ્રામાં ઉજવાશે અને આપણા અનેક સંતો પણ પધારશે તેવી જાહેરાત કરી હતી. આ પ્રસંગે યુવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરીને સૌને આનંદિત કર્યા હતા.

અત્રે સેવામાં સમસ્ત મહિલા મંડળ અને યુવા વડીલ હરિભક્તોએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃતિ સુંદર ચાલે છે.

(પ્રવિણ ભગત)

લેસ્ટર (U.K., I.S.S.O.) મંદિરમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

સર્વાવતારના અવતારી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ જગતના જીવોના કલ્યાણના અર્થે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી અને પોતાના સ્થાને સમસ્ત આશ્રિતોના ગુરુપદે

ઉત્તર અને દક્ષિણ બે વિભાગ કરી આચાર્યોની સ્થાપના કરી. જેમાં ઉત્તર વિભાગના શ્રી નરનારાયણદેવ પીઠસ્થાને આદિ આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને ગાદી પર પ્રસ્થાપિત કર્યા. તે પરંપરામાં શ્રી નરનારાયણદેવ પીઠના ૭ માં વિદ્યમાન આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ગુરુઋણ અદા કરવા માટે લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગુરુપૂર્ણિમા મહોત્સવનું તા. ૩૦-૭-૨૦૦૭ના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ભારત થી પધારેલા સંતો શા.સ્વામી બ્રહ્મવિહારીદાસજી અને સર્વેશ્વરદાસજી એ હરિભક્તોના વિશાળ સમુદાય સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન વેદોક્ત વિધિથી કર્યું હતું. ત્યારબાદ હરિભક્તોને ધર્મકુળનો મહિમા સમજાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં શ્રીહરિની કીર્તન ભક્તિ બાદ મંદિરમાં મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું, જેમાં લેસ્ટર તેમજ આજુબાજુના વિસ્તારમાં વસતા હરિભક્તો ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રાજીપા અને આશીર્વાદથી લેસ્ટરમાં ખૂબજ સુંદર રીતે દર શનિવારના સત્સંગસભાનું આયોજન નિયમિત થાય છે. અને ખૂબજ મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહી સત્સંગ સભાનો લાભ લે છે.

(સહમંત્રી, કિરણ ભાવસાર, લેસ્ટર)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે કલોલ ● ૧૦૧-૦૦ શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતન જન્મ પ્રસંગે સઈજ ● ૧૦૧-૦૦ શ્રી મનોજભાઈ નરેશભાઈ દેવચંદદાસ પટેલ પાસ થયા તે નિમિત્તે ઊંઝા ● ૧૧૧-૦૦ શ્રી હિરાલાલ વી. કેલા ચિ. પૌત્રી પાયલના લગ્ન પ્રસંગે અમદાવાદ ● ૧૦૧-૦૦શ્રી જગદીશચંદ્ર અંબાલાલ સોની ચિ. અમિતકુમારને ત્યાં પુત્ર જન્મપ્રસંગે સુરત ● ૧૦૧-૦૦ શ્રી ગોકળભાઈ ભીખાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ ૧૦૧-૦૦ શ્રી મિત્તલ ગિરધરભાઈ પટેલ એન્જી. ડીગ્રીકોષ પુરો કર્યો તે નિમિત્તે અમદાવાદ ●૨૦૧-૦૦ શ્રી હર્ષદભાઈ ઘનશ્યામભાઈ ભાવસાર ચિ. નિપમને બી.ઈ.(ઈ.સી.) માં એડમીશન મળ્યું તે નિમિત્તે અમદાવાદ ● ૨૫૧-૦૦ શ્રી ચતુરભાઈ ખુશાલભાઈ રંગપરીયા નવું મકાન લીધું તે નિમિત્તે સુરત ● ૧૦૧-૦૦ શ્રી દક્ષાબેન હસમુખભાઈ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા ● ૧૦૦-૦૦ શ્રી જયમીન નવનીતભાઈ મોદી ચિ. સમિતના જન્મદિન નિમિત્તે રાણીપ ● ૧૦૧-૦૦ શ્રી બિનલબેન પરેશકુમાર કા.પટેલ પ્રથમ પગાર નિમિત્તે અમદાવાદ ● ૧૦૧-૦૦ પિયુષ તથા ઉર્વિશા ડી. કાશીયાણી ૧૨ સાયન્સમાં ૮૧ ટકા અને ધો.-૧૦માં ૭૫ ટકા આવ્યા તે નિમિત્તે અમદાવાદ ● ૧૦૦-૦૦ શ્રી કુંજબાળા કીર્તિકુમાર શાહ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ ● ૧૧૧-૦૦ શ્રી મીઠાલાલ કાંતિલાલ કાબરાવાલા ચિ. હિરલના લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે દાહોદ ● ૧૦૦-૦૦ શ્રી રાઘવજી લક્ષ્મણ પોરીયા ચિ. વિજયકુમારના લગ્ન પ્રસંગે (ધૂળકોટ-રાજકોટ) ● ૧૦૦-૦૦ શ્રી નિલમબેન રસિકલાલ પટેલ લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે કોઠા ● ૧૦૦-૦૦ શ્રી પંકજ રસિકભાઈ પટેલ ગાડી લીધી તે નિમિત્તે કોઠા ●૧૦૦-૦૦ શ્રી બાબુભાઈ અંબાલાલ પટેલ નવી ગાડી લીધી તે નિમિત્તે ઘુમાસણ ● ૧૦૦-૦૦ શ્રી હેત નરેન્દ્રકુમાર કનુભાઈ પટેલ જન્મ દિવસ નિમિત્તે કનીપુર ● ૧૦૧-૦૦ શ્રી નારણભાઈ મનસુખભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ ● ૧૦૧-૦૦ શ્રી તરૂણકુમાર વિનોદકુમાર પટેલ જન્મદિન પ્રસંગે અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ ● ૧૦૧-૦૦ શ્રી અનસુયાબેન ઈશ્વરલાલ પટેલ ચિ. કલ્પેશના જન્મ દિન પ્રસંગે અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી કુસુમબેન રસિકભાઈ કા.પટેલ ચિ. દિપમાલાના લગ્ન પ્રસંગે અમદાવાદ ● ૨૦૦-૦૦ શ્રી નિરંજન બી. પટેલ અમેરિકામાં જોબ મળવા નિમિત્તે હાંસલપુર (હિંમતનગર) ●૧૦૦-૦૦ શ્રી ધ્રુવ પી. પટેલ ચિ. ધ્રિતીના જન્મ દિન પ્રસંગે વીરાવાડા (હિંમતનગર) ● ૧૦૧-૦૦ શ્રી અજીતભાઈ પચાણભાઈ મોરી ચિ. ભાણા જયદિપસિંહના જન્મદિન નિમિત્તે કાલીયાણા ● ૧૦૦-૦૦ શ્રી ચિરાગ એમ. પટેલ નોકરી મળી તે નિમિત્તે મોડાસા ● ૧૦૧-૦૦ શ્રી દામજીભાઈ ગોવિંદભાઈ ચૌહાણ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે જીરાગઢ ●૧૦૧-૦૦ શ્રી પરેશ જયંતીલાલ ચૌહાણ ચિ. મિત અને ચિ. મનસ્વીના જન્મ દિન પ્રસંગે જીરાગઢ ● ૧૫૧-૦૦ શ્રી નાનાલાલ માવજી ચૌહાણ સુરતમાં નવું મકાન બનાવ્યું તે નિમિત્તે સુરત ● ૧૦૧-૦૦ શ્રી કંચનબેન જયંતીલાલ જીવરાજભાઈ વાઘેલા ચિ. દક્ષાના શુભ લગ્ન પ્રસંગે સુરત ● ૧૦૧-૦૦ શ્રી જયંતીભાઈ જીવરાજભાઈ વાઘેલા નવું બાઈક લીધું તે નિમિત્તે સુરત ● ૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ માવજીભાઈ ચોટલીયા નવું ટી.વી. લીધું તે નિમિત્તે સુરત ● ૧૦૧-૦૦ શ્રી ભરતભાઈ ખેંગારભાઈ જાદવ ટી.વાય.માં પાસ થયા તે નિમિત્તે માલણપુર ●૧૧૧-૦૦ શ્રી પ્રાગજીભાઈ મોહનભાઈ ચૌહાણ વિદેશ પ્રવાસ નિમિત્તે નવસારી ● ૧૦૦-૦૦ શ્રી જિજ્ઞેશ જયંતીભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે પોર ●૧૦૦-૦૦ શ્રી પ્રવિણભાઈ પટેલ નવી રીક્ષા લાવ્યા તે નિમિત્તે ઉવારસદ ● ૧૦૧-૦૦ શ્રી ઈશ્વરલાલ અંબાલાલ ભાવસાર ચિ. પૌત્રી નિધીના જન્મ નિમિત્તે મોટપ ● ૧૦૧-૦૦ શ્રી સંગીતાબેન નાથાભાઈ વરૂ એમ.એ. પાસ થયા તે નિમિત્તે (જીરાગઢ) સુરત ● ૧૦૧-૦૦ શ્રી પ્રવિણભાઈ દેવજીભાઈ વરૂ નવી ગાડી લીધી તે નિમિત્તે (અંબાલા) સુરત ● ૧૦૦-૦૦ શ્રી પ્રભાબેન હર્ષદભાઈ પરમાર તેમના પુત્રનું પ.પૂ. મહારાજશ્રીએ નામ કરણ કર્યું તે નિમિત્તે (અંબાલા) સુરત ● ૧૦૦-૦૦ શ્રી હર્ષદકુમાર મોહનભાઈ પરમાર પુત્ર જન્મ પ્રસંગે(અંબાલા) સુરત ● ૧૦૧-૦૦ શ્રી ધનસુખભાઈ જીણાભાઈ ટાંક ચિ. ઉત્સવના નામકરણ પ્રસંગે સુરત ● ૧૦૧-૦૦ ઉમિયા એન્ટર પ્રાઈઝ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ ● ૧૦૧-૦૦ શ્રી રંજન ભગવાનજી રાઠોડ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી મુળજી પ્રેમજી રાઠોડ પુણ્ય તિથિ નિમિત્તે (હા. વાલજી) જીરાગઢ ● ૧૦૧-૦૦ શ્રી ઉજીબેન મુળજી રાઠોડ પુણ્યતિથિ નિમિત્તે (હા. રમાબેન) જીરાગઢ ● ૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ ચિ. દિવ્યા એ નવી ગાડી લીધી તે નિમિત્તે અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી રમણભાઈ કોદરભાઈ પટેલ ચિ. નેહાના ભાણાના જન્મ પ્રસંગે બાયડ ● ૧૦૦-૦૦ શ્રી રીટાબેન જયંતીભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ ● ૧૫૧-૦૦ શ્રી વાસુદેવભાઈ લવજીભાઈ પટેલ ચિ. વિપુલકુમારને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે અમદાવાદ ● ૫૦૧-૦૦ શ્રી મનસુખભાઈ ગોકળભાઈ મારવી નવી હોન્ડા સીટી ગાડી લીધી તે નિમિત્તે મુંબઈ (જીરાગઢ) ● ૧૦૧-૦૦ શ્રી નિમેષ બિપીન ટાંક ગુરુ પૂર્ણિમા નિમિત્તે કાંદીવલી-મુંબઈ ● ૧૦૧-૦૦ શ્રી અંકિત બિપીન ટાંક ગુરુ પૂર્ણિમા નિમિત્તે રોહીશાળા કાંદીવલી-મુંબઈ ● ૧૦૦-૦૦ શ્રી જીતુભાઈ અમૃતલાલ પટેલ ગુરુ પૂર્ણિમા નિમિત્તે (વડુવાળા) અમદાવાદ ● ૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ બબલદાસ પટેલ ચિ. જીતુભાઈના જન્મ દિન પ્રસંગે (તા. ૧૬-૮) વડુ ● ૧૦૦-૦૦ શ્રી જીતુભાઈ અમૃતલાલ પટેલ નાનાભાઈ ના ચિ. પૃથ્વીના જન્મ દિન નિમિત્તે વડુ ●૧૫૦-૦૦ શ્રી મિતેશ રમેશભાઈ પટેલ નોકરી મળી તે નિમિત્તે મુબારકપુરા ●૧૦૧-૦૦ શ્રી જીતેન્દ્રકુમાર રાયજીભાઈ પટેલ પુત્રીના જન્મ પ્રસંગે કોઠંબા ● ૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ સોરઠીયા નવી દુકાનના પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉદ્ઘાટન નિમિત્તે બાપુનગર ● ૧૦૧-૦૦ શ્રી મીનાબેન પ્રકાશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ ● ૧૦૧-૦૦ શ્રી જયેન્દ્ર છગનભાઈ સાપરીયા ગુરુ પૂર્ણિમા નિમિત્તે વલસાડ ● ૧૦૧-૦૦ શ્રી છગન રવજી સાપરીયા ગુરુ પૂર્ણિમા નિમિત્તે વલસાડ ● ૧૦૧-૦૦ શ્રી નિલકંઠ છગનભાઈ સાપરીયા એમ.એ.માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે વલસાડ ● ૧૦૧-૦૦ ગં.સ્વ. મંજુલાબેન કાંતિલાલ પંડ્યા ગુરુ પૂર્ણિમા પ્રસંગે ભાયન્દર ● ૧૦૧-૦૦ શ્રી અશ્વિનકુમાર

વાઘજીભાઈ પટેલ તેમની પુત્રીના એડમીશન નિમિત્તે કઠલાલ ● ૧૦૧-૦૦ શ્રી રમણલાલ મોહનલાલ પંચાલ ચિ. ધર્મેન્દ્રકુમારને ત્યાં ચિ. પૌત્ર હર્ષના જન્મ પ્રસંગે ઢુંઢર (હિંમતનગર) ● ૧૦૧-૦૦ દિશાબેન હિતેશભાઈ રાઠોડ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ વર્તમાન ધરાવ્યા તે નિમિત્તે મુંબઈ (જીરાગઢ) ● ૨૫૧-૦૦ શ્રી અમરશીભાઈ નરસીભાઈ ચાવડા શ્રીજી પ્રસન્નાર્થે (ધૂળકોટ) સુરત ● ૨૫૧-૦૦ શ્રી વનીતાબેન અમરશીભાઈ ચાવડા ગુરુ પૂર્ણિમા નિમિત્તે (ધૂળકોટ) સુરત ● ૧૦૧-૦૦ શ્રી શૈલેષભાઈ ટી. પટેલ ગુરુ પૂર્ણિમા નિમિત્તે વડુવાળા ● ૧૦૦-૦૦ શ્રી સવિતાબેન પરસોત્તમભાઈ પટેલ ગાયના મોક્ષાર્થે ખેરવા ● ૧૦૦-૦૦ શ્રી ઘનશ્યામસિંહ કરણસિંહ વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે દદુકા ● ૧૦૦-૦૦ શ્રી જતીનકુમાર નરેન્દ્રભાઈ ચોટલીયા જન્મ દિન નિમિત્તે સુરત (ધૂળકોટ) ● ૧૦૧-૦૦ શ્રી હસમુખભાઈ ડાહ્યાલાલ મોદી નવું મકાન લીધું તે નિમિત્તે મહેસાણા ● ૧૦૦-૦૦ શ્રી નાથાભાઈ ભાણાભાઈ રાઠોડ નવી જેન ગાડી લાવ્યા તે નિમિત્તે વિરમગામ ● ૧૦૧-૦૦ શ્રી પોપટલાલ પૂંજાભાઈ પટેલ ગુરુ પૂર્ણિમા નિમિત્તે માધવગઢ ● ૧૦૧-૦૦ શ્રી સંદિપકુમાર ભાવસાર ચિ. ભરતભાઈ ટી.વાય. બી.એસ.સી.માં ૭૫ ટકાએ પાસ થયા તે નિમિત્તે મેઉ ● ૧૦૧-૦૦ શ્રી આનંદ ભરતકુમાર ભાવસાર સી.એ.માં અભ્યાસ કર્યો તે નિમિત્તે મેઉ ● ૧૦૧-૦૦ શ્રી ભાવનાબેન ભીખાભાઈ પટેલ ચિ. પ્રદિપ ધો.-૧૦માં ૭૫ ટકાએ પાસ થયો તે નિમિત્તે બાન્ટાઈ ● ૧૦૧-૦૦ શ્રી હસમુખલાલ વ્રજલાલ નવું મકાન લીધું તે નિમિત્તે વડનગર ● ૧૦૧-૦૦ શ્રી સુરેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા ● ૧૦૧-૦૦ શ્રી અંબાલાલ વાલાભાઈ પટેલ ચિ. દિપીકાબેન તથા વિલાસબેનના લગ્ન પ્રસંગે રાયણીયા ● ૧૦૧-૦૦ શ્રી પ્રવિણસિંહ ચંદુજી બિહોલા ચિ. ભાવનાકુંવરબાના મામેરા નિમિત્તે પાલજ ● ૧૦૧-૦૦ શ્રી તૃપ્તિબેન ગંગદાસભાઈ રાઠોડ એમ.કોમ.-૨ પાસ કર્યું તે નિમિત્તે (ટીંબાવાળા) અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી ગુરુ પૂર્ણિમા નિમિત્તે સેટેલાઈટ ● ૧૦૧-૦૦ શ્રી મંગળભાઈ બબાભાઈ નાયી ૭૨ માં જન્મ દિન નિમિત્તે વેડાવાળા ● ૧૦૧-૦૦ શ્રી જશોદાબેન ગીરીશભાઈ માણેકલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ઝુલાસણ ● ૧૦૧-૦૦ શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ ● ૧૦૧-૦૦ શ્રી ભૂપેન્દ્રભાઈ કાશીરામ પંડ્યા ગુરુ પૂર્ણિમા નિમિત્તે રાયગઢ ● ૧૦૧-૦૦ શ્રી નરેશકુમાર ડાહ્યાલાલ ભાવસાર ગુરુ પૂર્ણિમા નિમિત્તે વિસનગર ● ૧૦૧-૦૦ શ્રી પી. પી. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા ● ૧૦૧-૦૦ શ્રી ગુણવંતલાલ એમ. ત્રિવેદી ચિ. પૌત્ર ડૉ. જૈમિન ઉચ્ચ અભ્યાસાર્થે અમેરિકા ગયા તે નિમિત્તે અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી યાજ્ઞિકકુમાર પંકજભાઈ પટેલ પી.ટી.સી.માં પ્રથમ વર્ષમાં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે ધનસુરા ● ૧૦૧-૦૦ શ્રી અર્પિતકુમાર પૂનમભાઈ પટેલ પી.ટી.સી.માં પ્રથમ વર્ષમાં પ્રવેશ નિમિત્તે ધનસુરા ● ૧૦૦-૦૦ શ્રી જયવદન ડાહ્યાભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા ● ૧૦૧-૦૦ શ્રી વર્ષાબેન અમૃતલાલ પટેલ પુત્ર જન્મ પ્રસંગે ચેનપુર ● ૧૦૦-૦૦ શ્રી મેઘાબેન જયેશકુમાર પટેલ પી.ટી.સી.માં ૮૦ ટકા આવ્યા તે નિમિત્તે ઘમીજ ● ૧૦૧-૦૦ શ્રી રિતેશ વિનોદભાઈ પટેલ ઓફિસ બનાવી તે નિમિત્તે કુબડથલ ● ૨૦૦-૦૦ શ્રી બી.કે. પૂજારા ચિ. તેજલબેનને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી ગીતાબેન અનીલકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે જેતલપુર ● ૧૫૧-૦૦ શ્રી લક્ષ્મીબેન કરશનભાઈ રાઠોડ ૧૦૦ વર્ષ પુરા થયા તે નિમિત્તે (હા. મોહનભાઈ) મોરબી ● ૧૦૧-૦૦ શ્રી ગૌરીબેન મનસુખભાઈ નાનજીભાઈ ચૌહાણ ચિ. મહેશના શુભ લગ્ન પ્રસંગે જામસર ● ૧૫૧-૦૦ શ્રી વિપુલ પ્રફુલચંદ્ર ભાવસાર સી.એ. પાસ થયા તે નિમિત્તે અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી દિશાંતકુમાર જગદીશભાઈ પટેલ જન્મદિન નિમિત્તે (ખેરોલ) નરોડા ● ૧૦૧-૦૦ શ્રી ઉર્વેશ દિનેશચંદ્ર ભાવસાર જન્મ દિન નિમિત્તે અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી નિલેશ બાબુબાઈ પટેલ પી.ટી.સી.માં એડમીશન મળ્યું તે નિમિત્તે રતનપર ● ૧૦૧-૦૦ શ્રી નિર્મળકુમાર એસ. વેકરીયા પુત્રીના જન્મ પ્રસંગે ગાંધીનગર ● ૧૦૧-૦૦ શ્રી સવિતાબેન માધવલાલ ભગતના સ્મરણાર્થે અમદાવાદ ● ૧૦૧-૦૦ એક હરિભક્ત નોકરી મળી તે નિમિત્તે નારણપુરા-અમદાવાદ ● ૫૦૦-૦૦ શ્રી રમેશભાઈ રણછોડભાઈ મેવાડા શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે બાપુનગર-અમદાવાદ ● ૧૦૧-૦૦ શ્રી રણછોડભાઈ ડી. પટેલ ચિ. ચિરાગના વાગ્દતા કિંજલ ઉચ્ચ અભ્યાસાર્થે અમેરિકા ગયા તે નિમિત્તે આણંદપુર-ભાલવાળા ● ૧૧૧-૦૦ સ.ગુ. મહંત સ્વામી હરિસેવાદાસજી પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે વડનગર ● ૫૦૦-૦૦ અ.નિ.સાં. સીતાબા અ.નિ.સાં. ગૌરીબા પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે (હા. સાં. કંચનબા) (સ્વા.મં. બહેનોનું ઘાંચીવાડ-ધ્રાંગધ્રા) ● ૧૦૧-૦૦ શ્રી દર્શનીબેન તથા વંશીબેન પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે (રમાબેન કાતરાણી) મોરબી ● ૧૦૧-૦૦ પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ અને ચિ. પૌત્ર દર્શન, ભાણો પુનિત, જયના જન્મ પ્રસંગે સુરત ● ૧૦૧-૦૦ શ્રી પ્રેમીલાબેન બાબુલાલ પટેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે મોરબી ● ૧૦૧-૦૦ શ્રી હિતેશકુમાર બાબુલાલ પટેલ બીજા પુત્ર જન્મ પ્રસંગે મોરબી ● ૧૦૧-૦૦ શ્રી અંકિતાબેન અશોકભાઈ સુરેલીયા બેંકમાં નોકરી મળી તે નિમિત્તે રાજકોટ ● ૧૦૦-૦૦ શ્રી યોગીનકુમાર અનીલભાઈ ત્રાંબલીયા શ્રીજી પ્રસન્નાર્થે જુથલ ● ૧૦૦-૦૦ શ્રી કેવિન અને દર્શક ચંદુભાઈ ગરાડા શ્રીજી પ્રસન્નાર્થે નાનડીયા ● ૧૦૧-૦૦ શ્રી બળદેવભાઈ ટી. પટેલ ચિ. હિમાંશુના જન્મદિન અને જોબ મળી તે નિમિત્તે માણસા ● ૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ ચંદુભાઈ પટેલ જન્મ દિન પ્રસંગે અસલાલી ● ૧૦૧-૦૦ શ્રી નરોત્તમભાઈ સવજીભાઈ ચાવડા નવું બાઈક લીધું તે નિમિત્તે (ધૂળકોટ) સુરત ● ૧૦૧-૦૦ શ્રી જીગ્નેશ-પારૂલના ચિ. નિલના જન્મ દિન નિમિત્તે રાણીપ ● ૧૦૧-૦૦ શ્રી ચિરાગ અને શ્રી નિતેશ ઘનશ્યામભાઈ પંચાલ ડિપ્લોમાં પાસ થયા તે નિમિત્તે ● ૧૧૧-૦૦ શ્રી અરવિંદભાઈ ટી. ભાવસાર ચિ. ફાલ્ગુનીના શ્રીમંત પ્રસંગે વિસનગર ● ૧૦૦-૦૦ શ્રી જીગર પંકજકુમાર ઠક્કર C.A. P.E.-II (ઈન્ટર) પાસ થયા તે નિમિત્તે મેઘાણીનગર ● ૧૦૧-૦૦ શ્રી આદિત્ય જનકકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે અસલાલીવાળા ● ૫૦૧-૦૦ શ્રી હેમલ મહેન્દ્રભાઈ ચોકસી પુણ્ય તિથિ નિમિત્તે તા. ૧૩-૮-૦૬ મોરબી ● ૫૦૧-૦૦ શ્રી હિષીકા હેમલભાઈ ચોકસી જન્મ દિન પ્રસંગે મોરબી ● ૧૦૧-૦૦ શ્રી રમણલાલ હરગોવનદાસ ભાવસાર આર.આર.ની નવી દુકાનના પ્રથમ વર્ષ પુરુ થવા નિમિત્તે નવાવાડજ.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના સંત (હાલ લાલોડા (ઈડર) મંદિરમાં સેવા-પૂજા કરતા) સ.ગુ. સ્વામી મોહનપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવનદાસજી અષાઢ વદ-૧૧ને તા. ૯-૮-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર : પ.ભ. પાર્ષદશ્રી ભીમજી ભગત ગુરુ સ.ગુ. પુરાણી સ્વામી પુરૂષોત્તમચરણદાસજી તા. ૭-૮-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

લસુન્દ્રા : શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂર્વ કોઠારી પ.ભ. કાશીભાઈ બેચરભાઈ પટેલ તા. ૨૯-૭-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અરોડા (ઈડરદેશ) : પ.ભ. છગનભાઈ વિરચંદભાઈ મુખી તા. ૨૮-૭-૨૦૦૭ના રોજી શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળના ઓચ્છવીયા પ.ભ. નંદકિશોરભાઈ ઠાકોરલાલ અગ્રવાલ (ઉં. ૮૦ વર્ષ) તા. ૨૭-૭-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



કાંકરિયા મંદિરમાં શ્રાવણ માસમાં ઠાકોરજીને હિંડોળે ઝુલાવતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



જેતલપુર મંદિરમાં શ્રાવણ માસમાં કથા કરતા શા.ભક્તિનંદનદાસ



જેતલપુર મંદિરમાં શ્રી રેવતીજી બળદેવજી મહારાજના ફળોના હિંડોળા દર્શન





ગાંધીનગર (સેક્ટર ૨૩) આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કલાત્મક હિંડોળા દર્શન






પ.પૂ.મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ચાલી રહેલા ભવ્ય નિર્માણ કાર્યની તસ્વીર

Registered under RNI - No - GUJ GUJ/ 2007 / 20221Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08
Licenced to Post Without Prepayment No. AM-019 valid upto 31/05/2008






અહીં જે દેખાય છે - દર્શન થાય છે તે પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી દ્વારા પોતાના કેમેરામાં કંડારેલી તસવીર શ્રી નરનારાયણદેવ પીઠના ૮ માં ભાવિ પીઠાધિશ્વર પોતાના "દાદા" અને આપણા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી નરનારાયણદેવ અને રંગમહોલ અને અક્ષર મહોલના ઘનશ્યામ મહારાજ આદિ સ્વરૂપો માટે એક દિવસ પણ ભૂલ્યા વગર (અરે ! ક્યારેક તો ટ્યુશનનો સમય થઈ ગયો હોય તો પહેલા હાર પછી ટ્યુશન) પાર્ષદો સાથે સ્વા.બાગના બગીચામાં જાતે ચમેલી, જૂઈ, મોગરો વગેરે ફૂલો વીણીને જે આપણા જેવા માટે ખૂબજ અઘરૂ છે તેવા નાજુક ફુલો સોય-દોરા વડે સુંદર કલાત્મક, અલૌકિક હાર પોતાના સેવકો સાથે બનાવતા અલૌકિક અને દિવ્ય દર્શન. (આ પ્રવૃતિ છેલ્લા ઘણા સમયથી ચાલુ છે).



પરમ પૂજ્ય ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીના ૧૦ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે પૂજ્યનીય સંતો સમૂહ આરતી ઉતારતા.



સીડની (ઓસ્ટ્રેલીયા) આપણા મંદિર દર્શનાર્થે આયોજીત પદયાત્રા.